દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 285 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 December 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૩ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગુજરાતી ટ્રાવેલ માર્કેટ માં હરહંમેશ કંઇક અલગ અને વિશેષ એવા સર્વ થી અલગ "ફોરમ વિરલ શાહ" દ્વારા સંચાલિત રાજસ્થાની મહારાજ સાથે ની ગ્રુપ ટુરો...

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

100% PURE VEG & JAIN FOOD

મોટાભાઇ.. ગુજરાતી, કચ્છી, રાજસ્થાની અને જૈન પ્રવાસીઓ ની હરહંમેશ પહેલી પસંદ.. એટલે કે ફોરમ વર્લ્ડવાઇડ હોસ્પિટાલિટી

ONE COUNTRY TWO SEASONS
11 DAYS JAPAN 12 DAYS

TOKYO | HAKONE | NAGOYA | KYOTO | OSAKA
HIROSHIMA | KOBE | NAGANO | TATEYAMA | TOYAMA




## CHERRY BLOSSOM

- વર્લ્ડ ક્લાસ એર લાઇન્સ માં મુસાફરી
- Todaiji Temple અને Nara Deer Park
- PAID CHERRY BLOSSOM SPOTS ની મુલાકાત
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- Osaka Aquarium
- KOBE EARTHQUAKE MUSEUM
- 2 વખત બુલેટ ટ્રેન ની મુસાફરી
- TIPS, VISA, INSURANCE
- ઓસાકા CASTLE (INSIDE)
- MT FUJI - લેવલ 5
- Umeda Sky Tower
- બામ્બુ Forest

| | |
|---|---|
| MAR | 19,21,23,24,25,26,31 |
| APR | 2,5,8,11,16,20,28 |
| MAY | 10,22 |

## ALPINE ROUTE

- START TO END મહારાજ દ્વારા સ્વાદિષ્ટ ભોજન
- 3 વખત બુલેટ ટ્રેન ની મુસાફરી - Alpine Route
- એલ્પાઇન રુટ ની ટુર માં સ્નો મંકી ટુર
- Tokyo Sky Tree (450m) Top Level
- Osaka Aquarium
- શિંજુકુ ગાર્ડન
- ઓસાકા CASTLE
- Imperial Palace
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- 3D Team Labs
- શિરાકાવા-ગો Village
- SNOW MONKEY



ONLY TRAVEL COMPANY PIONEER FOR KITCHEN CARAVAN SERVICES SINCE 2019

11N 12D




LONDON | LIVERPOOL | DUBLIN | BIRMINGHAM
BELFAST | EDINBURGH | OXFORD | GLASGOW | MANCHESTER

- CASTLE સ્ટે માં મુકામ (ONLY WITH FORAM WORLDWIDE)
- સ્કોટલેન્ડ ના પ્રખ્યાત WHISKEY MUSEUM ની મુલાકાત
- વર્લ્ડ હેરિટેજ સાઇટ GAINT CAUSEWAY - આયર્લેન્ડ ની મુલાકાત
- ડાર્ક હેજિસ - OLDEST BIRCH TREES OF IRELAND
- EDINGBURGH CASTLE ની ઐતિહાસીક ગાઇડેડ ટુર
- TOWER OF LONDON (કોહીનુર ડાયમંડ સાથે) ગાઇડેડ ટુર
- MANCHESTER સ્ટેડિયમ ની ગાઇડેડ ટુર
- વિશ્વ વિખ્યાત OXFORD UNIVERSITY ની ગાઇડેડ ટુર
- વર્લ્ડ ફેમસ CADBURY WORLD BIRMINGHAM ની મુલાકાત
- TITANIC MUSEUM ની મુલાકાત
- WINDSOR CASTLE ની મુલાકાત (ROYAL'S FAMILY 2ND HOME)
- STRATFORD UPON AVON - શેક્સપિયર BIRTH PLACE

યાદગાર ટુરો સાથે સાથે , લાભ લ્યો, ફોરમ વર્લ્ડવાઇડ ની મેગા ઓફર નો..
બુક કરાવો તમારા 2026 ના પ્રવાસો, અમારા 2025 ના જુના ભાવે..

| EUROPE HOLIDAYS | | WORLDWIDE HOLIDAYS | |
|---|---|---|---|
| Grand Europe | 17 DAYS | America | 22 DAYS |
| Glimpse Europe | 13 DAYS | Canada | 12 DAYS |
| Charm Europe | 10 DAYS | Egypt | 10 DAYS |
| Essense of Italy | 10 DAYS | South Africa | 12 DAYS |
| Scandinavia - Lofoten | 15 DAYS | Kenya | 07 DAYS |
| Iceland | 10 DAYS | Australia | 11 DAYS |
| Arctic | 12 DAYS | New Zealand | 13 DAYS |
| Greece | 08 DAYS | Dubai | 07 DAYS |
| Spain Portugal | 15 DAYS | Vietnam | 10 DAYS |
| E. Europe Croatia | 16 DAYS | Far East | 09 DAYS |
| | | South America | 16 DAYS |
| | | South Korea | 10 DAYS |
| | | Turkey | 12 DAYS |

100% HYGENIC
KITCHEN CARAVAN
SINCE 18 YEARS

OUR EXCLUSIVE INCLUSIONS

મોટાભાઇ.... વિશ્વના દરિયા થી પહાડો સુધી, હરહંમેશ સાથે છે ફોરમ વર્લ્ડવાઇડ હોસ્પિટાલિટી

FORAM 9324366095 | JAY 9167008678 | BHAKTI 9321236935
DINESH 8591728602 | DHRUV 8169369686 | DIVYA 9833998338

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON
OTHER OFFICES AHMEDABAD | SURAT | RAJKOT | PUNE | USA | UAE

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 285 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 December 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૩ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મોબાઈલની ‘સંચાર સાથી’ ઍપ મરજિયાતઃ સરકાર

નવી દિલ્હીઃ સરકારે મંગળવારે સ્પષ્ટતા કરી હતી કે મોબાઇલ ફોનમાં ‘સંચાર સાથી’ ઍપ ઇન્સ્ટોલ કરવી ફરજિયાત નથી. તેને ડિલિટ પણ કરી શકાશે.

અગાઉ, ટેલિકોમ્યુનિકેશન વિભાગે ૨૮ નવેમ્બરના રોજ એક નિર્દેશ જાહેર કર્યો હતો કે હવેથી તમામ સ્માર્ટફોનમાં ‘સંચાર સાથી’ ઍપ પ્રી-ઈન્સ્ટોલેશન જરૂર રહેશે એટલે કે તમામ મોબાઈલ કંપનીઓએ પોતાના તમામ સ્માર્ટફોનમાં ‘સંચાર સાથી’ ઍપ ફરજિયાત રાખવી પડશે.

કંપનીઓને આ નિયમ લાગુ કરવા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

વિપક્ષ તેને ‘‘સર્વેલન્સ ઍપ’’ ગણાવીને વિરોધ કરી રહ્યું છે, પરંતુ હવે કેન્દ્રીય દૂરસંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ બાબતે એક સ્પષ્ટતા કરી હતી. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ‘સંચાર સાથી’ ઍપ પર ચાલી રહેલી ચર્ચા અંગે વિપક્ષની ટીકાઓને સખત શબ્દોમાં નકારી કાઢી હતી.

મંત્રીએ કહ્યું હતું કે જ્યારે વિપક્ષ પાસે નક્કર મુદ્દાઓનો અભાવ હોય છે ત્યારે તેઓ બળજબરીથી વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સરકારનો પ્રાથમિક ઉદ્દેશ્ય ગ્રાહક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

સિંધિયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૦ કરોડથી વધુ લોકો ‘સંચાર સાથી’ પોર્ટલનો ઉપયોગ કરી ચૂક્યા છે અને આ એપ્લિકેશન ૧૫ કરોડથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવી છે. સિંધિયાના જણાવ્યા મુજબ, આ (જુઓ પાનું ૨) ▶▶

## મોબાઈલ ઍપથી સરકાર જાસૂસી કરશેઃ વિપક્ષ

નવી દિલ્હીઃ વિપક્ષે મોબાઇલ ઍપ ‘સંચાર સાથી’થી સરકાર જાસૂસી કરવા માગતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન વિભાગના નવા ‘‘સંચાર સાથી ઍપ‘‘ અંગેના આદેશથી દેશમાં એક મોટો રાજકીય વિવાદ ઉભો થયો છે.

શરૂઆતમાં આ નવા આદેશ હેઠળ ભારતમાં ઉત્પાદિત અથવા આયાત કરાયેલા તમામ નવા મોબાઇલ હેન્ડસેટ પર આ ઍપને પ્રી-ઇન્સ્ટોલ કરવી ફરજિયાત કરવામાં આવી હતી.

વિપક્ષે તેને નાગરિકોના પ્રાઈવેસીના મૂળભૂત અધિકાર પર સીધો હુમલો ગણાવ્યો છે. સરકાર દ્વારા આ ઍપની મદદથી જાસૂસી કરશે એવો ભય વ્યક્ત કરાયો હતો.

કૉંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે આ આદેશની આકરી ટીકા કરી હતી અને તેને ‘‘ભારતીય નાગરિકોના બંધારણીય અધિકારો પર ચાલી રહેલા હુમલાઓની લાંબી સિરીઝનો ભાગ’’ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તેને ચાલુ રાખવા દેવામાં આવશે નહીં.

વેણુગોપાલે ‘એક્સ’ પર લખ્યું હતું કે, ‘‘એક પ્રી-લોડેડ સરકારી ઍપ જેને અનઇન્સ્ટોલ કરી શકાતી નથી તે દરેક ભારતીય પર નજર રાખવા માટે એક સરમુખત્યારશાહી સાધન છે. તે દરેક નાગરિકની દરેક પ્રવૃત્તિ, વાતચીત અને નિર્ણય પર નજર રાખવાનું એક માધ્યમ છે.’’ તેમણે કેન્દ્ર સરકારને ‘સંચાર સાથી’ ઍપના આદેશને પાછો ખેંચવાની માગ કરતા કહ્યું હતું કે, ‘‘બિગ બ્રધર આપણને જોઈ શકતા નથી. આ નિર્દેશ સંપૂર્ણપણે ગેરબંધારણીય છે.’’

પાર્ટીના અન્ય એક વરિષ્ઠ નેતા કાર્તિ ચિદમ્બરમે આ પ્રી-ઇન્સ્ટોલ કરેલ ઍપને ‘‘પેગાસસ પ્લસ પ્લસ’’ ગણાવી હતી. ચિદમ્બરમે કહ્યું કે આ ઍપની મદદથી ‘‘બિગ બ્રધર આપણા ફોન અને મોટાભાગે આપણા (જુઓ પાનું ૨) ▶▶

## ‘ફોન ચોરી થવાનો કે ફ્રોડ થવાનો ડર નહીં રહે’

નવી દિલ્હીઃ સરકારે દાવો કર્યો હતો કે મોબાઇલ ફોનમાં ‘સંચાર સાથી’ ઍપ ઇન્સ્ટોલ કરવાથી ફોન ચોરાવાનો કે તેના દ્વારા છેતરપિંડી થવાનો ભય નહીં રહે. આજે દરેક વ્યક્તિ પાસે સ્માર્ટફોન છે અને બેન્કિંગથી લઈને યુપીઆઈ, સોશ્યલ મીડિયા, પર્સનલ ફોટા વગેરે બધું જ તે ફોનમાં હોય છે. આવી સ્થિતિમાં સૌથી મોટો ડર ફોન ચોરી થવો, ગુમ થઈ જવો અથવા ફ્રોડ કોલનો શિકાર થવો. આ જ કારણ છે કે ટેલિકોમ્યુનિકેશન વિભાગે સોમવારે આદેશ આપ્યો હતો કે ભારતમાં વેચાતા દરેક નવા મોબાઇલ ફોનમાં હવે ‘સંચાર સાથી’ એપ પહેલાથી ઇન્સ્ટોલ કરેલી હોવી જરૂરી છે. આ એપ સીધી રીતે સરકારની સિક્યોરિટી સિસ્ટમ સાથે જોડાયેલી છે અને ફોન ચોરી, નકલી સિમ અને ફ્રોડ કોલ્સને રોકવામાં તમારું સૌથી મોટું હથિયાર બની ગઈ છે.

સરકારના સોમવારના આદેશ અનુસાર ભારતમાં ઉત્પાદિત ફોન કે આયાત કરાયેલ ફોનમાં ‘સંચાર સાથી’ એપ નવા ફોનમાં પહેલાથી ઇન્સ્ટોલ કરેલી હશે. જેમ જેમ તમે તમારો ફોન પહેલી વાર ચાલુ કરશો અથવા સેટ કરશો, તેમ તેમ આ એપ સ્ક્રીન પર દેખાશે. જૂના સ્માર્ટફોન યુઝર્સને ચિંતા કરવાની જરૂર નથી. કંપનીઓ આ એપને તમારા જૂના ફોન પર સોફ્ટવેર અપડેટ મારફતે મોકલશે. આનો અર્થ એ છે કે દરેક ફોન યુઝરને આ સિક્યોરિટી (જુઓ પાનું ૨) ▶▶

# ડૉલર સામે રૂપિયો ૯૦ના તળિયે સ્પર્શીને પાછો ફર્યોઃ ૪૩ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી ઉપરાંત સટ્ટોડિયાઓ દ્વારા વેચાણ કપાયા હોવાથી ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૪૭ પૈસાના કડાકા સાથે ૯૦ના નવાં તળિયે પહોંચ્યા બાદ ધીમો સુધારો આવતા સત્રના અંતે ગઈકાલના બંધ સામે ૪૩ પૈસાના કડાકા સાથે ૮૯.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહ્યાના નિર્દેશો અને અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાને કારણે પણ રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૫૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૭૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી ૯૦ની સપાટીને સ્પર્શ્યા બાદ ઉપરમાં ખૂલતી જ ૮૯.૭૦ની સપાટી દાખવીને અંતે ગઈકાલના બંધ સામે ૪૩ પૈસા ખાબકીને ૮૯.૯૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો આઠ (જુઓ પાનું ૨) ▶▶

## ૮૦૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ

# જામનગરના ઉદ્યોગપતિ જયદીપ વિરાણીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ દિવસ દરમ્યાન સીબીઆઇ, ઇન્કમટેક્સ, ઇડી બાદ હવે ડાયરેક્ટર જનરલ ઓફ જીએસટી ઇન્ટેલીજન્ટસ એટલે કે ડીજીજીઆઇએ દરોડા પાડીને અંદાજે રૂ. ૮૦૦ કરોડના મસમોટા બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ તપાસનો રેલો જામનગર સુધી પહોંચતા બોગસ બિલિંગ કૌભાંડ આચરનાર બ્રાસપાર્ટના જાણીતા ઉદ્યોગપતિ જયદીપ મુકેશભાઈ વિરાણીની ધરપકડ કરવામાં આવતા સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

ડીજીજીઆઇની તપાસમાં બહાર આવ્યું હતું કે જામનગરની ‘પટેલ મેટલ કાસ્ટ એલએલપી’ ના ભાગીદાર જયદીપ મુકેશભાઈ વિરાણી આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પૈકીના એક છે. તેમણે આર્થિક ફાયદો મેળવવા માટે ૪૦ જેટલી બોગસ પેઢીઓ ઊભી કરી હતી. તપાસમાં ચોંકાવનારી વિગત એ ખૂલી છે કે, વાસ્તવિક રીતે માત્ર ૨૨ કરોડનો વ્યવહાર હોવા છતાં, તેમણે ૧૨૧ કરોડના બોગસ બિલો બનાવીને સરકારી તિજોરીને મોટો ચૂનો ચોપડ્યો છે. અધિકારીઓએ તેમના કબજામાંથી ચેકબુક, દસ્તાવેજો, મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જીએસટી વિભાગના ડિરેક્ટોરેટ જનરલ (જુઓ પાનું ૨) ▶▶

# મહારાષ્ટ્રમાં ચૂંટણીની મતગણતરી ૨૧ ડિસેમ્બર સુધી મોકૂફ

## ૨૦મી સુધી એક્ઝિટ પૉલ પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રમાં ચૂંટણીની મતગણતરી ૨૧ ડિસેમ્બર સુધી મોકૂફ રાખવાનો અને ૨૦મી સુધી એક્ઝિટ પૉલ પર પ્રતિબંધ મૂકતો આદેશ આપતાં બૉમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે સ્ટેટ ઈલેક્શન કમિશન (એસઈસી)ને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીની મતગણતરી ૩, ડિસેમ્બરને બદલે ૨૧મી ડિસેમ્બરે કરવાનો મંગળવારે હુકમ કર્યો હતો.

મહારાષ્ટ્રમાં ૨૬૪ નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણી માટેનું મતદાન ચાલી રહ્યું હોવા વચ્ચે હાઈ કોર્ટે આ આદેશ આપ્યો હતો.

દેખીતી રીતે જ અમુક સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી પ્રક્રિયામાં જોવા મળેલી ચોક્કસ પ્રકારની ગેરરીતિને કારણે એસઈસીએ ગયા અઠવાડિયે ૨૪ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીની તારીખ બદલીને ૨૦ ડિસેમ્બર મુકરર કરી હતી. અમુક સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની સમયમર્યાદા સહિત ચૂંટણી પ્રતીક ફાળવવાની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનું જણાઈ આવ્યા બાદ ચૂંટણી પંચે શનિવારે ઉપરોક્ત આદેશ આપ્યો હતો.

ચૂંટણીની તારીખ બદલવાના એસઈસીએ ૨૯ નવેમ્બરે લીધેલા નિર્ણયને પડકારતી અનેક અરજીઓની હાઈ કોર્ટ એક સાથે સુનાવણી કરી રહી હતી.

અરજકર્તાએ દાવો કર્યો હતો કે ચૂંટણી પંચનો આદેશ તમામ ઉમેદવારોને મુક્ત, ન્યાયી અને સમાન તક આપતા (જુઓ પાનું ૨) ▶▶

# સૂર્યવંશીની રેકૉર્ડ-બ્રેક સેન્ચુરીને પૃથ્વી શૉએ ઝાંખી પાડી, મહારાષ્ટ્રને જિતાડ્યું





કોલકાતાઃ અહીં મંગળવારનો દિવસ ૧૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી (૧૦૮ અણનમ, ૬૧ બૉલ, સાત સિક્સર, સાત ફોર) માટે યાદગાર બની જ રહ્યો હતો ત્યાં પૃથ્વી શૉ (૬૬ રન, ૩૦ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)ની આતશબાજીએ વૈભવની બાજી બગાડી નાખી હતી. વૈભવે બિહાર વતી જે ફટકાબાજી કરી એને પૃથ્વીએ ઝાંખી પાડી હતી અને મહારાષ્ટ્રને બિહાર સામે રોમાંચક વિજય અપાવ્યો હતો.

વૈભવની રેકૉર્ડ-બ્રેક ઇનિંગ્સ પાણીમાં

બન્યું એવું કે મંગળવારે ઈડન ગાર્ડન્સમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (એસએમએટી)માં વૈભવે ટીનેજર તરીકે ટી-૨૦માં ત્રણ સેન્ચુરીનો વિશ્વવિક્રમ કર્યો હતો. વિશ્વનો બીજો કોઈ પણ ખેલાડી ટીનેજ વયમાં ત્રણ ટી-૨૦ સેન્ચુરી નથી ફટકારી શક્યો. બીજું, ૧૪ વર્ષનો વૈભવ એસએમએટીનો યંગેસ્ટ સેન્ચુરિયન બન્યો છે. ત્રીજું, તેણે ૬૧ બૉલમાં સદી ફટકારી હતી જે તેની સૌથી ધીમી સદી હતી. વૈભવે ત્રણ ટી-૨૦ સેન્ચુરી ત્રણ અલગ ટીમ વતી ફટકારી છે. તેણે આ વર્ષની શરૂઆતમાં આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સ વતી ૩૫ બૉલમાં સદી ફટકારી હતી. ગયા મહિને તેણે દોહામાં રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ટૂર્નામેન્ટમાં ઇન્ડિયા-એ વતી ૪૨ બૉલમાં ૧૪૪ રન કર્યા હતા અને મંગળવારે કોલકાતામાં મહારાષ્ટ્ર સામે ૬૧ બૉલમાં અણનમ ૧૦૮ રન કર્યા હતા.

વૈભવને રાજસ્થાન રૉયલ્સે ૨૦૨૫ની આઇપીએલમાં ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને તેને ૨૦૨૬ની આઇપીએલ માટે એ જ પ્રાઇસ-મની સાથે ટીમમાં જાળવી રાખ્યો છે.

મહારાષ્ટ્રનો પાંચ બૉલ બાકી રાખીને વિજય

જોકે વૈભવના ૧૦૮ રનની મદદથી બિહારે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે જે ૧૭૬ રન કર્યા એના જવાબમાં મહારાષ્ટ્રએ ૧૯.૧ ઓવરમાં ૭/૧૮૨ના સ્કોર સાથે ત્રણ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો. ટૂંકમાં, બિહારની ટીમ વતી જે આઠ સિક્સર અને ૧૩ ફોર ફટકારવામાં આવી હતી એ આતશબાજીને પૃથ્વી શૉએ મહારાષ્ટ્રને વિજય અપાવવાની સાથે ઝાંખી પાડી દીધી હતી. મહારાષ્ટ્રને વિકી ઓસ્તવાલ (ત્રણ અણનમ) અને જલજ સક્સેના (આઠ અણનમ)ની (જુઓ પાનું ૨) ▶▶

# દેશમાં ૨૦૨૬ એપ્રિલથી બે તબક્કામાં વસતિગણતરી

નવી દિલ્હીઃ વસતિગણતરી ૨૦૨૭ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ અને બીજા તબક્કામાં ફેબ્રુઆરી ૨૦૨૭માં વસતિગણતરી કરવામાં આવશે એવી માહિતી મંગળવારે લોકસભામાં આપવામાં આવી હતી.

કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કરેલા પ્રશ્નને મામલે વસતિગણતરીની કવાયતની વિગતો આપતા રાજ્યકક્ષાના ગૃહ ખાતાના પ્રધાન નિત્યાનંદ રાયે કહ્યું હતું કે આ કામ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ હાથ ધરવામાં આવશે અને ત્યાર બાદ બીજા તબક્કામાં પોપ્યુલેશન ઈનમરેશન (વસતિગણતરી) કરવામાં આવશે.

એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬નો પ્રથમ તબક્કો રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સગવડ પ્રમાણે ૩૦ દિવસમાં હાથ ધરવામાં આવશે.

બીજા તબક્કામાં કેન્દ્રશાસિત પ્રદેશ લદાખ, જમ્મુ-કાશ્મીર તેમ જ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યને બાદ કરતાં અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેબ્રુઆરી ૨૦૨૭માં વસતિગણતરી કરવામાં આવશે.

કેન્દ્રશાસિત પ્રદેશ લદાખ, જમ્મુ-કાશ્મીર તેમ જ (જુઓ પાનું ૨) ▶▶

# વડા પ્રધાનની ઑફિસનું સંકુલ ‘સેવા તીર્થ’ તરીકે ઓળખાશે

નવી દિલ્હી : પ્રાઈમ મિનિસ્ટર્સ ઑફિસ (વડા પ્રધાનની કચેરી, પીએમઓ) સમાવતું નવું સંકુલ ‘સેવા તીર્થ’ તરીકે ઓળખાશે, એવી માહિતી અધિકારીઓએ મંગળવારે આપી હતી. સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ નવું સંકુલ પૂરું થવાના આરે છે. આ સંકુલ ‘એક્ઝિક્યુટિવ એનક્લેવ’ તરીકે ઓળખાતું હતું.

આ સંકુલમાં પીએમઓ ઉપરાંત, કેબિનેટ સેક્રેટરિયેટ, નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ સેક્રેટરિયેટ અને ભારતની મુલાકાતે આવનાર વિદેશી મહાનુભાવો સાથેની ઉચ્ચ સ્તરીય વાતચીતનું સ્થળ ઈન્ડિયા હાઉસનો સમાવેશ થાય છે. અધિકારી માહિતી આપે છે કે ‘સેવા તીર્થ’ એવું વર્કપ્લેસ હશે જ્યાં સેવાનો જુસ્સો હશે અને રાષ્ટ્રીય અગ્રતાક્મો આકાર લેશે. ભારતની જાહેર સંસ્થાઓ શાંત કાયાપલટ કરી રહી છે અધિકારી વધુમાં કહે છે કે વહીવટની વિભાવના હવે સત્તાથી સેવા તરફ અને અધિકારથી જવાબદારી તરફ ખસી રહ્યો છે.

રાજ્યોના રાજ્યપાલોના નિવાસસ્થાન રાજભવન તરીકે ઓળખાતા, પરંતુ હવે લોકભવન તરીકે ઓળખાશે. સરકારે હાલમાં રાજપથને કર્તવ્ય પથનું નામ આપ્યું હતું. (એજન્સી) ■

# લોકસભામાં ‘વંદે માતરમ્’ અંગે સોમવારે ચર્ચા

## મતદારયાદી સુધારણાનો મુદ્દો મંગળવારે ચર્ચાશે

નવી દિલ્હીઃ રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ અંગે લોકસભામાં સોમવારે અને મતદારયાદીમાં સુધારણાના મુદ્દે મંગળવારે ચર્ચા કરવામાં આવશે, એમ સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ કહ્યું હતું.

લોકસભાના સ્પીકર ઓમ બિરલાના અધ્યક્ષપદ હેઠળ યોજાયેલી સર્વપક્ષીય અને બિઝનેસ એડવાઈઝરી કમિટી (બીએસી)ની બેઠક બાદ લેવામાં આવેલો આ નિર્ણય મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને મુદ્દે સંસદના બંને ગૃહમાં સર્જાયેલી મડાગાંઠના ઉકેલનો સંકેત આપે છે. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં કિરણ રિજિજુએ લખ્યું હતું કે લોકસભાના સ્પીકર ઓમ બિરલાના અધ્યક્ષપદ હેઠળ યોજાયેલી સર્વપક્ષીય બેઠક દરમિયાન રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ અંગે લોકસભામાં ૮, ડિસેમ્બરે એટલે કે સોમવારે અને મતદારયાદીમાં સુધારણાના મુદ્દે ૯, ડિસેમ્બરે એટલે કે મંગળવારે ચર્ચા કરવાનો (જુઓ પાનું ૨) ▶▶

# દેશમાં દર ૮૧૧ વ્યક્તિએ એક ડૉક્ટર

નવી દિલ્હીઃ દેશમાં ડોક્ટર-વસ્તી રેશિયો ૧:૮૧૧ છે, સરકારે મંગળવારે સંસદને એવી માહિતી આપી હતી.

રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં ૧૩,૮૮,૧૮૫ રજિસ્ટર્ડ એલોપેથિક ડોક્ટરો છે અને આયુષ દવા પ્રણાલીમાં ૭,૫૧,૭૬૮ રજિસ્ટર્ડ પ્રેક્ટિશનરો છે.

‘‘એલોપેથિક અને આયુષ બંને પ્રણાલીઓમાં ૮૦ ટકા રજિસ્ટર્ડ પ્રેક્ટિશનરો ઉપલબ્ધ છે એમ ધારીને, દેશમાં ડોક્ટર-વસ્તી રેશિયો ૧:૮૧૧ હોવાનો અંદાજ છે,’’ એમ તેમણે ઉમેર્યું હતું.

નડ્ડાએ ગૃહને વધુમાં માહિતી આપી હતી કે દેશમાં મેડિકલ કૉલેજો, અંડરગ્રેજ્યુએટ (યુજી) અને પોસ્ટ-ગ્રેજ્યુએટ (જુઓ પાનું ૨) ▶▶

# બ્રહ્મોસ હવે પાકિસ્તાનના દરેક ખૂણે પ્રહાર કરવા સક્ષમ

નવી દિલ્હીઃ ભારતીય સેનાએ ૮૦૦+ કિમીની રેન્જ ધરાવતી નવી બ્રહ્મોસ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ બ્રહ્મોસ મિસાઇલનું નવું કોમ્બેટ લોંગ વર્ઝન પાકિસ્તાનના દરેક ખૂણે પ્રહાર કરવા સક્ષમ છે.

બેટલ રેડી ભારતની આ હલકી, ઝડપી અને ઘાતક મિસાઇલ જમીન, સમુદ્ર અને હવામાંથી પ્રહાર કરી શકે છે. ઓપરેશન સિંદૂરમાં દુશ્મનના ૧૧ એરબેઝનો નાશ કરનાર બ્રહ્મોસ હવે ભારતનું સૌથી શક્તિશાળી બળ બની ગયું છે. ભારતીય સેનાના દક્ષિણ કમાન્ડે ૧ ડિસેમ્બરના રોજ બંગાળની ખાડીમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલનું સફળ પ્રક્ષેપણ કર્યું હતું. આ પ્રક્ષેપણ ફક્ત એક પરીક્ષણ નહોતું, પરંતુ યુદ્ધ જેવી પરિસ્થિતિમાં મિસાઇલની ક્ષમતાઓ દર્શાવવાની (જુઓ પાનું ૨) ▶▶

# વૈષ્ણોદેવીના યાત્રાળુઓની સંખ્યામાં મોટો ઘટાડો

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : વિશ્વપ્રસિદ્ધ તીર્થસ્થાન વૈષ્ણોદેવીની યાત્રાને આ વર્ષે અનેક કારણસર નુકસાન પહોંચ્યું. આ વર્ષે કોઈ નવા રેકોર્ડ કે યાત્રાળુની સંખ્યા એક કરોડને આંબી જાય એવી સંભાવના તો નથી જ. હવે યાત્રામાં માંડ એક જ મહિનો બચ્યો છે અને ડિસેમ્બરમાં શ્રદ્ધાળુની સંખ્યા સામાન્ય રીતે ઓછી છે. આંકડા દર્શાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં શ્રદ્ધાળુની (જુઓ પાનું ૨) ▶▶

# નેવીને જલદી મળશે ત્રીજી સ્વદેશી ન્યૂક્લિયર બેલિસ્ટિક સબમરીન

નવી દિલ્હી : ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠીએ મંગળવારે જણાવ્યું હતું કે ભારત ટૂંક સમયમાં તેની ત્રીજી સ્વદેશી ન્યૂક્લિયર બેલિસ્ટિક સબમરીન આઈએનએસ અરિદમનને નૌકાદળમાં સામેલ કરશે. આઈએનએસ અરિદમન નેવીમાં સામેલ થયા પછી ભારત પાસે પહેલીવાર સમુદ્રમાં ત્રણ ઓપરેશનલ બેલિસ્ટિક મિસાઇલ સબમરીન હશે.

દિનેશ કે ત્રિપાઠીએ મંગળવારે કહ્યું હતું કે ત્રીજી સ્વદેશી ન્યૂક્લિયર સબમરીન ‘અરિદમન’ ટૂંક સમયમાં બેડામાં સામેલ થશે અને નેવી પોતાની શક્તિને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. નેવી ડેએ અગાઉ એક પત્રકાર પરિષદને સંબોધતા એડમિરલ ત્રિપાઠીએ કહ્યું હતું કે પ્રોજેક્ટ ૭૫ ઇન્ડિયા હેઠળ છ સ્ટીલ્થ સબમરીનના પ્રસ્તાવિત (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘સંચાર સાથી’ ફરજિયાત, કંસાર કરવા જતાં થૂલી થઈ ગઈ

**નવા** તમામ મોબાઇલ ફોનમાં ‘સંચાર સાથી’ પહેલાંથી ઈન્સ્ટોલ કરવાના કેન્દ્ર સરકારના આદેશ સામે એક તરફ વિપક્ષોએ બાંયો ચડાવી છે તો બીજી તરફ મોબાઈલ ફોન બનાવતી કંપનીઓમાં પણ કચવાટ છે. તેમાં પણ એપલે તો સીધી બાંયો ચડાવીને સરકારનો આ આદેશ માનવાનો ઈન્કાર જ કરી દીધો છે. બીજી મોબાઈલ ફોન કંપનીઓ પણ આ જ વલણ અપનાવે એવી પૂરી શક્યતા છે તેથી ભારે સંઘર્ષ નક્કી છે.

આ વિરોધના પગલે મોદી સરકાર ઢીલી પડી ગઈ છે પણ પડ્યા પછીય ટંગડી ઊંચી રાખવા આદેશ પાછો નથી લીધો. તેના બદલે એવી ગોળગોળ વાત કરી છે કે, આ એપ રાખવી ફરજિયાત નથી પણ ફોનમાંથી એપ અનઈન્સ્ટોલ કરી શકાશે. મતલબ કે, મોબાઈલ કંપનીઓએ તો ‘સંચાર સાથી’ એપ નાંખીને જ ફોન વેચવા પડશે પણ ગ્રાહકને પસંદ ના પડે તો એપને ડીલીટ કરી શકે છે. મોબાઈલ ફોન કંપનીઓ આ વાત માનવા તૈયાર નથી તેથી આ મુદ્દે સંઘર્ષ થવાનાં એંધાણ છે.

કેન્દ્ર સરકારે ૧ ડિસેમ્બરે સ્માર્ટફોન કંપનીઓને આદેશ આપ્યો હતો કે, હવે પછી તમામ સ્માર્ટફોન કંપનીઓએ પોતાના ફોનમાં કેન્દ્ર સરકારની સાયબર સેફ્ટી એપ ’સંચાર સાથી’ પહેલાંથી ઇન્સ્ટોલ કરીને જ ફોન વેચવા પડશે. જૂના ફોનમાં સોફ્ટવેર અપડેટ દ્વારા આ એપ ઇન્સ્ટોલ કરાવવાનો પણ કંપનીઓને આદેશ અપાયો હતો. કેન્દ્ર સરકારનું કહેવું હતું કે, સાયબર ફ્રોડ, નકલી આઇએમઇઆઇ નંબર અને ફોનની ચોરીને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. સંચાર સાથી એપ કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલું સાયબર સિક્યોરિટી એપ છે અને લગભગ વરસ પહેલાં એટલે કે ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લોન્ચ કરાઈ હતી. સંચાર સાથી એપ દ્વારા અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ પાછા મળી ચૂક્યા છે એવો સરકારનો દાવો છે.

આ એપને મળેલી જોરદાર સફળતાના કારણે સરકારે બધા ફોનમાં એપ ઈન્સ્ટોલ કરવાનું નક્કી કરી નાખ્યું પણ વિપક્ષોનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી સરકાર લોકોની જાસૂસી કરવા માટે ‘સંચાર સાથી’નું તૂત ઊભું કરી રહી છે. લોકોને મદદ કરવાની આડમાં ભાજપ લોકોની વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે અને પેગાસસ જાસૂસી કાંડનો બીજો અધ્યાય માંડી રહી છે. ‘સંચાર સાથી’ નાંખીને સરકાર લોકોની પ્રાઈવસી પર સીધો હુમલો કરી રહી છે કેમ કે આ એપ દ્વારા લોકોની રજેરજ માહિતી સરકાર પાસે પહોંચી જશે. ‘સંચાર સાથી’ના માધ્યમથી લોકોની બેંકિંગથી માંડીને બેડરૂમ સુધીની બધી એક્ટિવિટી પર સરકાર નજર રાખશે ને તેનો ઉપયોગ લોકોને સાણસામાં લેવા માટે કરાશે એવો વિપક્ષોનો આક્ષેપ છે.

મોબાઈલ કંપનીઓને વાંધો એ છે કે, પહેલાંથી બનાવી રાખેલા મોબાઈલ ફોનમાં હવે એપ ઈન્સ્ટોલ કરવી પડે એ ના પરવડે. સરકારે તેમને ૯૦ દિવસનો સમય આપ્યો છે પણ જે ફોન બજારમાં પહેલાં જ મોકલાઈ ગયા છે એ ફોનમાં એપ ઈન્સ્ટોલ ના કરી શકાય. આ કંઈ શાકભાજી બનાવવાની નથી કે, ઈચ્છા થઈ એટલે બજારમાં શાક લઈ આવ્યા ને સમારીને પછી વઘારી દીધું એટલે બધું તૈયાર. ફોનમાં એપ ઈન્સ્ટોલ કરવા માટે પહેલાંથી તેની સ્પેસ સહિતની વ્યવસ્થા કરવી પડે. કંપનીઓને એ વાંધો પણ છે કે, પહેલાં સરકારે એવો આદેશ આપેલો કે, આ એપ કદી અનઈન્સ્ટોલ નહીં થાય. આ તો હોહા થઈ પછી ટેલીકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગુલાંટ લગાવી દીધી, બાકી પહેલાં તો સરકાર કંપનીઓને ફરજ પાડવાના મૂડમાં જ નહોતી.

એપલને એ પણ વાંધો છે કે, કંપનીની આંતરિક પૉલિસી કોઈપણ સરકારી કે થર્ડ-પાર્ટી એપને ફોનના વેચાણ પહેલાં પ્રી-ઇન્સ્ટોલ કરવાની મંજૂરી આપતી નથી. પૉલિસી કંઈ ધર્મગ્રંથ નથી કે તેને બદલી જ ના શકાય પણ એપલને ખબર છે કે, ભારત સરકારને તેની ગરજ છે તેથી એ પણ અક્કડ વલણ અપનાવી રહી છે. એપલનું વલણ આ પ્રકારનું જ છે ને અગાઉ પણ એપલનો એન્ટી-સ્પામ એપ મુદ્દે સરકાર સાથે ટકરાવ થયો જ હતો. એપલ દુનિયાભારમાં પોતાની શરતે કામ કરે છે અને ભારતમાં ઝૂકી જાય તો તેની આબરૂ જાય તેથી પણ એપલ અક્કડ છે.

કેન્દ્ર સરકારનું કહેવું છે કે, વિપક્ષો પાણીમાંથી પોરા કાઢીને ખોટો વિરોધ કરી રહ્યા છે અને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. અત્યારે નકલી ઈન્ટરનેશનલ મોબઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી આઇએમઇઆઇ નંબરથી થતા કૌભાંડોનો રાફડો ફાટ્યો છે અને નેટવર્કના દુરુપયોગની થોકબંધ ફરિયાદો આવી રહી છે. તેમને રોકવા માટે આ એપ જરૂરી છે. ભારત વિશ્વનું સૌથી મોટું મોબાઈલ માર્કેટ છે અને ભારતમાં ૧.૨ અબજથી વધુ મોબાઈલ યુઝર્સ છે. મોબાઈલ ફોન ચોરાય ત્યારે તેને ટ્રેક કરવામાં ૧૫ અંકનો યુનિક કોડ એવો આઇએમઇઆઇ નંબર કામ લાગે છે પણ મોબાઈલ ચોરો ડુપ્લિકેટ આઇએમઇઆઇ નંબર ઉભો કરી દે છે.

મોબાઈલ ફોનને ક્લોન કરીને બનાવાયેલા ડુપ્લિકેટ આઇએમઇઆઇ નંબરના કારણે ચોરાયેલા ફોનને ટ્રેક કરી શકાતો નથી. આ મોબાઈલ બ્લેક માર્કેટમાં વેચી દેવાય છે. ઘણા કિસ્સામાં ફોનનો ઉપયોગ કૌભાંડો, અપરાધો, આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે પણ થાય છે. ‘સંચાર સાથી’ આ ચોરાયેલા મોબાઈલ ફોનને ટ્રેસ કરીને તેનો દુરૂપયોગ રોકે છે તેથી દેશની સુરક્ષા માટે પણ આ એપ ફાયદાકારક છે. એપ ફોનમાં હશે તો તેનો આઇએમઇઆઇ ચેક કરીને તરત બ્લોક કરી શકાશે. તેથી તેના દુરૂપયોગની શક્યતાને ધરમૂળથી નાબૂદ કરી દેવાશે. આ એપ પોલીસને ડિવાઇસ ટ્રેસ કરવામાં મદદ કરશે તેથી ગુનાઈત પ્રવૃત્તિઓમાં થતો ચોરાયેલા ફોનનો ઉપયોગ પણ રોકી શકાશે.

સૈદ્ધાંતિક રીતે સરકારની વાત સાચી છે પણ સરકારે કુલડીમાં ગોળ ભાંગીને ખાનગીમાં આદેશ આપ્યો તેમાં કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ થઈ ગયો. સરકારે કંપનીઓને ખુલ્લંખુલ્લા આદેશ આપ્યો હોત તો આટલું મોટું કમઠાણ ના થયું હોત પણ સરકારે કોઈને ખબર ના પડે એ રીતે ફરમાન કર્યું તેમાં લોચો થઈ ગયો. તેના કારણે સરકારની દાનત સામે પણ શંકાઓ થઈ રહી છે અને વિપક્ષોને પણ મોકો મળી ગયો છે. મોદી સરકારનો ટ્રેક રેકોર્ડ પણ આ શંકાને સમર્થન આપે છે કેમ કે ભૂતકાળમાં સરકાર સોશિયલ મીડિયાને નાથવા માટે પણ હવાતિયાં મારી ચૂકી છે. તેના કારણે સરકાર સારું કામ કરવા જાય તો પણ ખોરી દાનત હોય એવું જ લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૩-૧૨-૨૦૨૫, ભરણી કૃત્તિકા દીપમ

- ભારતીય દિનાંક ૧૨, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી સાંજે ક. ૧૭-૫૯ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૩-૧૩ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૪૮, રાત્રે ક. ૨૩-૦૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૦ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – ત્રયોદશી. ભરણી દીપમ દક્ષિણ ભારત.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બુધ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, શિવ આદિ મંદિરોમાં દીપદાન, દીપ પ્રાગટ્ય.
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ ઉગ્ર પ્રકૃતિના, ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવના.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ યુતિ

- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### મોબાઈલની ‘સંચાર સાથી’

પ્લેટફૉર્મનો ઉપયોગ કરીને આશરે ૧.૭૫ કરોડ નકલી મોબાઇલ કનેક્શન બંધ કરવામાં આવ્યા છે. વધુમાં ૨૦ લાખ ચોરાયેલા મોબાઇલ ફોન શોધી કાઢવામાં આવ્યા છે અને ૭,૫૦,૦૦૦થી વધુ મોબાઇલ ફોન તેમના માલિકોને પરત કરવામાં આવ્યા છે.

વિવાદ અંગે મંત્રીએ સ્પષ્ટતા કરી કે ‘સંચાર સાથી’ એપ્લિકેશન કોઈપણ પ્રકારની જાસૂસી અથવા કોલ મોનિટરિંગ કરતી નથી. તેમણે કહ્યું હતું કે, ‘‘આ એપ્લિકેશન સંપૂર્ણપણે વૈકલ્પિક છે. તમે તેને ઈચ્છા મુજબ એક્ટિવ અથવા ડિએક્ટિવેટ કરી શકો છો. જો તમે તે ન ઇચ્છતા હોવ તો તમે તેને અન્ય કોઈપણ એપ્લિકેશનની જેમ ડિલિટ કરી શકો છો. અમારો એકમાત્ર ઉદ્દેશ્ય ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવાનો છે.’’ સિંધિયાના જણાવ્યા મુજબ, એપ્લિકેશન દરેક ગ્રાહક માટે સુલભ છે તેની ખાતરી કરવાની જવાબદારી સરકારની છે, પરંતુ તેને તેમના ફોનમાં રાખવી કે નહીં તે સંપૂર્ણપણે યુઝર્સની પસંદગી પર નિર્ભર છે.

#### ‘સંચાર સાથી’એપ સાયબર સુરક્ષાને કરશે મજબૂત

નવી દિલ્હીઃ દેશમાં વધી રહેલા સાયબર ક્રાઇમ અને મોબાઇલ છેતરપિંડીને રોકવા માટે ટેલિકોમ વિભાગે એક મોટો નિર્ણય લીધો હતો. તમામ સ્માર્ટફોન કંપનીઓને સરકારી માલિકીની ‘સંચાર સાથી’ એપને નવા મોબાઈલ ફોનમાં ફરજિયાત રીતે પ્રી-ઇન્સ્ટોલ કરવાનો નિર્દેશ આપવામાં આપ્યો છે. મંત્રાલયે આ આદેશ લાગુ કરવા માટે કંપનીઓને ૯૦ દિવસનો સમય આપ્યો છે.

‘સંચાર સાથી’ એપ એ જ નામના સરકારી પોર્ટલનું અપગ્રેડેડ વર્ઝન છે જે મે ૨૦૨૩માં લોન્ચ કરવામાં આવ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૪માં લોન્ચ થયેલ આ એપ એન્ડ્રોઇડ અને આઈઓએસ બંને પર ઉપલબ્ધ છે. તેનો પ્રાથમિક હેતુ મોબાઇલ ચોરી, ફ્રોડ કોલ્સ, સાયબર છેતરપિંડી અને ફ્રોડ મેસેજ જેવા મોબાઇલ સંબંધિત ગુનાઓની ઓળખ અને રિપોર્ટ સરળ બનાવવાનો છે.એપ યુઝર્સને ખોવાયેલા અથવા ચોરાયેલા ફોનને તાત્કાલિક બ્લોક કરવાની મંજૂરી આપે છે. ફોનને ટ્રેક કરીને તેને શોધવા માટે કાયદા એજન્સીઓને મદદ કરે છે. ચક્ષુ ફીચરનો ઉપયોગ કરીને ફ્રોડ કોલ્સ, મેસેજ અથવા વોટ્સએપ મેસેજને રિપોર્ટ કરી શકો છો.

#### એપલ આઈફોનમાં ‘સંચાર સાથી’ ઍપ પ્રી-ઈન્સ્ટોલ કરવાનો કર્યો ઈનકાર

નવી દિલ્હીઃ તાજેતરમાં ભારત સરકારે સ્માર્ટફોન કંપનીઓને પોતાના તમામ નવા સ્માર્ટફોનમાં ‘સંચાર સાથી’ એપને અગાઉથી ઇન્સ્ટોલ કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, સ્માર્ટફોન નિર્માતા એપલે ભારત સરકારના નિર્દેશનું પાલન કરવાનો ઇનકાર કર્યો છે. એપલ આ નિર્ણયનો વિરોધ કરશે અને સરકાર સમક્ષ પોતાની ચિંતાઓ રજૂ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે એપલ અને સેમસંગ સરકાર સાથે ‘સંચાર સાથી’ એપ પરના આદેશની ચર્ચા કરશે અને મોબાઈલ ફોનમાં તેને અગાઉથી ઈન્સ્ટોલ કરવાના નિર્દેશ પર અન્ય રસ્તો કાઢવાનો પ્રયાસ કરશે. નોંધનીય છે કે ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પોતાના એક આદેશમાં ટેલિકોમ વિભાગે મોબાઇલના ઉત્પાદકો અને આયાતકારોને નિર્દેશ આપ્યો છે કે તેઓ ખાતરી કરે કે સંચાર સાથી એપ તમામ નવા ડિવાઈસમાં પ્રી-ઇન્સ્ટોલ કરવામાં આવે અને હાલના હેન્ડસેટ પર સોફ્ટવેર અપડેટથી ઇન્સ્ટોલ કરવામાં આવે. ઈન્ડસ્ટ્રીઝના એક સૂત્રએ પીટીઆઈને કહ્યું હતું કે ‘‘એપલ સંચાર સાથી એપ ઇન્સ્ટોલેશન અંગેના ઓર્ડર અંગે ચર્ચા કરશે.

#### તમામ ફોનમાં ‘સંચાર સાથી’ એપ કેમ ઈચ્છે છે સરકાર, કેવી રીતે કરે છે કામ?

નવી દિલ્હી : ટેલિકોમ્યુનિકેશન વિભાગે મોબાઇલ ઉત્પાદકો અને આયાતકારોને ૯૦ દિવસની અંદર તમામ નવા મોબાઈલમાં ‘‘સંચાર સાથી’’ એપ અગાઉથી ઇન્સ્ટોલ કરી હોવી જોઈએ તેવા નિર્દેશ સોમવારે આપ્યા હતા. આ એપ્લિકેશન આદેશ જાહેર કર્યાની તારીખથી ૯૦ દિવસ પછી ભારતમાં ઉત્પાદિત અથવા આયાત કરાયેલા તમામ મોબાઇલ ફોન પર ફરજિયાત રહેશે. જોકે સરકારે આ મામલે સ્પષ્ટતા કરી હતી કે સંચાર સાથી એપ ફોનમાં રાખવી ફરજિયાત નથી, તેને યુઝર્સ ડિલિટ કરી શકે છે.

ભારતમાં પહેલાથી જ ઉત્પાદન કરવામાં આવેલા અને વેચાણની પ્રક્રિયામાં હોય તેવા તમામ મોબાઈલ ફોન માટે સોફ્ટવેર દ્વારા એપ્લિકેશન ઇન્સ્ટોલ કરવા માટે પગલાં લેવા આવશ્યક છે. નિર્દેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં ઉપયોગમાં લેવાતા મોબાઇલ હેન્ડસેટના તમામ ઉત્પાદકો અને આયાતકારોએ આ નિર્દેશો જાહેર કર્યાના ૧૨૦ દિવસની અંદર ટેલિકોમ્યુનિકેશન વિભાગને આદેશના પાલનનો અહેવાલ રજૂ કરવો આવશ્યક છે.

#### ‘સંચાર સાથી’ એપ કેવી રીતે રોકશે ફ્રોડ? શું જૂના ફોનમાં કરવી પડશે ઈન્સ્ટોલ?

નવી દિલ્હી : ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન વિભાગે એ સોમવારે એક મોટો આદેશ જાહેર કર્યો હતો જેમાં મોબાઇલ ઉત્પાદક કંપનીઓએ કહ્યું હતું કે હવે તમામ નવા સ્માર્ટફોનની અંદર ‘સંચાર સાથી’ એપ અગાઉથી ઇન્સ્ટોલ કરવાની જરૂર છે. વિભાગનું માનવું છે કે આ સરકારનો નિર્ણય સાયબર છેતરપિંડી અટકાવવા, ચોરાયેલા ફોન શોધવા, નકલી સિમ કાર્ડ અટકાવવા અને નકલી આઈએમઈઆઈ નંબરોને રોકવા માટે જરૂરી છે. જૂના સ્માર્ટફોન યુઝર્સને ચિંતા કરવાની જરૂર નથી. કંપનીઓ આ એપને તમારા જૂના ફોન પર સોફ્ટવેર અપડેટ મારફતે મોકલશે. આનો અર્થ એ છે કે દરેક ફોન યુઝરને આ સિક્યોરિટી ટૂલ મળશે.‘સંચાર સાથી’ની અસરકારકતા વધારવા માટે ટેલિકોમ વિભાગે ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ માર્ગદર્શિકા જાહેર કરી હતી. આ આદેશ હેઠળ ભારતમાં ઉત્પાદિત અથવા આયાત કરાયેલા મોબાઇલ હેન્ડસેટના ઉત્પાદકો અને આયાતકારોએ એપ અગાઉથી ઇન્સ્ટોલ કરવી આવશ્યક છે. આ માટે ૯૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

### ‘ફોન ચોરી

ટૂલ મળશે. તે ૨૦૨૩માં વેબ પોર્ટલ તરીકે શરૂ થયું હતું. ત્યારબાદ સંચાર સાથી એપ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લોન્ચ કરવામાં આવી હતી અને ઝડપથી ૫૦ મિલિયનથી વધુ ડાઉનલોડ્સ મેળવ્યા હતા. આજે આ એપ ભારતનું સૌથી વિશ્વસનીય ફોન સિક્યોરિટી ટૂલ બની ગયું છે. તેણે ૭૦૦,૦૦૦થી વધુ ચોરાયેલા અથવા ગુમ થયેલા ફોન રિકવર કર્યા છે અને ૩.૭ મિલિયનથી વધુ ફોન બ્લોક કર્યા છે.

આનો અર્થ એ છે કે ચોરાયેલા ફોનની ઘટનામાં આ એપ લોકોના ડેટા અને પૈસાને સુરક્ષિત રાખવામાં મોખરે છે. ઘણા લોકો તમારા આઈડીનો ઉપયોગ કરીને તમને ખ્યાલ પણ ન આવે તે રીતે નકલી સિમ કાર્ડ મેળવે છે. સંચાર સાથી એપની મદદથી ૩૦ મિલિયનથી વધુ નકલી સિમ કનેક્શન બ્લોક કરવામાં આવ્યા છે. આ યુઝર ઓળખ સુરક્ષા સાથે સીધું સંબંધિત સૌથી મોટું પગલું છે. જ્યારે તમે એપ ખોલો છો, ત્યારે તે તમારા મોબાઇલ નંબર અને ઓટીપીનો ઉપયોગ કરીને તમારા ફોનને ઓળખે છે. ત્યારબાદ એપ તમારા આઈએમઈઆઈને ટેલિકોમ વિભાગની સીઈઆઈઆરની સિસ્ટમ સાથે મેચ કરે છે અને તમને જણાવે છે કે ફોન માન્ય છે, ચોરાયેલો છે કે બ્લેકલિસ્ટેડ છે. સીઈઆઈઆર એક કેન્દ્રીય ડેટાબેઝ છે જ્યાં દેશના દરેક ફોનનો આઈએમઈઆઈ નંબર નોંધાયેલ છે. સંચાર સાથી એપ આ સિસ્ટમ સાથે જોડાયેલ છે તેથી તમારો ફોન હંમેશાં સુરક્ષિત દેખરેખ હેઠળ રહે છે અને કોઈપણ અનિયમિતતા તરત જ શોધી કાઢવામાં આવે છે.

જો તમારો ફોન ચોરાઈ જાય કે ખોવાઈ જાય તો તમે થોડીક સેકન્ડોમાં આ એપમાં વિનંતી સબમિટ કરીને તેને તરત જ બ્લોક કરી શકો છો. આ તમારી બેન્કિંગ એપ્સ, ફોટા, વોટ્સએપ અને યુપીઆઈને સુરક્ષિત રાખે છે. જો કોઈ તમને બેન્ક, કુરિયર કંપની અથવા કેવાયસી અપડેટ હોવાનો ઢોંગ કરીને ફોન કરે છે, તો તમે તે નંબરની સીધી એપમાં જાણ કરી શકો છો. એપ તમને બધી માન્ય બેન્કો અને સંસ્થાઓના વાસ્તવિક નંબરો પણ બતાવે છે. જો તમે સેકન્ડ હેન્ડ ફોન ખરીદી રહ્યા છો, તો ફક્ત આઈએમઈઆઈ નંબર દાખલ કરો અને એપ તમને તરત જ જણાવશે કે ફોન અસલી છે, ચોરાયેલ છે કે બ્લેકલિસ્ટેડ છે. આ લોકોને છેતરપિંડી ટાળવામાં અને સુરક્ષિત ફોન ખરીદી કરવામાં મદદ કરે છે.

### મહારાષ્ટ્રમાં

ઉમેદવારોના મૂળભૂત નિયમોનો ભંગ કરે છે. એક અરજકર્તાએ ચંદ્રપુર નગર પરિષદના એક ડિવિઝનની ચૂંટણી ૨૦ ડિસેમ્બર પર મુલતવી રાખવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકાર્યો હતો. એક અરજકર્તા અને સામાજિક કાર્યકર્તા સચિન ચ્યુતે પરિણામો વિભાજિત રીતને બદલે એક જ દિવસે જાહેર કરવાની વિનંતી કરી હતી. જોકે, સુધારેલા ચૂંટણી કાર્યક્રમમાં બાકીના ૨૬ વૉર્ડમાં એક જ દિવસે મતદાન અને ચૂંટણી પરિણામો મૂળ સમયપત્રક મુજબ જ જાહેર કરવાની પરવાનગી આપી હતી. હાઈ કોર્ટે એસઈસીના સુધારેલા ચૂંટણી કાર્યક્રમને પડકારતી
અરજીની આગામી સુનાવણી માટે ૧૦ ડિસેમ્બર મુકરર કરી છે. (એજન્સી)

### ડૉલર સામે

પૈસા તૂટ્યો હતો. હાલના તબક્કે ડૉલર સામે રૂપિયામાં ૯૦ની સપાટી મનોવૈજ્ઞાનિક સપાટી મહત્ત્વની છે અને ખરીદદારોએ ખરીદી અટકાવીને ૯૦ની સપાટી જાળવી રાખી છે. રિઝર્વ બૅન્કે ૯૦ની સપાટીની અંદર સક્રિય રહેવું જોઈએ જો ૯૦ની સપાટી જળવાઈ રહે તો રૂપિયો ૯૧ની દિશામાં આગળ ધપે તેવી શક્યતા નકારી ન શકાય, એમ કોટક સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગના હેડ આનિન્દય બેનરજીએ જણાવતા ઉમેર્યું હતું કે અત્યારે રૂપિયાને એકતરફી ગબડતો અટકાવવા માટે રિઝર્વ બૅન્કે ચંચળતા અટકાવવા સટ્ટોડિયાઓને દૂર રાખવા પ્રયાસ કરવા જોઈએ.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૯૯.૪૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૫ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૫૦૩.૬૩ પૉઈન્ટ અને ૧૪૩.૫૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૭૧.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

### નેવીને જલદી

અધિગ્રહણને સીલ કરવાની પ્રક્રિયા પૂર્ણ થવાના આરે છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે નૌકાદળને ૨૦૨૮માં ૨૬ રાફેલ-એમ ફાઇટર જેટમાંથી પહેલા ચાર જેટ મળશે. ભારતે એપ્રિલમાં ફ્રાન્સ સાથે જેટ ખરીદવા માટે ૬૪,૦૦૦ કરોડ રૂપિયાનો સોદો કર્યો હતો. નૌકાદળના વડાએ ઓપરેશન સિંદૂર દરમિયાન નેવીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે તેના આક્રમક વલણને કારણે પાકિસ્તાન નૌકાદળને તેમનાં બંદરોની નજીક રહેવાની ફરજ પડી હતી. એડમિરલે કહ્યું હતું કે ભારતીય નૌકાદળે પાકિસ્તાન સાથેના યુદ્ધ પછી છેલ્લા સાત-આઠ મહિનામાં પશ્ચિમ અરબી સમુદ્ર સહિત અનેક સ્થળો પર હાઈ ઓપરેશનલ તૈયારી જાળવી રાખી છે. નૌકાદળના વડાએ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર ‘‘હજુ પણ ચાલી રહ્યું છે. ઓપરેશન સિંદૂર દરમિયાન આક્રમક વલણ અને તાત્કાલિક કાર્યવાહીના કારણે પાકિસ્તાન નૌકાદળને તેમનાં બંદરોની નજીક અથવા મકરાન કિનારાની નજીક રહેવાની ફરજ પડી હતી,’’ તેમણે કહ્યું.

### વૈષ્ણોદેવીના

સંખ્યા ૨૪ લાખ ઓછી છે. ડિસેમ્બર પર વધુ આશા રાખી શકાય નહીં. ભૂતકાળમાં ડિસેમ્બરમાં પાંચથી છ લાખ શ્રદ્ધાળુઓ દર્શન માટે આવ્યા હતા અને આ વર્ષે તો ડઝન ટ્રેન રદ થવાથી આ સંખ્યામાં પણ ઘટાડો થશે.

વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ૧૧ મહિનામાં દર્શનાર્થે શ્રદ્ધાળુની સંખ્યા ૮૮,૮૧,૦૫૫ થઈ છે જે ગયા વર્ષની સરખામણીમાં શ્રદ્ધાળુની સંખ્યા ૨૪,૭૬,૯૪૯ ઘટી છે. જોકે શ્રાઈન બોર્ડ અને વેપારી વર્ગ એવી આશા રાખીને બેઠા હતા કે આ વર્ષે શ્રદ્ધાળુની સંખ્યા બધા વિક્રમો તોડી નાખશે.

### દેશમાં દર ૮૧૧

(પીજી) બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. એમણે જણાવ્યું હતું કે, ૨૦૧૪થી મેડિકલ કૉલેજોની સંખ્યા ૩૮૭થી વધીને ૮૧૮, યુજી બેઠકો ૫૧,૩૪૮ થી વધીને ૧,૨૮,૮૭૫ અને પીજી બેઠકો ૩૧,૧૮૫થી વધીને ૮૨,૦૫૯ થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારે ગરીબ, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં ડોકટરોની ઉપલબ્ધતા સુધારવા માટે વિવિધ પગલાં લીધાં છે.‘‘હાલની જિલ્લા / રેફરલ હોસ્પિટલ સાથે જોડાયેલી નવી મેડિકલ કોલેજોની સ્થાપના’’ માટેની કેન્દ્રિય પ્રાયોજિત યોજના હેઠળ, મંજૂર કરાયેલી ૧૫૭માંથી ૧૩૭ નવી મેડિકલ કોલેજો કાર્યરત છે, નડ્ડાએ જણાવ્યું હતું. ગ્રામીણ વસ્તીને સમાન આરોગ્યસંભાળ સુવિધા પૂરી પાડવા માટે ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ (એફએપી)ને એમબીબીએસ અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે, એવું તેમણે ધ્યાન દોર્યું હતું.

### બ્રહ્મોસ હવે

તક હતી. આ મિસાઇલે ૩૪૫૭.૪૪ કિમી/કલાકની ઝડપે ઉડાન ભરી હતી અને સમુદ્રમાં દૂરના લક્ષ્યને સચોટ રીતે નિશાન બનાવ્યું હતું. એક મીટરની ગોળાકાર સંભવિત ભૂલ સાથે - એટલે કે લક્ષ્યથી મહત્તમ એક મીટર દૂર - આ પ્રહાર એટલો સચોટ હતો કે કોઈ પણ દુશ્મન સંરક્ષણ પ્રણાલી તેને રોકી શકી ન હતી. સધર્ન કમાન્ડે કહ્યું કે આ પ્રક્ષેપણ ભારતની લાંબા અંતરની ચોકસાઇ પ્રહાર ક્ષમતાને મજબૂત બનાવે છે અને આપણી આત્મનિર્ભરતાનું પ્રતીક છે. આ યુદ્ધ માટે સદૈવ તૈયાર નવું ભારત છે.

### સૂર્યવંશીની

જોડીએ છેલ્લી ઓવરમાં વિજય અપાવી દીધો હતો. એક સમયે એવું કહેવાતું હતું કે વીરેન્દર સેહવાગ, સચિન તેન્ડુલકર અને બ્રાયન લારાની બૅટિંગ-સ્ટાઇલનો સરવાળો કરીએ એવી ઝલક પૃથ્વી શૉમાં જોવા મળે છે. જોકે ત્યાર પછી તે નબળા પર્ફોર્મન્સને કારણે ભારતીય ટીમથી દૂર થઈ ગયો હતો. ૨૦૨૫ની આઇપીએલ વખતે તેને હરાજીમાં એક પણ ફ્રૅન્ચાઇઝીએ નહોતો ખરીદ્યો. જોકે આ વખતે દિલ્હી કૅપિટલ્સના આ ભૂતપૂર્વ ખેલાડીએ ફરી અરજી કરી છે. તે થોડા સમયથી ડોમેસ્ટિક ક્રિકેટમાં બહુ સારું રમી રહ્યો છે.

### દેશમાં

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યમાં સપ્ટેમ્બર ૨૦૨૬માં આ કવાયત હાથ ધરવામાં આવશે. વિવિધ ખાતા, વિભાગો, સંસ્થાઓ સહિત સેન્સસ ડૅટાના વપરાશકર્તાઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અને સૂચનોને આધારે વસતિગણતરીની પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. વસતિગણતરી દરમિયાન જાતિ આધારિત જનગણના પણ કરવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સેન્સસ ૨૦૨૭ ડિજિટલ માધ્યમ થકી કરવામાં આવશે. મોબાઈલ ઍપ મારફતે માહિતી એકઠી કરવામાં આવશે. (એજન્સી)

### લોકસભામાં

નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રત્યેક મુદ્દાની ચર્ચા માટે ૧૦ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે અને જો ગૃહને યોગ્ય અને જરૂરી જણાશે તો આ સમય લંબાવવામાં આવશે. બીએસીની બેઠક અગાઉ લોકસભાના સ્પીકર ઓમ બિરલા તમામ પક્ષના નેતાઓને મળ્યા હતા અને એસઆઈઆરને મુદ્દે ચર્ચા કરવાની વિપક્ષની માગણીને મુદ્દે સર્જાયેલી મડાગાંઠનો ગૃહમાં ઉકેલ લાવવા જણાવ્યું હતું. આ મુદ્દે લોકસભાની કાર્યવાહી અવારનવાર ખોરવાઈ જવાને પગલે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ના ૧૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે ચર્ચાનો આરંભ કરશે. (એજન્સી)

### મોબાઈલ ઍપથી

સમગ્ર અંગત જીવન પર કબજો જમાવી લેશે.’’ સરકારી આદેશ અનુસાર, કંપનીઓને ‘‘સંચાર સાથી ઍપ’’ ઇન્સ્ટોલ કરવા માટે આ નવા આદેશનું પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. જો કે, અધિકારીઓ સંભવિત વિરોધની અપેક્ષા રાખી રહ્યા છે, કારણ કે યુઝર્સ આ ઍપને પહેલાથી ઇન્સ્ટોલ કર્યા પછી ડિલિટ કરી શકશે નહીં. આ નિર્દેશ ભારતમાં કાર્યરત તમામ મુખ્ય સ્માર્ટફોન ઉત્પાદકોને લાગુ પડે છે, જેમાં એપલ, સેમસંગ, શાઓમી, ઓપ્પો અને વિવોનો સમાવેશ થાય છે.

### જામનગરના

ઓફ ઇન્ટેલીજન્ટસના અમદાવાદ ઝોનલ યુનિટએ બાતમીના આધારે ભાવનગર, અમદાવાદ, મુંબઇ, ચંદ્રપુર અને રાજકોટમાં ગુપ્ત રાહે તપાસ કરી અંદાજે રૂ.૮૦૦ કરોડના બોગસ જીએસટી ઇન્વોઇસના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ મસમોટા જીએસટી કૌભાંડમાં ડીજીજીઆઇ દ્વારા બદ્રે આલમ પઠાણ અને તોફીક ખાનની અમદાવાદથી ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી, જેમાં તોફીકે વાસ્તવિક રીતે કોઈપણ માલની ખરીદી કર્યા વિના ખોટી વેરાસાખ મેળવવા માટે રૂ. ૪૫ કરોડના નકલી બિલ મેળવ્યાનું ખુલ્યું હતું. આટલું જ નહીં ભાવનગર, મુંબઈ, ચંદ્રપુર, અમદાવાદ, રાજકોટમાં અનેક સ્થળોએ શોધખોળ દરમ્યાન અધિકારીઓએ ઘણી સેલ કંપનીઓની વિગતો જીએસટી નોંધણી સાથે જોડાયેલા મોબાઇલ ફોન, બેન્ક ખાતાની અને રોકડ વ્યવહાર સહિતની વિગતો સાથે અનેક ગુનાહીત સામગ્રી કબ્જે કરી હતી. અન્ય કેસમાં ડીજીજીઆઇએ જૂનાગઢની ભારત સેનેટરી એન્ડ ફીટિંગના ભાગીદાર હાર્દિક સંજયભાઇ રાવલની બોગસ જીએસટી બિલ, ખોટી વેરાશાખ મેળવવામાં ધરપકડ કરી હતી, તેમણે કોઇપણ માલની ખરીદી કર્યા વિના ૪૭ નકલી કંપનીએ જાહેર કરેલા ૧૧૦.૫૭ કરોડ રૂપિયાના બોગલ બિલના આધારે છેતરપિંડી કરી રૂ.૨૮.૦૨ કરોડની વેરાશાખ મેળવ્યાનું ખુલ્યું હતું. ડીજીજીઆઇની તપાસ દરમ્યાન ચોંકાવનારી વિગતો એ ખુલી હતી કે આ કૌભાંડમાં સક્રિય જીએસટી આઇએન ધરાવતી નિષ્ક્રિય કંપનીઓ ખરીદવા આ કંપનીના ડિરેક્ટરો અને સરનામા બદલવા મોટાપાયે નકલી બિલ બનાવવા અને હવાલા તથા અન્ય સંવેદનશીલ રેકર્ડ દ્વારા બેંકિંગ વ્યવહારો અને રોકડની હેરફેર કરવામાં આવતી હતી. આ સમગ્ર મામલે ડીજીજીઆઈ દ્વારા સઘન પૂછપરછ ચાલી રહી છે અને આગામી દિવસોમાં આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓના નામ ખૂલવાની શક્યતા છે.

# ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સ મામલે રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી સરકારને ઘેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમિયાન ડ્રગ્સ અને દારૂનો મુદ્દો વધારે ગરમાયો છે. કૉંગ્રેસે ગુજરાતમાં બેફામ દારૂ અને ડ્રગ્સ વેચાતો હોવાનો અને તેને રોકવામાં સરકારની નિષ્ફળતાનો આક્ષેપ વારંવાર કર્યો છે ત્યારે હવે કૉંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ સરકારને ઘેરી હતી.

રાહુલે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકી હતી અને ગુજરાત સરકારની ટીકા કરી હતી. રાહુલે લખ્યું હતું કે ગુજરાતમાં કૉંગ્રેસની ચાલી રહેલી જન આક્રોશ યાત્રાઓ દરમિયાન, લોકો અને ખાસ કરીને મહિલાઓએ રાજ્યમાં વધી રહેલા ડ્રગ્સ અને દારૂના દૂષણની ફરિયાદ કરી છે અને તેના લીધે તેમની અસુરક્ષા વધી રહી હોવાનું જણાવ્યું છે. ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે, જ્યાં સત્ય, નૈતિકતા અને ન્યાયની પરંપરા છે. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં, રાજ્યના યુવાનોનું ભવિષ્ય ડ્રગ્સ અને ગુનાની અંધારાવાળી દુનિયામાં ધકેલાઈ રહ્યું છે. મહિલાઓ મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઊતરી રહી છે કારણ કે ગુનેગારોને સરકાર દ્વારા રક્ષણ આપવામાં આવી રહ્યું છે અને જનતાને માત્ર ઉપેક્ષા જ મળી રહી છે. ગુજરાત પૂછી રહ્યું છે, ભાજપ સરકાર કેમ ચૂપ છે, ભાજપના એક ક્યા પ્રધાન કે નેતા છે જેમની શેહમાં આ બધું થઈ રહ્યું છે, ગુજરાતના દેશદ્રોહીઓને કેમ રક્ષણ આપવામાં આવી રહ્યું છે, તેવા સવાલ પણ રાહુલે કર્યા હતા.

યાત્રા દરમિયાન દરેક સભામાં બીજો મુખ્ય મુદ્દો ખેડૂતોનો છે. તાજેતરના વિનાશક પૂરે હજારો ગુજરાતી પરિવારોને તબાહ કર્યા અને ખેડૂતોના પાકનો નાશ કર્યો છે. જ્યારે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે (કેન્દ્ર પાસેથી) રાહત પેકેજની ચર્ચાઓ અટકતી ન હતી. આજે, ગુજરાત બરબાદ થઈ ગયું છે, ડબલ એન્જિન સરકાર છે, તેઓ (મોદી) વડા પ્રધાન છે, છતાં પણ પૂરતી રાહત કે સહાનુભૂતિ દેખાતી નથી, તેવી ટીકા પણ રાહુલે કરી હતી.

ગુજરાતમાં ભારે જનઆક્રોશ છે. દરેક પરિવાર પોતાનાં બાળકોના ભવિષ્ય વિશે ચિંતિત છે. દરેક પરિવાર પૂછી રહ્યો છે કે ખેડૂતોના દેવા કેમ માફ કરવામાં આવ્યા નથી? ડ્રગ્સના વેપાર પર કેમ કાર્યવાહી કરવામાં આવી નથી, તેવા સવાલ સાથે રાહુલે જણાવ્યું હતું.

# ગોધરા કોર્ટના ૧૧ આરોપીઓને નિર્દોષ છોડવાનો ચુકાદો હાઇ કોર્ટે યથાવત્ રાખ્યો, ગોધરાકાંડ બાદ સંતરામપુરમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં ૧૧ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. તેમની સામે ગોધરાની સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં વર્ષ ૨૦૦૪ માં ગોધરાની સેશન્સ કોર્ટે ચુકાદો આપતા તમામ આરોપીઓની નિર્દોષ છોડ્યા હતા. જેની સામે રાજ્ય સરકારે ગુજરાત હાઇ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જો કે ગુજરાત હાઇ કોર્ટે ગોધરા સેશન્સ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો હતો.

કેસની વિગત જોતા ગોધરા કાંડ બાદ સંતરામપુરમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં. હથિયારો સાથે ટોળાંએ ઘરો, વાહનો કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આગ લગાવી હતી. આશરે ૧૦૦૦ જેટલા વ્યક્તિઓનું ટોળું રાત્રે ૧૦ કલાકે લઘુમતી કોમની મિલકતોને નુકસાન કરવા અને લૂંટવાના ઇરાદે નવી વસાહતમાં ગયું હતું. જ્યાં પથ્થરમારો થયો હતો અને વાહન, મકાનો તેમજ કોમર્શિયલ બિલ્ડિંગોમાં આગ લગાવીને લાખોની લૂંટ કરવામાં આવી હતી.

લોકલ પોલીસે ત્યાં પહોંચીને હવામાં ફાયરિંગ કરતા ટોળું ભાગી ગયું હતું. લઘુમતી કોમના વ્યક્તિઓ શહેર તરફ ભાગી નીકળ્યા હતા. ૩૯ ઘરમાં આગજની કરાઈ હતી. તેના ત્રણ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં ૨૧ સાહેદ અને ૧૦ દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા હતા. એક આરોપીએ કહ્યું હતું કે ફરિયાદ કરનાર લઘુમતી કોમના સગા ભાઈએ એક બહુમતી કોમની દીકરીનું અપહરણ કર્યું હતું. તેનો વિરોધ તેને અગાઉ કર્યો હતો. જેથી તેનું ખોટું નામ પોલીસ ફરિયાદમાં આપી દેવાયું છે. ગોધરાની કોર્ટે નોંધ્યું હતુ કે ફક્ત ઘટના સ્થળે હાજર હોવાથી ગુનામાં સક્રિય ભાગીદાર કહી શકાય નહીં. ફરિયાદીએ કોર્ટ સમક્ષ અને પોલીસ તપાસમાં વિરોધાભાસી નિવેદનો આપ્યાં છે. જેથી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

એક સાહેદે પોલીસ નિવેદનમાં લખાવ્યું હતું કે એક આરોપીએ કેરોસીન છાંટી માચીસથી આગ લગાવી હતી. પરંતુ આ કેસમાં ઘણા સાક્ષી ફરી ગયા હતા. સરકારી વકીલે રજૂઆત કરી હતી કે ફરિયાદીને આરોપીઓનાં ખોટા નામ ફરિયાદમાં લખાવવાનો કોઈ હેતુ નથી. ઘટના બની છે અને આગ લાગી છે તે વાત સત્ય છે. આરોપીનાં વકીલે દલીલ કરી હતી કે ૪ દિવસ મોડી ફરિયાદ દાખલ કરાઈ છે. ફરિયાદીએ વધારી ચઢાવીને કોર્ટ સમક્ષ નિવેદન આપ્યાં છે, જેવું તેને તપાસમાં કંઈ કહ્યું નહોતું. ગોધરાકાંડનો વિરોધ કરવા લોકો રસ્તા પર ઉતર્યા હતા. જે બધાને આરોપી કહી શકાય નહીં.

હાઇ કોર્ટે ગોધરા સેશન્સ કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવતા નોંધ્યું હતું કે, ફરિયાદીએ પોલીસ અને કોર્ટ સમક્ષ અલગ અલગ નિવેદન આપ્યાં હતાં. લઘુમતિ કોમના સભ્ય દ્વારા હિન્દુ યુવતીના અપહરણની વાત પણ સાચી છે. જે સંદર્ભનો કેસ પણ નોંધાયો છે. ફરિયાદી અને તેના સગા ભાઈએ આરોપીઓનાં નામ આપ્યાં છે, બીજા કોઈએ નહીં. ગોધરાકાંડના વિરોધમાં હજારો લોકો રસ્તા ઉપર હતા. જ્યારે આવો જાહેર કેસ હોય ત્યારે કોઈ સામાન્ય પ્રકારના નિવેદનોને આધારે નિર્ણય લઈ શકાય નહીં.

# મુંબઈ અને દિલ્હીથી વડોદરા આવતી બે ફ્લાઈટ કેન્સલઃ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના હરણી એરપોર્ટ પર આવનાર સવારની ઈન્ડિગો એરલાઇન્સની બે ફલાઈટ અચાનક રદ થતા મુસાફરો પરેશાન જોવા મળ્યા હતા. બંને ફલાઇટ ઈન્ડિગો એરલાઈન્સની હતી. મુંબઈ અને દિલ્હીથી આવનાર બંને ફ્લાઈટ રદ થતા મુસાફરો અટવાયા હતા, જો કે એરલાઈન્સ અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે આવનાર અન્ય ફાઈટમાં મોકલવા વ્યવસ્થા કરાઈ હતી. આ સાથે જ મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા અનુસાર રિફંડ પણ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

વડોદરા એરપોર્ટ પર ઇન્ડિગો એરલાઇન્સની સવારે ૭.૨૦ કલાકે આવનાર ફ્લાઇટ ૬ઊ-૫૧૨૬ / ૬૦૮૭ મુંબઈ-વડોદરા-મુંબઈ અને દિલ્હીથી સવારે ૭.૪૫ વાગે આવનાર ફ્લાઇટ ૬ઊ-૫૦૬૬/૬૬૬૨ દિલ્હી-વડોદરા-દિલ્હી ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હતી. આ બંને ફ્લાઈટમાં આવનાર અને જનાર મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે તેવી એરપોર્ટ ઓથોરિટી દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ શા માટે રદ થાય છે તેની પુષ્ટિ માત્ર ઓપરેશનલ કારણોસર બતાવવામાં આવે છે. અમદાવાદમાં એર ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટમાં થયેલ દુર્ઘટના બાદ હવે ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ સતત રદ થઈ રહી છે.

# પારસીઓએ ભગવદ્ ગીતાનો 'સ્વધર્મ'નો સંદેશ આત્મસાત્ કર્યો, રાષ્ટ્રનિર્માણમાં મહામૂલું યોગદાનઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં પારસી ધર્મગુરુઓનો સન્માન સમારંભ યોજાયો હતો. મુખ્ય પ્રધાનના હસ્તે પારસી ધર્મગુરુઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સૌને ગીતા જયંતીની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે પોતાના ધર્મમાં નિષ્ઠાપૂર્વક જીવવું એ જ સૌથી મોટું કર્તવ્ય છે. પારસી સમાજના પૂર્વજોએ ભારતમાં આવીને ગીતાના 'સ્વધર્મ'ના સંદેશને જીવ્યા છે અને કદી પોતાનાં ધર્મને છોડ્યો નથી.

પારસીઓએ ભગવદ્ ગીતાનો સ્વધર્મનો સંદેશ આત્મસાત કર્યો છે. પોતાના ધર્મની રક્ષા માટે ૧૩૦૦ વર્ષો પહેલા તેઓ ઈરાનથી સ્થળાંતરણ કરીને ગુજરાતમાં આવ્યા હતા અને સાકરની જેમ ભળી ગયા અને રાષ્ટ્રનિર્માણમાં પારસીઓનું મહામૂલું યોગદાન રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

જેમ ભગવાન શ્રી કૃષ્ણે આપેલું ગીતાનું જ્ઞાન સદીઓથી સચવાયું છે તેમ પવિત્ર આતશની રક્ષાથી ધર્મને ટકાવી રાખવાની ગાથા યુગો સુધી સચવાઈ રહે તે માટે નવસારીમાં ટાઈમ કેપ્સ્યુલ મૂકીને ઇતિહાસને અમર રાખવાનું કાર્ય પારસી સમુદાય દ્વારા કરવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને આ ટાઈમ કેપ્સ્યુલ ચરિતાર્થ કરશે એમ તેમણે ઉમેર્યું હતું. અરીઝ ખંભાતા બનેવોલન્ટ ટ્રસ્ટની પારસી સમાજની દાનવીરતાની એ જ પરંપરાને આગળ વધારી રહ્યું છે. આ ટ્રસ્ટ હેલ્થકેર, એજ્યુકેશન અને સમાજ કલ્યાણ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં વંચિત સમુદાયના ઉત્થાનત માટે સમર્પિત રહ્યું છે.

એચઆઇવીગ્રસ્ત લોકો માટે પણ આ ટ્રસ્ટ કલ્યાણનાં અનેક કામો કરે છે. તેમના માધ્યમથી દર વર્ષે હજારો લોકોના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાને આ તકે જણાવ્યું હતું કે માઇનોરિટી હોવા છતાં પણ પારસી સમુદાયે પોતાના સંસ્કારો, મૂલ્યો અને કુનેહને પેઢી દર પેઢી આગળ વધાર્યા છે.

# આસારામને મળેલી ૨૪ કલાક સુરક્ષા હટાવાઈ, હાઈ કોર્ટે જામીનની શરત રદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળાત્કાર કેસમાં દોષિત ધર્મગુરુ આસારામ હાલ વચગાળાના જામીન પર જેલની બહાર છે. સોમવારે હાઈ કોર્ટે જામીન સમયગાળા દરમિયાન આસારામને ૨૪ કલાક સુરક્ષા હેઠળ રાખવાની શરત હટાવી હતી.

સ્વાસ્થ્યનાં કારણોસર ગુજરાત ૬ નવેમ્બરના રોજ આસારામને છ મહિના માટે વચગાળાના જામીન આપ્યા હતાં. જામીનની શરતોમાં આસારામની આસપાસ ચોવીસ કલાક સુરક્ષા કર્મચારીઓની હાજરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

કામચલાઉ જામીન આપતી વખતે હાઈ કોર્ટે કેટલીક શરતો લાદી હતી, જેમાં તેમના અનુયાયીઓને મળવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે ત્રણ પોલીસ અધિકારીઓ તેની આસપાસ રહેવા જોઈએ, પરંતુ તેઓ આસારામની તબીબી સારવાર અથવા કોઈપણ વ્યક્તિ સાથેની મુલાકાતોમાં દખલ નહીં કરે. હાઈ કોર્ટે મુકેલી આ શરત સામે આસારામે અરજી કરી હતી અને સુરક્ષા દૂર કરવા માગ કરી હતી. સોમવારે હાઈ કોર્ટે આ શરત રદ કરવાનો આદેશ આપ્યો હતો, પણ આસારામને અન્ય જામીન શરતોનું કાળજીપૂર્વક પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

વર્ષ ૨૦૧૩ માં અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં આસારામની એક ભૂતપૂર્વ શિષ્યાએ તેના વિરુદ્ધ બળાત્કારના આરોપ સાથે કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં દોષિત ઠર્યા બાદ આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

# માત્ર સાત મહિનામાં ગુજરાતમાં ૭.૫ ગીગાવોટ અક્ષય ઊર્જાનું ઉત્પાદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુનિયન મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ગુજરાતે સ્વચ્છ ઊર્જા વિસ્તરણ ક્ષેત્રમાં સૌથી ઝડપી પ્રગતિ નોંધાવી છે અને એપ્રિલથી ઓક્ટોબર, ૨૦૨૫ના સમયગાળા દરમિયાન નવી રિન્યુએબલ એનર્જી ક્ષમતાનો ઉમેરો કર્યો છે. માત્ર ૭ મહિનામાં ગુજરાતે નવી ૭.૫ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કર્યું છે. આમ થવાથી ઓક્ટોબર, ૩૧ સુધીમાં રાજ્યની ઊર્જા ક્ષમતા ૪૦.૬૯ ગીગાવોટ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

આમાં અન્ય સ્ત્રોતો ઉપરાંત ૨૪.૧૪ ગીગાવોટ સૌર ઊર્જા અને ૧૪.૪૯ ગીગાવોટ પવન ઊર્જાનો સમાવેશ થાય છે. એક ઔદ્યોગિક અંદાજ મુજબ આ વધારો મુખ્યત્વે રાજ્યમાં યુટિલિટી-સ્કેલ સોલાર પાર્ક ઇન્સ્ટોલેશન અને પવન ઇન્સ્ટોલેશન દ્વારા પ્રેરિત થયો હતો. ઝડપી પ્રોજેક્ટ ક્લિયરન્સ, હાઇબ્રિડ પાર્કમાં ઝડપી લેન્ડ પૂલિંગ અને સુધારેલ ઇવેક્યુએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરે યુટિલિટી-સ્કેલ પ્રોજેક્ટ્સના બેકલોગને દૂર કરવામાં મદદ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ સાથે રાજ્ય સરકાર ૨૦૩૦ સુધી ૧૦૦ ગીગાવોટ નવીનીકરણીય ક્ષમતાના લક્ષ્ય તરફ સખત મહેનત કરી રહી છે, અને અમે તે પ્રાપ્ત કરવા માટે પ્રોજેક્ટ્સને ઝડપી બનાવી રહ્યા છીએ. જ્યાં પણ ડેવલપર્સ પડકારોનો સામનો કરી રહ્યા છે, પછી ભલે તે જમીન કે ગ્રીડ કનેક્ટિવિટી સંબંધિત હોય, અમે ઝડપથી આગળ વધી રહ્યા છીએ અને તેમને ઉકેલી રહ્યા છીએ. યુટિલિટી-સ્કેલ સોલાર અને પવન ઊર્જાની સાથે, હાઇડ્રો, ટાઇડલ અને પંપ સ્ટોરેજ માટે નવી નીતિઓ પાઇપલાઇનમાં છે.

# સુરતમાં એનઆરઆઈ વિદ્યાર્થીનો આપઘાતઃ વોર્ડને રાજીનામું આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ત્રીજા વર્ષના વિદ્યાર્થી અને એનઆરઆઈ અદ્વૈત નાયરે હોસ્ટેલની બિલ્ડિંગ પરથી મોતની છલાંગ લગાવી હતી. જેથી તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ કોલેજ મેનેજમેન્ટ પર ટોર્ચર કલ્ચરનો આરોપ લગાવીને દેખાવો કર્યા હતા.

આ ઘટના બાદ ભાભા ભવન હોસ્ટેલના ચીફ વોર્ડન અમિત સોલંકીએ રાજીનામું આપ્યું હતું, જેને વહીવટી તંત્ર દ્વારા સ્વીકારવાની ખાતરી આપવામાં આવતા વિદ્યાર્થીઓએ તેમનો વિરોધ સમેટી લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા એવા આક્ષેપો કરાયા હતા કે, આપઘાતની ઘટના બાદ લગભગ ૩૦ મિનિટ સુધી એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચી અને હોસ્પિટલે પણ સારવાર શરૂ કરવાને બદલે ફોર્મ ભરવાને પ્રાથમિકતા આપી હતી.

મૃતક અદ્વૈતના માતા-પિતા ઓમાનમાં રહે છે અને તેઓ મૂળ કેરળના છે. અદ્વૈત નાયરે ૩૦ નવેમ્બરની રાત્રે હોસ્ટેલમાંથી કૂદીને આપઘાત કરી લેતા કેમ્પસમાં ભારે શોક અને આક્રોશ ફેલાયો હતો.

# ગુજરાતમાં ચાલુ વર્ષે અતિવૃષ્ટિથી ૧૩૬ લોકોનાં મોતઃ ૧૪ હજાર કાચાં-પાકાં મકાનોને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચાલુ વર્ષે અતિવૃષ્ટિ અને માવઠાના કારણે ખેતીપાકને માઠી અસર પહોંચી છે. આ ઉપરાંત ચોમાસાની સિઝન દરમિયાન ૧૩૬ લોકોનાં મોત થયાં હોવાનું પણ બહાર આવ્યું છે. જ્યારે ૧૪ હજાર જેટલા કાચા પાકા મકાનને નુકસાન પહોંચ્યું છે. રાજ્ય સરકાર દ્વારા મકાન અને માનવ મૃત્યુ માટે ૯૧ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે. રાજ્યમાં આ વર્ષે વરસેલા સિઝનના વરસાદની વાત કરીએ તો, સરેરાશ સામે ૧૨૮.૫૭ ટકા વરસાદ નોંધાયો છે. ચોમાસાની સત્તાવાર વિદાય બાદ પણ રાજ્યમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે લોકો અને મકાનને નુકસાની ઉપરાંત ખેતીને પણ માઠી અસર પહોંચી હતી.

# ગુજરાતમાં આઠ માસમાં જ ૧૦.૯૧ કરોડ વૃક્ષનું વાવેતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં પર્યાવરણ ક્ષેત્રે ફાયદો થાય અને વધુ વૃક્ષોની વાવણી થાય તે માટે એક પેડ મા કે નામ અભિયાન ચલાવાયું હતું. તે અંતર્ગત ગુજરાત સહિત તમામ રાજ્યમાં અભિયાન ચલાવાયું હતું. જેમાં ૧ એપ્રિલ-૨૦૨૫થી ૨૮ નવેમ્બર-૨૦૨૫ સુધી ગુજરાતમાં કુલ ૧૦.૯૧ કરોડ જેટલી જંગી સંખ્યામાં વૃક્ષ (છોડ) વાવવામાં આવ્યા છે. તેની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જો કે તેલંગાણા જેવા નાના રાજ્યમાં પણ ગુજરાત કરતા વધુ ૧૧.૭૦ લાખ જેટલા વૃક્ષ વાવવામાં આવ્યા હતા. ગુજરાત ગ્રીન કવરમાં અન્ય રાજ્ય કરતા પાછળ પણ છે. તે તમામ બાબતને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક પેડ મા કે નામ અભિયાન હેઠળ વૃક્ષ વાવવા કરેલી અપીલને રાજ્યમાંથી ભારે પ્રતિસાદ મળતા સરકાર અને તેની એજન્સીઓ દ્વારા અને લોકોએ પણ સ્વંયભૂ ૮ મહિનામાં જ મોટી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કર્યું હતું. લોકસભામાં અપાયેલી માહિતી મુજબ સમગ્ર દેશમાં ૧૧૩.૯૯ કરોડ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# બેંક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણમાં ગુજરાતની લીડ, ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ ટકા કરતાં વધારે શાખાઓ

અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતા હેઠળ એસએલબીસી-સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની ૧૮૭મી બેઠક ગાંધીનગરમાં યોજાઇ હતી. આ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટરમાં શ્રેષ્ઠતમ કામગીરી કરનારા રાજ્યના ૩ લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરનું નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

હર્ષ સંઘવીએ બેઠકમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે, દેશમાં બેન્કિંગ સેવાઓ માત્ર ધનિક અને શહેરી વર્ગ પૂરતી જ સીમિત હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આગવા વિઝનથી અમલમાં આવેલી પ્રધાનમંત્રી જન ધન યોજનાથી ભારતના બેન્કિંગ ક્ષેત્રમાં અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. દેશમાં બેન્કિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણમાં ગુજરાતે લીડ લીધી છે. રાજ્યનું બેન્કિંગ નેટવર્ક ૧૧,૦૦૦ શાખાઓ સુધી પહોંચ્યું છે, જેમાંથી ૫૬ ટકાથી વધુ શાખાઓ ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત છે. આ વિશાળ બેન્કિંગ નેટવર્કના માધ્યમથી ગુજરાતમાં પોણા બે કરોડથી વધુ જન ધન બેન્ક ખાતા ખૂલ્યાં છે. જે સાબિત કરે છે કે, રાજ્યનો ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ આજે સુદ્રઢ બેન્કિંગ સેવાનો લાભ મેળવી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

હર્ષ સંઘવીએ સાયબર ક્રાઇમને હાલના સમયનો સૌથી મોટો પડકાર ગણાવતા કહ્યું હતું કે, સરકાર અને બેન્કિંગ ક્ષેત્ર સાથે મળીને સાયબર ગુનાઓને અટકાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી શકે છે.

# ૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને સંત સુરદાસ યોજનાનો લાભ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સંત સુરદાસ યોજના હેઠળ અત્યાર સુધી ૮૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા નાગરિકોને લાભ આપવામાં આવતો હતો. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬થી ૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ દિવ્યાંગોને સંત સુરદાસ યોજના હેઠળ લાભ આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સંતસુરદાસ યોજનામાં બી.પી.એલ કાર્ડ તથા ૦ થી ૧૭ વર્ષ ફરજિયાતની જોગવાઇ હતી તેને પણ વર્ષ ૨૦૨૪-૨૫માં દૂર કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬માં કેન્દ્ર સરકારે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ પસાર કરીને દિવ્યાંગોના અધિકારોને કાયદાકીય સુરક્ષા પૂરી પાડી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૪ લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ રૂ. ૮૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં વિનામૂલ્યે મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૮૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી તેઓ વધુ સશક્ત બન્યા છે.

# સુરતમાં સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ, મુંબઈ ઍરપોર્ટ પરથી મુખ્ય આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના કતારગામ વિસ્તારમાં ચાલતા સાઇબર ફ્રોડ રેકેટ પર સુરત સિટી સાયબર ક્રાઈમ સેલ દ્વારા કરાયેલ સર્ચ ઓપરેશન અને તેની સાથે જોડાયેલ લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી)ના આધારે મુંબઈ એરપોર્ટ પરથી મુખ્ય આરોપીઓની ધરપકડ થતા કરોડોના ટ્રાન્જેક્શન ધરાવતા આ કેસમાં મોટા ખુલાસાઓ થયા હતા.

સુરતના કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળની ફરિયાદમાં ચાર આરોપીઓની અગાઉ ધરપકડ કરી તેમની પાસેથી મોબાઇલ, લેપટોપ, વિવિધ બેંકોની ચેકબુક પાસબુક તથા ડિજિટલ પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ દ્વારા કુલ ૧૪૯ મ્યુલ બેંક ખાતાઓ મારફતે રૂ. ૮,૦૦,૬૬,૫૧,૩૨૬.૩૩ કરોડ જેટલા શંકાસ્પદ ટ્રાન્જેક્શનો થયાં હતાં. આ બેંક ખાતાઓ સામે એનસીસીઆરપી પોર્ટલ પર કુલ ૪૧૭ ઓનલાઈન ફરિયાદો નોંધાયેલી મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે રેકેટ વિદેશી ઓનલાઇન બેટિંગ અને ગેમિંગ ફંડના ટ્રાન્સફર માટે કામ કરતું હતું. નાસતા ફરતા આરોપીઓને ઝડપથી શોધી પકડવા સૂચના આપવામાં આવી હતી.

આરોપી જતીન ઉર્ફે જોન રેપેર રેકેટમાં ઓનલાઇન ગેમિંગ અને વિદેશી બેટિંગ પ્લેટફોર્મમાંથી મળતા ફંડને મ્યુલ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવું તથા હિસાબો સંભાળવાનું કામ કરતો.

# અમદાવાદમાં ગેમના બહાને માસૂમ બાળકોનું શોષણ કરતો રિક્ષા ડ્રાઈવર ઝડપાયો

અમદાવાદઃ શહેરના રામોલ પોલીસે વિકૃત સ્કૂલ વર્ધી રિક્ષાચાલક રાજકુમાર અભિમન્યુ ઉર્ફે રાજુની ધરપકડ કરી હતી. આધેડ વયનો રિક્ષાચાલક બાળક અને બાળકીઓ પાસે ગેમ રમાડવાના બહાને તેમની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હતો. વાલીઓએ ડ્રાઇવરના વર્તન પર ગંભીર શંકા વ્યક્ત કર્યા બાદ રામોલ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી લગભગ ૨૨ વર્ષથી રામોલ-વસ્ત્રાલ વિસ્તારની વિવિધ શાળાઓનાં બાળકોને લાવવા-લઈ જવાનું કામ કરતો હતો. તપાસમાં જાણવા મળ્યું કે ડ્રાઇવરે તેની રિક્ષાના આગળના હેન્ડલ પર સફાઈના પોતાં જેવી દેખાતી કપડાની થેલી બાંધી રાખી હતી. તેણે ગુપ્ત રીતે આ થેલીમાં એક કાણું પાડ્યું હતું અને તેમાં ચોકલેટ તેમજ નાના બોલ રાખ્યા હતા. જ્યારે પણ તેને શાળાએથી લેવા કે મૂકવા જતી વખતે તક મળતી, ત્યારે તે પાછળ બેઠેલાં બાળકોને ગેમ રમવાના બહાને આગળ બોલાવતો હતો.

# પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પહેલા રાઉન્ડમાં ૨૧૧૯ વિદ્યાર્થીને પ્રવેશ, ૨૫૪ બેઠક ખાલી

અમદાવાદઃ ગુજરાતમાં લાંબા સમય બાદ શરૂ થયેલી પોસ્ટ ગ્રેજ્યુએશન (પીજી) મેડિકલની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પહેલા રાઉન્ડમાં ૨૧૧૯ વિદ્યાર્થીને જુદી જુદી કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પહેલા રાઉન્ડમાં હાલમાં ૨૫૪ બેઠક ખાલી રહી છે. આ સાથે જ રાજ્યમાં નવી ૨૩૨ પીજી બેઠકને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકો બીજા રાઉન્ડમાં ભરવામાં આવશે. પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૫મી ડિસેમ્બર સુધીની મુદત આપવામાં આવી છે. પીજી મેડિકલમાં ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટેનો રાઉન્ડ પૂરો થયા બાદ આખરે સ્ટેટ ક્વોટાની કુલ ૨૩૭૩ બેઠકો માટે પહેલો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. પહેલા રાઉન્ડમાં પ્રવેશ માટે કુલ ૪૮૨૯ વિદ્યાર્થીઓનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૪૫૭૨ વિદ્યાર્થીઓએ પહેલા રાઉન્ડમાં ચોઈસ ભરી હતી. વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કુલ ૨૫૪ બેઠકો સિવાયની બાકીની તમામ બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા.

## સંસ્થા સમાચાર

### પ્રફુલ શાહની નવલકથા 'સરહદનો સુપરકોપ'નું છઠ્ઠી ડિસેમ્બરે વિમોચન

મુંબઈ: કચ્છના લોકપ્રિય પોલીસ અફસર દિલીપ અગ્રાવતના જીવન-કવન પર 'મુંબઈ સમાચાર'ના કટાર લેખક અને જાણીતા સાહિત્યકાર-પત્રકાર પ્રફુલ શાહ લિખિત ડોક્યુ-નોવલ 'સરહદનો સુપરકોપ'નું વિમોચન છઠ્ઠી ડિસેમ્બરે શ્રી. એ. કે. સિંહ - આઈપીએસ (નિવૃત ડીજીપી, ગુજરાત ) કરશે.

અમદાવાદના ઇસ્કોન રોડ સ્થિત કલા સ્મૃતિ ખાતે નવભારત સાહિત્ય મંદિર દ્વારા શનિવાર તા. છ ડિસેમ્બરે આયોજિત વિમોચન સમારંભમાં પીઢ પત્રકાર, માજી તંત્રી અને 'કચ્છ ફાઇલ'ના નાયક શ્રી. વિપુલ એન. વૈધ કથા-નાયક-લેખકનો પરિચય કરાવશે, તો હિંદી-ગુજરાતી-મરાઠી ફિલ્મના નિર્માતા - દિગ્દર્શક શ્રી. જયંત ગિલાટર મુખ્ય અતિથિ અને મુબઈના ગુજરાતી પત્રકારથી અમેરિકાના સફળ વેપારી તરીકેની મજલ કાપનારા શ્રી. વિજય કોટક અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. કચ્છ ઉપરાંત સુરત-ભરૂચ સહિતના ગુજરાતના શહેરોમાં જાંબાઝ પોલીસ અધિકારી દિલીપ અગ્રાવત ૩૪ વર્ષની કારકિર્દીમાં કચ્છમાં વર્દીધારી દંતકથા બની ચુક્યા છે. ચાર ભાષામાં ૫૦થી વધુ પુસ્તકો આપી ચુકેલા એવોર્ડ વિજેતા પીઢ પત્રકાર, લોકપ્રિય નવલકથાકાર, કોલમિસ્ટ અને ફિલ્મ - ડ્રામા-ટીવી ને વેબ કન્ટેન્ટ લેખક પ્રફુલ શાહનું 'સરહદનો સુપરકોપ' કચ્છ આધારિત ચોથું પુસ્તક છે. આ અગાઉ તેમણે નવલકથા 'લવ યુ કચ્છ', માજી તંત્રી અને વરિષ્ઠ પત્રકાર વિપુલ એન. વૈધ પર ડોક્યુ-નોવલ 'કચ્છ ફાઇલ' (અંગ્રેજીમાં એવોર્ડ વિજેતા 'કેકટ્સ ક્રાઈમ') અને ગાંધીધામના દિનેશ કલવાની 'લાઇફ આઇએમપોસિબલ' (ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીમાં) લખી હતી.

## ગોપાલ સંપ્રદાયનાં પૂ. મનીષાબાઈ મ. સ. કાળધર્મ પામ્યાં



મુંબઈ: લીંબડી ગોપાલ સંપ્રદાયના શાસનરત્ન પૂ. રામ ઉત્તમકુમારજી મ.સા.ના પરિવારના વિદુષી પૂ. લીલાવતીબાઈ મહાસતીજીના સુશિષ્યા બા.બ્ર.પૂ. મનીષાબાઈ મ.સ. સોમવારે રાત્રે ૩.૩૬ કલાકે વાસણા - અમદાવાદ ખાતે વૈયાવચ્ચ ભવનમાં સમાધિભાવે કાળધર્મ પામ્યા છે. તા. ૨-૧૧-૨૫ને મંગળવારે બપોરે ૪ કલાકે રોકડનાથ સોસાયટીથી પાલખીયાત્રા નીકળી હતી. ધ્રાંગધ્રાના વતની અને મુંબઈમાં વસતા શ્રી વાડીભાઈ શાહના મોટા પુત્રી હાલ પૂ. પ્રિયદર્શનાજી મ.સ., નાના બહેન પૂ. મનીષાજી મ.સ.એ દીક્ષા અંગીકાર કરેલ તેમજ આ પરિવારના માસા, માસી, દીકરીઓ, ભત્રીજી વગેરે ૧૮ ભવ્યાત્માઓએ દીક્ષા અંગીકાર કરેલ છે. પૂ. મહાસતીજીનું છેલ્લું ચાતુર્માસ ગાંધીનગર હતું. કામરેજમાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ગુણાંજલિ અર્પણ કરવામાં આવેલ.

## ગોરેગામમાં ખુલ્લા મેદાનમાં ઝાડી-કચરામાં આગ

મુંબઈ: ગોરેગામ (પૂર્વ)માં ગણેશ નગરમાં શકાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ નજીક આવેલી ગોખલે વાડીમાં ખુલ્લા મેદાનમાં રહેલા ઝાડી-ઝખરા, ઘાસ અને પ્લાસ્ટિકના ભંગાર સામાન સહિત અન્ય ભંગારમાં મંગળવાર વહેલી સવાર આગ ફાટી નીકળી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ૪,૦૦૦ સ્કવેર ફૂટના ખુલ્લા મેદાનમાં રહેલા ભંગાર સામાન સહિત ઝાડી અને કચરામાં વહેલી સવારના ૩.૫૦ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી.

## નવી મુંબઈમાં એમઆઈડીસીની ફેકટરીમાં ભીષણ આગ

મુંબઈ: નવી મુંબઈના દિઘા ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી કંપનીમાં મંગળવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. નવી મુંબઈ મહાનગરપાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલના જણાવ્યા મુજબ દિઘાના ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં સુલ્ઝર પંપ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપની આવેલી છે. મંગળવારે બપોરના લગભગ ૧.૩૦ વાગ્યાની આસપાસ કંપનીના પરિસરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ઐરોલી ફાયર સ્ટેશનથી ફાયર એન્જિન અને વોટર ટેન્કર ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

પાંચમા પાનાનું ચાલુ

### થાણે-ભિવંડીમાં

વિસ્તારના નાગરિકોને તેમના ખાનગી વાહનોમાં થાણે અને ભિવંડી જવું પડે છે. ઉપરાંત, મુંબઈ નાશિક હાઇવેની ટ્રાફિકથી બચવા ઘણા વેપારીઓ, કર્મચારીઓ અને માલસામાનના વાહનો ભિવંડીમાં પ્રવેશવા માટે આ રોડનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત અહીં થાણે-ભિવંડી-કલ્યાણ મેટ્રો લાઇન -૫નું બાંધકામ પણ ચાલું હોવાથી રસ્તાઓ પણ સાંકડા થઈ ગયા છે. કશેલી પુલથી અંજુર ફાટા વિસ્તારમાં કુલ ૨૧ વળાંકવાળા રસ્તાઓ છે. ડિવાઈડર તોડીને આ રસ્તાઓ બનાવવામાં આવ્યા હોવાથી ઘણી વખત અમુક વાહનચાલકો ટ્રાફિક જામ થાય ત્યારે નિયમોનું ઉલ્લંઘન કરીને આ ડાયવર્ઝન રસ્તાઓમાં પ્રવેશે છે, પરંતુ વિરુદ્ધ દિશામાંથી આવતા ટ્રાફિકને કારણે ત્યાં રસ્તા પર પણ ભીડ થાય છે. તેથી, થાણે પોલીસે આ ૨૧ રસ્તાઓમાંથી ૧૨ બંધ કરવાનો પ્રસ્તાવ જાહેર બાંધકામ વિભાગને મોકલ્યો છે. આમાંથી કેટલાક રસ્તાઓ સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. જ્યારે કેટલાક વળાંકો પર હાઇટ બેરિયર બેસાડવામાં આવશે જે ટ્રાફિકને રોકવામાં મદદ કરશે.

### દક્ષિણ મુંબઈ

શાફ્ટને ૨,૫૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈન સાથે જોડવાનું કામ સોમવાર પહેલી ડિસેમ્બરના સવારના ૧૦ વાગ્યાથી શરૂ કરીને બીજી ડિસેમ્બર, ૨૦૨૫ના સાંજના ચાર વાગ્યા સુધી પૂરું કરવાનું હતું. મંગળવારે સાંજના ચાર વાગ્યા સુધીમાં એટલે ૩૦ કલાકમાં પૂરું કરવાનું આયોજન હતું અને તે માટે સોમવારે પાણી પુરવઠો બંધ અને બીજા દિવસે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો કરવામાં આવશે એવી અગાઉ પાલિકાએ જાહેરાત કરી હતી. જોકે દક્ષિણ મુંબઈ સહિત પૂર્વ ઉપનગરના અનેક વિસ્તારોમાં સોમવાર બાદ મંગળવારે સતત બીજા દિવસે પણ પાણીપુરવઠો ખોરવાઈ જતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. પાણીના અભાવે ઉપનગરમાં આવેલી અનેક ઝૂંપડપટ્ટીઓમાં સાર્વજનિક શૌચાલયો પાણી બંધ રહેવાને કારણે નાગરિકોને હેરાનગતી થઈ હતી. ઘરમાં ભરી મૂકેલા પાણી પણ ખતમ થઈ જતા ગૃહિણીઓને રસોઈ કેમ કરવી તેવો પ્રશ્ન થઈ ગયો હતો. તો અનેક જગ્યાએ નાની હોટલો પણ પાણીના અભાવે મંગળવારે બંધ રહી હતી.

અંડરગ્રાઉન્ડ ટનલને પાઈપલાઈન સાથે જોડવાનું કામ મંગળવારે સાંજે ચાર વાગ્યા સુધી પૂરું કરવાનું આયોજન હતું પણ તે મોડી રાત સુધી પણ પૂરું થઈ શક્યું નહોતું અને તેને કારણે દક્ષિણ મુંબઈ સહિત પૂર્વ ઉપનગરમાં સોમવારે પાણીપુરવઠો બંધ અને મંગળવારે ઓછા દબાણ સાથે આપવાની જાહેરાત પ્રશાસને કરી હતી. જોકે તેનાથી વિપરીત કામ પૂરું થયું ન હોવાથી મંગળવારે પણ અનેક વિસ્તારોમાં પાણીપુરવઠો થઈ શક્યો નહોતો. નાગરિકોને પીવા પાણી માટે દુકાનોમાં પાણીના બાટલા ખરીદવા માટે ભીડ કરી મૂકી હતી. તો અનેક હાઉસિંગ સોસાયટીમાં મોંઘાભાવે ટેન્કર મંગાવવાની નોબત આવી હતી.

### ઉદ્ધવ ઠાકરેની

કે, સંજય રાઉતે તેમને એમ કહ્યું હતું કે તમે જ્યાં ઇચ્છો ત્યાં જાઓ. જો આવી પરિસ્થિતિ ઊભી થાય તો શું થશે? હું સંજય રાઉતને કહેવા માગુ છું કે તમારે તમારા પક્ષની ચિંતા કરવી જોઈએ. તમારી પાસે જે વિધાનસભ્યો અને સાંસદો છે તેમને સંભાળો. શિંદેની સેનાનું શું થશે? ભાજપનું શું થશે? તેની ચિંતા કરવાનું છોડી દો એમ જણાવતાં ગિરીશ મહાજને કહ્યું હતું કે હવે અમે કોઈને પણ અમારી સાથે નહીં લઈએ કારણ કે હવે બધી બેઠકો ભરાઈ ગઈ છે. સંજય રાઉતે એમ કહ્યું હતું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પોતે દાવો કર્યો હતો કે એક દિવસ તેઓ શિંદે જૂથનો એકડો કાઢી નાખશે. તેમણે અમારો એકડો કાઢવાનો પ્રયાસ કર્યો હતો, પણ અમે સમયસર બહાર નીકળી ગયા. પરંતુ તેમના સ્વભાવ પ્રમાણે, તેમની કાર્ય પદ્ધતિ પ્રમાણે, શિંદે સેનાનો એકડો દિલ્હીમાંથી જ કાઢી નાખવામાં આવશે. એકનાથ શિંદેને કદાચ એવું લાગતું હશે કે દિલ્હીના બે નેતાઓ મારી સાથે છે, પરંતુ તેઓ કોઈના નથી, તેઓ કોઈના પક્ષમાં નથી. તેમણે હિન્દુ હૃદય સમ્રાટ બાળ ઠાકરેની શિવસેનાને પીઠમાં છરો મારતા પણ ખચકાટ અનુભવ્યો નહીં, તો આ શિંદે કોણ છે? શિંદે એ જ છે જે તેમની પાછળ આવ્યા છે એમ જણાવતાં સંજય રાઉતે દાવો કર્યો હતો કે શિંદેની શિવસેના શિવસેના નથી પણ અમિત શાહ દ્વારા બનાવેલ જૂથ છે, અને તેમના ૩૫ વિધાનસભ્યો છીનવીને ફરી ભાગલા પાડશે. આ જ નિવેદનનો ગિરીશ મહાજને હવે જવાબ આપ્યો હતો.

#### અમને ખાતરી છે કે મહાયુતિ જીતશે: ગિરીશ મહાજન

મને ખાતરી છે કે અમારા બધા કોર્પોરેટરો મોટી બહુમતી સાથે ચૂંટાશે. મહાયુતિ નંબર વન પર રહેશે. ઉપરાંત, તેમાં પણ ભાજપ નંબર વન પાર્ટી બની રહેશે. અમે ઘણી જગ્યાએ મહાયુતિમાં લડ્યા છીએ. હું તમને કહી રહ્યો છું કે મહાવિકાસ આઘાડી ક્યાંય દેખાશે નહીં, એમ પણ ગિરીશ મહાજને પણ કહ્યું છે.

### મહારાષ્ટ્ર સ્થાનિક

સંસ્થાઓ (નગર પરિષદ તેમજ નગર પંચાયત)ની બંને શ્રેણીઓની કુલ ૬,૦૪૨ બેઠકો અને ૨૬૪ પ્રમુખ પદ માટે મતદાન થયું હતું. ઘણી જગ્યાએ, શાસક ગઠબંધન ભાગીદારો ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપી એકબીજા સામે ચૂંટણી લડી હતી.

રાયગઢના રોહા અને મહાડમાં શિવસેના અને એનસીપીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ, જ્યારે બીડના ગેવરાઈ શહેરમાં ભાજપ અને એનસીપીના કાર્યકરો વચ્ચે છૂટા હાથની મારામારી થતાં તણાવ ફેલાયો હતો.

ગયા અઠવાડિયે જીઈ દ્વારા પ્રક્રિયામાં કેટલીક સ્પષ્ટ અનિયમિતતાને કારણે ૨૪ સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટણી ૨૦ ડિસેમ્બર સુધી મુલતવી રાખ્યા બાદ, મંગળવારે બોમ્બે હાઇકોર્ટની નાગપુર બેન્ચના નિર્દેશ મુજબ, મતગણતરી ૨૧ ડિસેમ્બરે હાથ ધરવામાં આવશે.

### મુંબઈને મળશે

હવાની ગુણવત્તાનો ડેટા ઉપલબ્ધ કરી આવશે. આ સિસ્ટમ છ મહિનાની અંદર શરૂ થવાની અપેક્ષા છે. પાલિકા પહેલા સેન્સર્સમાંથી ડેટાનું વિશ્લેષણ કરશે અને મોડેલમાં તફાવતો અને કોઈ પણ સંભવિત સમસ્યાઓને ઓળખવા માટે હાલના કન્ટીન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન સાથે તેની સરખામણી કરવામાં આવશે.

એકવાર પ્રક્રિયા સુવ્યવસ્થિત થઈ જાય પછી ઓનલાઈન પ્લેટફોર્મ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે. શરૂઆતમાં ડેટાનો ઉપયોગ કરીને મુંબઈના જે વિસ્તારમાં વાયુ પ્રદૂષણ વધુ છે તેવા વિસ્તારોમાં ૭૫ સેન્સર મૂકવામાં આવશે. આ પ્રોજેક્ટને કારણે સ્થાનિક સ્તરે હવાની ગુણવત્તાનો નકશો બનાવવામાં મદદ મળશે. આ પાલિકાની પોતાની માલિકીનું સ્વતંત્ર પ્લેટફોર્મ હશે. પહેલી વખત એઆઈ મોડલનો ઉપયોગ કરીને ફક્ત પ્રદૂષણના સ્રોત અને તેમની પર્ટનને ઓળખવા માટે જ નહીં પણ પ્રદૂષણને ઘટાડવા માટેના પગલા પણ સૂચવવામાં આવશે.

### ૧૫ કલાકના બ્લોક

૧૨૫૦ લોકલ સેવાઓ પ્રભાવિત થશે. જો આ ટ્રેનોને દાદર અને લોકમાન્ય તિલક ટર્મિનસ એલટીટી સુધી ટુંકાવવાનો નિર્ણય લેવામાં આવે તો, આ બંને સ્ટેશનોની ક્ષમતા આ ટ્રેનોને સમાવવા માટે પૂરતી નથી. આનાથી આગામી થોડા દિવસો માટે ટ્રેન સેવાના સમયપત્રક પર પણ અસર પડી શકે છે.

પુલનો ૧૩૨ મીટરનો ભાગ મધ્ય અને પશ્ચિમ રેલવેના પાટા પરથી પસાર થાય છે. જોકે, બંને વિભાગોમાં બ્રિજ તોડવાનું કામ અલગ અલગ હાથ ધરવામાં આવશે. આ કામ શરૂઆતમાં મધ્ય રેલવે પર હાથ ધરવામાં આવશે. પુલના ગર્ડર અને ઓવરહેડ વાયર વચ્ચે નાના અંતરને કારણે, સમગ્ર રૂટનો વીજ પુરવઠો બંધ કરવો પડશે.

### થાણેના ગાયમુખથી

એવો અંદાજ છે. મંગળવારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના મુખ્યાલયમાં એક મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં થાણે પાલિકા કમિશનર સૌરભ રાવ, મીરા-ભાયંદર કમિશનર રાધા શર્મા સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. અધિકારીના જણાવ્યા મુજબ પ્રસ્તાવિત ૯.૭ કિલોમીટરનો રૂટ સંપૂર્ણપણે એલિવેટેડ હશે. આ રૂટ થાણેના સૌથી ગીચ અને ટ્રાફિકવાળો વિસ્તાર ગણાતા ઘોડબંદરનો ટ્રાફિક હળવો કરશે એવું માનવામાં આવે છે.

આ લાઈન માટે ડેપો મોગરપાડામાં પ્રસ્તાવિત છે. આ પ્રોજેક્ટ ગાયમુખ (લાઈન ૪-એ) અને મિરાગાંવ (લાઈન-૯) પર ઈન્ટરચેન્જની સુવિધા ઉપલબ્ધ કરાવવાની સાથે જ કનેક્ટિવિટીમાં સુધારો કરશે. અધિકારીના જણાવ્યા મુજબ ફોરેસ્ટ લેન્ડ, મેનગ્રોવ્ઝ, કોસ્ટલ રેગ્યુલેશન ઝોન અને વાઈલ્ડ લાઈફ ઝોન તરફથી સંબંધિત મંજૂરીઓ પ્રગતિમાં છે. તો પ્રોજેક્ટ માટે નીમવામાં આવેલા સલાહકારે ટેન્ડર દસ્તાવેજ તૈયાર કરી દીધા છે.

### ઓરેન્જ ગેટ

ટ્રાફિક જામમાં ફસાવવું પડે છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને, એમએમઆરડીએએ ઓરેન્જ ગેટ અને મરીન ડ્રાઇવ વચ્ચે ડબલ ટનલ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. ૯.૨ કિમી લાંબી આ ડબલ ટનલનો ખર્ચ ૯૧૫૮ કરોડ રૂપિયા થવાની ધારણા છે. આ ટનલને કોસ્ટલ રોડ સાથે પણ જોડવામાં આવશે. જેથી પશ્ચિમ ઉપનગરો તરફ જવાનું સરળ બનશે. આ ટનલનું કામ એમએમઆરડીએ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. બે ટીબીએમ મશીનોનો ઉપયોગ કરીને ટનલ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ એલ. એન્ડ ટી. ને આપવામાં આવ્યો છે. મુંબઈ કોસ્ટલ રોડના ટનલકામ માટે માવલા ટીબીએમનો ઉપયોગ આ પ્રોજેક્ટના ટનલકામ માટે પણ કરવામાં આવશે. બીજા ટીબીએમનું બાંધકામ જાપાનમાં ચાલી રહ્યું છે તેથી તેને આવતા સમય લાગશે. એકવાર બીજું ટીબીએમ આવી જશે, પછી બીજી બાજુ ટનલિંગનું કામ શરૂ થશે.

### ધનંજય મુંડેની

પર ખેડૂતોના નામે સોળસો કરોડ રૂપિયાની લોન લેવાનો આરોપ લગાવ્યો હતો. વિધાનસભ્ય ગુટ્ટેએ હવે આનો જવાબ આપ્યો છે.

વધુ આક્રમક થઈ રત્નાકર ગુટ્ટેએ એમ પણ જણાવ્યું હતું કે 'ધનંજય મુંડે, ઈન્દોરમાં તમારી હત્યા થઈ શકી હોત, પરંતુ સ્વર્ગસ્થ ભૈયુજી મહારાજે તમને બચાવ્યા. તમે કઈ હોટેલમાં હતા એની માહિતી સુધ્ધાં મારી પાસે છે.' આ દાવાથી સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે.

### ચોમાસા પહેલા

રેલવે કરવાની છે અને અપ્રોચ રોડ તથા બે પબ્લિક અંડર પાસનુ કામ પાલિકા કરી રહી છે. લાલ બહાદુરશાસ્ત્રી રોડ પરના અંડરપાસનું કામ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

ધારાવી બાજુમાં બીજા અંડરપાસનું કામ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં પૂરું કરવામાં આવશે. નક્કી કરેલા કામ સમયગાળા મુજબ થયું તો ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં બ્રિજનું કામ પૂરું થશે અને પહેલી જૂન, ૨૦૨૬થી બ્રિજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકી શકાશે.

રેલવે લાઈન પર ગર્ડર બેસાડવાનું કામ અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે, તે માટે રેલવે દ્વારા મેગાબ્લોક લેવામાં આવશે ત્યારબાદ તબક્કાવાર બે ગર્ડર બેસાડવામાં આવવાના છે. બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું કે હાલ નાગપૂર અને અંબાલામાં ગર્ડર બનાવવાનું કામ ચાલી રહ્યું છે એ બાદ તેને અલગ-અલગ હિસ્સામાં મુંબઈ લાવવામાં આવશે. રેલવે પુલ પર ઉત્તર દિશાની બાજુ પર ગર્ડર લોન્ચ કરવાનું કામ માર્ચ ૨૦૨૬ના પહેલા અઠવાડિયામાં તો રેલવે પુલની દક્ષિણ બાજુએ ગર્ડર બેસાડવાનું કામ એપ્રિલ ૨૦૨૬ના પહેલા અઠવાડિયામાં કરવામાં આવવાનું છે.

ત્યારબાદ રેલવેની હદના અન્ય કામ પૂરા કરવામાં આવશે. ધારાવી અને લાલ બહાદુરશાસ્ત્રી રોડ પર જતા એપ્રોચ રોડનું કામ ૧૫ એપ્રિલ, ૨૦૨૬ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ બાદ પૂર્વ બાજુના એપ્રોચ રોડનું કામ પૂરું કરવામાં આવશે. આ કામ પૂરા કરવા માટે ૪૫ દિવસનો સમય લાગશે. એ સમયગાળાને મુજબ કામ થયું તો ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં બ્રિજનું કામ પૂરું થશે અને પહેલી જૂન, ૨૦૨૬થી બ્રિજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકી શકાશે.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મંગળાબેન અમુલખ શાહના સુપુત્ર શશીકાંતભાઇ (ઉં.વ.૯૦) તા. ૧-૧૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. વિમળાબેનના પતિ. તે સ્વ. ગુણવંતલાલ, સ્વ. પુષ્પાબેન, સ્વ. રંજનબેન, સ્વ. ભારતીબેન, આરતીબેનના ભાઇ. તે યોગેશ, નલિન, જયશ્રીના પિતાશ્રી. હર્ષા, નેહા, હરેશકુમારના સસરા. સ્વ. જીવણલાલ છગનલાલ સંઘવીના જમાઇ. દેહદાન કરેલ છે. સાદડી તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વે. મૂ. જૈન**

વઢવાણ નિવાસી હાલ મલાડ (વેસ્ટ) સુરેશ શાહ (ઉં.વ.૭૪) તે સ્વ. શારદાબેન માણેકલાલ શાહના સુપુત્ર. નયનાબેનના પતિ. હંસાબેન હર્ષદકુમાર વોરા, મયૂર, મુકેશના જયેષ્ઠ બંધુ, તે મેઘના ચિંતન કુમાર ત્રિવેદી અને પૂજાના પિતા. સ્વ.ચંદનબેન સૂર્યકુમાર મણીયારના જમાઇ. દેવાંગીબેન તથા વર્ષાબેનના જેઠ. તા.૧-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ. ભવાનજી લખમશી નિસર (ઉં. વ. ૬૦) તા.૨૯.૧૧.૨૫ શનિવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. ગં.સ્વ. મોંઘીબેન લખમશીના સુપુત્ર. સ્વ. વિમળા અને ગં.સ્વ. માયાબેનના પતિ. સ્વ. જેકી તથા હર્ષના પિતા. ગં.સ્વ. હરમીત, અ.સૌ. એક્તાના સસરા. સ્વ. વિજયાબેન રમણીકલાલ વોરાના જમાઈ. પ્રાર્થના સભા. બુધવાર તા. ૦૩.૧૨.૨૫ના સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ નવાગામ - ભચાઉ હાલે થાણાના સ્વ. વેજીબેન રતનશી ખુથિયાના પુત્રવધૂ. બાબુભાઈ રતનશીના ધર્મપત્ની જવેરબેન (ઉં. વ. ૭૪) સોમવાર, તા. ૧.૧૨.૨૫ના અવસાન પામેલ છે. પ્રેમીલા, રાયચંદ, ચંપક, વીણાના માતુશ્રી. ભાવના, કવિતા, કીશોર, પ્રકાશના સાસુ. સાગર, વિશાલ, દીપ, વૃતિના દાદી. ભચાઉ ના સ્વ. ગોમાબેન કરસન રાઘવજી કારીઆના સુપુત્રી. પ્રા.સભા તા. ૦૩.૧૨.૨૫, બુધવારે બપોરે ૨.૩૦ થી ૪ કલાકે. પ્રા.સ્થળ યોગી સભાગૃહ, સ્વામિનારાયણ મંદીરની બાજુમાં, દાદર (ઈ)

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

પ્રાર્થના સભા- ૦૪/૧૨/૨૦૨૬ (ગુરૂવાર) ગામ આધોઈના સ્વ. કસ્તુરબેન હિરજી રણમલ સત્રા, (ઉં.વ. ૮૩), રવિવાર તા.૩૦/૧૧/૨૫ ના અ.પા છે. મહેન્દ્ર, જીતેન્દ્ર, રજંન, નિર્મળા, નયના, જવેર, મંજુલાના માતૃશ્રી. સ્વ. વર્ષા, શીતલ, નેણશી, ભગવાનજી, હિતેષ, રતનશીના સાસુ. નિમેશ, વંશ, દ્રષ્ટિ, મોક્ષાના દાદી. મુરઈબેન પાસુ માલશીના દીકરી. જેવાબેન માંયા ગાલાના દીકરી. પ્રાર્થના કરશન લઘુ નીસર હોલ, સમય ૧૦.૩૦ થી ૧૨.

**પાટણ જૈન**

પાટણ સીધ્ધચક્રની પોળના હાલે ગોરેગાંવ, શ્રીમતી અરુણાબેન જીતેન્દ્રભાઈ શાહ (ઉં. વ. ૮૩) તા. ૨૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈ અમૃતલાલના ધર્મપત્ની, મનિષાબેન હિતેનભાઈ અને સ્વયમ્ ભાઈના માતુશ્રી. સ્વ. મનિષાબેન સ્વયમ્ ભાઈ તથા હિતેનભાઈ પ્રવિણચંદ્રના સાસુ, જૈનમના દાદી તથા મિતીના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ઉમરાળા નિવાસી હાલ કરાડ, અરૂણભાઈ પોપટલાલ શાહ (ઉં. વ. ૭૮) તે જયશ્રીબેનના પતિ. મેહુલ તથા પારૂલના પિતા. પૂર્વી તથા કેતન ડેલીવાળાના સસરા. જયચંદ્રભાઈ, કિરીટભાઈ, કિશોરભાઈ, સ્વ. દિલીપભાઈ, સુરેશભાઈ, સ્વ. જશવંતીબેન, સ્વ. શશીકળાબેન, સ્વ. કનકબેન, ઈલાબેનના ભાઈ. સ્વ. હિંમતલાલ શાંતિલાલ ભાયાણીના જમાઈ ૧/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૪/૧૨/૨૫ના ૧૦ થી ૧૨. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, રામ ઓટો મોબાઈલ સામે, શનિવાર પેઠ કરાડ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

મહેન્દ્રભાઈ શાહ (ઉં. વ. ૮૦) ૦૧/૧૨/૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. તે સ્વ. કાંતાબેન દયાલાલ શાહના પુત્ર. કુસુમબેનના પતિ. સ્વ. દિવાળીબેન મોહનલાલ મહેતાના જમાઈ. શશીકાંતના ભાઈ, ભારતીબેન પ્રવીનચંદ્ર મહેતા, દામીનીબેન હરીશભાઇ મહાજનીના ભાઈ. નિમેષ, ડેલી, કોમલના પિતાશ્રી. પ્રીતિ, નિરવ, જતીનના સસરાજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તુંબડીના ચાંપશી કુંવરજી સતીયા (ઉં. વ. ૮૯) તા. ૩૦-૧૧-૨૫ના ભુજોડી (ભુજ) મધ્યે અવસાન પામેલ છે. સ્વ. હીરબાઇ કુંવરજીના સુપુત્ર. દમયંતીના પતિ. સ્વ. મહેશ, મુકેશ, ભારતીના પિતાશ્રી. નાનજીભાઈ, મગનલાલ, (વેજબાઈ) દેવકાંબેન, પાનબાઈ, નાનબાઇ, ઝવેરબેન, મણીબેનના ભાઇ. બિદડાના મઠાંબેન તેજશી મારૂના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુકેશ સતીયા, એઆરએ, ૩૧, વર્ધમાન નગર, ભુજોડી - ૩૭૦૦૨૦.

ભોજાયના કલ્યાણજી નરશી નાગડા (ઉં. વ. ૮૬) તા. ૧-૧૨-૨૫, સોમવારના ભોજાય મુકામે અરિહંતશરણ પામેલ છે. સ્વ. ગંગાબાઈ નરશી રવજીના પુત્ર. સ્વ. રતનબાઈ રવજી દેશુ નાગડાના પૌત્ર. કોટડા રોહાના સ્વ. નાનબાઈ હિરજી ડાઈયા વિકમાણીના દોહીત્ર. બાંભડાઈના વેલબાઈ દામજી દેવજી સોની, ભોજાયના મણીબેન દામજી પાલણ મારૂના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. મણીબાઈ દામજી મારૂ. ગામ : ભોજાય, તાલુકો : માંડવી, કચ્છ ગુજરાત-૩૭૦૪૫૦.

બિદડાના હસમુખ પોલડીયા (ઉં. વ. ૬૮) તા. ૨૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેન ખીમજીના પુત્ર. પ્રભાના પતિ. સ્વ. મિહીર, સૌરભના પિતા. રમેશ, દિનેશ, હિરેનના ભાઈ. નવાવાસ વેલબાઈ પ્રેમજીના જમાઇ. પ્રા. શ્રીવ. સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦.

સણોસરાના કેયુર જયંતી વિસરીયા (ઉં. વ. ૪૯) તા. ૨-૧૨-૨૫નાં થાણા મધ્યે અવસાન પામેલ છે. કેસરબેન કલ્યાણજીના પૌત્ર. નિર્મળા જયંતીના સુપુત્ર. બાડાના દિવાળીબેન મેઘજી રવજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : નિર્મળા વિસરીયા, ૨૦૪, દેવબાપા સોસાયટી, ખારકર આળી, થાણા (વે.).

આધોઇના ભવાનજી નિસર (ઉં.વ.૬૦) તા. ૨૯-૧૧-૨૦૨૫, શનિવારના અવસાન પામેલ છે. ગં.સ્વ. મોંઘીબેન લખમશી નિસરના સુપુત્ર. સ્વ. વિમળા અને ગં.સ્વ. માયાબેનના પતિ. સ્વ. જેકી તથા હર્ષના પિતા. સ્વ. મનસુખ, કિશોર, કાંતા, અરૂણા, કુંવરના ભાઇ. સામખીયારીના ગં.સ્વ. હરખુબેન ગેલાભાઈ પુનરાજ ગડા અને સ્વ. વિજયાબેન રમણીકલાલ વોરાના જમાઇ. પ્રાર્થનાસભા : બુધવાર, તા. ૦૩-૧૨-૨૦૨૫ના રાખેલ છે. પ્રા. સમય: સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦. પ્રા. સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. હસુમતિબેન ચંપકલાલ વેલચંદ દોશીના સુપુત્ર કિરણભાઇ (ઉં. વ. ૬૫) તા. ૧-૧૨-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. બકુલભાઇ તથા અમિતભાઇના ભાઇ. કિન્નરી મનનકુમાર ઝવેરીના પિતા. વનમાળીદાસ જુઠાલાલ શાહ (ઠવિવાળા)ના જમાઇ. કુંવરજી ગોરધનદાસ શાહ (ભાવનગરવાળા)ના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ દાદર શૈલેષ શાંતિલાલ હઠીચંદ સંઘવીના ધર્મપત્ની અ. સૌ. રાજુલ (ઉં.વ.૬૧) તા. ૧-૧૨-૨૫ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. આર્થવ, કલ્પનાના મમ્મી. પ્રિયમ આરોહીના સાસુ. વિપુલના ભાભી. લતા અભયકુમાર મહેતા પાલિતાણાવાળા, કૃપા ભાવેશકુમાર શાહ શિહોરવાળાના ભાભી. પિયર પક્ષે સ્વ. મંગળાબેન હિંમતલાલ ચત્રભુજ શાહ મોખડકાવાળાના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

હાલ કાંદિવલી જસ્મીનાબેન દિલીપભાઇ કાપડીયા (ઉં. વ. ૮૩) તે (હરીલાલ પી. દેવચંદ) તે સુનીલભાઇ તથા રિદ્ધિ દેવાંગભાઇ શાહના માતુશ્રી. ટીનાના સાસુ. પ્રદીપભાઇ તથા જાગૃતિબેન, ભરતભાઇ તથા ગીતાબેન, જીતેન તથા રશ્મિબેન, જયશ્રીબેન અશ્વિનભાઇ શેઠના ભાભી. ભગવાનદાસ ધરમદાસ શાહના પુત્રી. વિરેન્દ્રભાઇ, દિપકભાઇ તથા નિતિકાબેન મહેન્દ્રભાઇ શાહના બેન તા. ૨૭-૧૧-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

બેરામ રશીદ ઇરાની તે ખોરશેદ બેરામ ઇરાનીના ખાવીંદ. તે મરહુમો ખોરશેદ તથા રશીદ ઇરાનીના દીકરા. તે રૂકશાદ ને રૂઝબેના પપ્પા. તે માફરીન ને ડાયનાના સસરા. તે ફેહાનના બપાવા. તે મરહુમો નાજામાય તથા કાવસજી ડી પૂનાવાલાના જમાઇ. તે મરહુમો, પીલુ, શીરીન, ખારમેન ને બમનના ભાઇ. (ઉં. વ. ૮૩) (રે. ઠે.) બિલ્ડિંગ નં-૨, ફ્લેટ નં.૧૦, પંથકી બાગ, વિશાલ હોલની સામે, અંધેરી (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં-૬માં.

એદિલ જાલ કાત્રક તે માહરૂખ એદિલ કાત્રકના ખાવીંદ. તે મરહુમો એલીશ તથા જાલ કાત્રકના દીકરા. તે પરીનાઝ અહીશ વાડીયા, કૈનાઝ શાહઝાદ દાવરના પપ્પા. તે અહીશ સરોશ વાડીયા ને શાહઝાદ એ. દાવરના સસરા. તે શેહનાઝ મીનુ ભાદાના ભાઇ. તે રીઆના, નેશ વાડીયા ને શોન, યોહાન દાવરના મમાવા. (ઉં.વ.૭૬) રે. ઠે. ૧૮૧, સ્કાય સ્ક્રેપર-બી, ભુલાભાઇ દેસાઇ રોડ, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૧૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

ગવેર સરોશ અંકલેસરીયા તે સરોશ એફ અંકલેસરીયાના ધણીયાની. તે મરહુમો માનેકબાઇ તથા બરજોરજી જશાવાલાના દીકરી. તે આદિલ અંકલેસરીયા ને હેકટર અંકલેસરીયાના મમ્મી. તે બીનાઇફર અંકલેસરીયા ને બેનાઇઝા, શ્રોફના સાસુ. તે વહીસ્તા અંકલેસરીયા ને ઝહાન અંકલેસરીયાના બપાવાજી. (ઉં. વ.૮૦) રે. ઠે. બી/૮, ભોંયતળિયે, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, ગણેશ ગલીની સામે, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ મધે વાડિયા અગિયારીમાં.

## હિન્દુ મરણ

સ્વ. નયના દિનેશ સોનીના પતિ. અમિત દિનેશ સોનીના પિતા. સ્વ. દિનેશ કેશવલાલ સોની (ઉં. વ.૭૨) (ગામ વિરમગામ) તા. ૩૦-૧૧-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૧૨-૨૫ ગુરુવારના ૪થી ૬. નિવાસસ્થાને : ફ્લેટ નં. ૨૬૦૨, ૨૬મો માળ, ધવલગિરિ બિલ્ડિંગ, યશોધામ રોડ, દિંડોશી બસ ડેપોની સામે, ગોરેગામ (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ લખપત હાલ હુબલી-કર્ણાટક એલવીટી, સ્વ. કાશીબાઇ લક્ષ્મીકાંત વલ્લભદાસ ઠક્કર મોટનપુત્રાના જયેષ્ઠ પુત્રવધુ ચેતનાબેન જીતેન્દ્ર ઠક્કર (ઉં. વ. ૭૮) તા. ૨૮ નવેમ્બર ૨૫, શુક્રવારના પ્રભુ શરણ પામ્યા છે. તે ધીરેન, જસ્મીના શાલીન જોબનપુત્રા, હિના હિતેન દાવડા, મનિષા વિશાલ ચંદેના માતુશ્રી. મીનલના સાસુ. ખુશાલી, પૂજનના દાદી. સ્વ. સુંદરબેન વિઠ્ઠલદાસ રતનશી ચંદે (મોજાર) કોઠારાવાલાના પુત્રી.ફ મુંબઇ મધે પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ મલાડ રાજેશ ચંદુલાલ ગોપાણી તે લીલાબેન ચંદુલાલ લક્ષ્મીચંદ ગોપાણીના દીકરા (ઉં. વ. ૬૮) તે દીપ્તિબેનના પતિ. દેશલ અને સૌરભના પિતા. શ્વેતા અને કેજલના સસરા. સ્વ. રમીલાબેન ચંદ્રકાન્ત વોરા, વર્ષાબેન (વિભા) પ્રદીપકુમાર દોશી, ઇલાબેન આશિષકુમાર શાહના ભાઇ. ચંદ્રકાન્ત મોહનલાલ મણીયારના જમાઇ. ઇવાન અને દેવ્યના દાદા તા. ૧-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લવજી માવજી રાયમંગ્યાના ધર્મપત્ની હાલ મુલુંડ ગં. સ્વ. મંગલાબેન લવજી રાયમંગ્યા (ઉં.વ. ૯૧) ગામ ટપ્પર (સોનારવાલી) તા. ૩૦-૧૧-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સીતાબેન લીલાધર માણેકના પુત્રી. ગામ ગઢશીશા તે સ્વ. કિશોરભાઇના બહેન. સ્વ. કીર્તિ, વિજય, શૈલેષ, માલતી મહેન્દ્ર તન્નાના માતુશ્રી. ગીતા, રાજશ્રી, રેખાના સાસુજી. કેતન, પ્રિતેશ, કેવલ, વિરેન, ભક્તિ, હિરલના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ નાલાસોપારા, સ્વ. સવિતાબેન વૃજલાલ વોરાના પુત્ર રમેશભાઈ (ઉં. વ.૬૫) તા. ૩૦/૧૧/૨૫ને રવિવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિપ્તિબેનના પતિ અને રવિ, રિયાના પિતા. પ્રતિમા અને કરણના સસરા. સ્વ. બાબુભાઈ ભગવાનદાસ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. તારાબેન દેવચંદભાઈ તલાટીના પુત્ર પ્રકાશભાઈ (ઉં. વ. ૭૪) ૨૯/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જ્યોત્સ્નાબેનના પતિ. જીપ્સી રિતેશ શાહ, ખ્યાતિ, ઉષ્મા આદિત્ય મહેતાના પિતા. સ્વ. કલ્પનાબેન, કૌશિકા, સ્વ. લીના, રાજુ, રિટાના ભાઈ. સ્વ. જસવંતીબેન ચીમનભાઈ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા તેમજ લૌકક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

ગણોદવાળા, નવનીતલાલ મોહનલાલ કાલિદાસ કોઠારી કલકત્તા, હાલ તાળદેવ મુંબઈના ધર્મપત્ની શ્રીમતી જ્યોતિ (ઉં. વ. ૮૧) તે ચેતન તથા સ્વાતિ આલોક ઝવેરીના માતુશ્રી. શિલવાળા સ્વ. ઉજમબેન માણેકલાલ જગજીવન શાહના સુપુત્રી. ગુરુવાર તા. ૨૭/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ મઉં મોટી, હાલે થાણા, ગં.સ્વ. પુષ્પાબેન વિશ્રામ રાજાવાઢા (ઉં. વ. ૭૫) તે સ્વ.વિશ્રામ કુંવરજી રાજાવાઢાના ધર્મપત્ની, સ્વ. લીલાવતી કેશવલાલ ભટ્ટ ગામ કુતિયાણાના સુપુત્રી, ૦૧-૧૨-૨૫ સોમવારના રામશરણ પામેલ છે. તે અમિત મનીષ અને દક્ષા પ્રકાશકુમાર દુબલના માતૃશ્રી. નીતા, રશ્મી અને પ્રકાશકુમાર કાંતિલાલ દુબલના સાસુ. મીનલ નેજુલકુમાર હિંગુ, ક્રિશી કૃણાલકુમાર સોનેજી, મીત, નીશી અને સ્વસ્તિના દાદીમાં, રિતેશ, ફોરમના નાનીમાં. પ્રાર્થનાસભા તા. ૦૩-૧૨-૨૫ બુધવારના ૪ થી ૫. પાંજીવાડી, કાંજૂરમાર્ગ - પૂર્વ. દશાવ પ્રથા બંધ છે.

**નડિયાદ દશા ખડાયતા વણિક**

ગં. સ્વ. સ્નેહલતાબેન રોહિતભાઇ પરીખ (ઉં.વ.૭૯) તે સ્વ. રોહિત મનહરલાલ પરીખના ધર્મપત્ની. પ્રેમલ તથા ધ્રુમલના માતુશ્રી. અ. સૌ. ગોપી તથા અ. સૌ. તન્વીના સાસુ. ઇશા, શિખા અને અનિષાના દાદી તા.૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૪-૧૨-૨૫ના પાટીદાર સમાજ, ફ્રેંચ બ્રિજ, ઓપેરા હાઉસ મુંબઇ ખાતે સાંજે ૫થી ૭.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી ત્રિભોવનદાસ ખીમજી ગાંધીના પુત્ર મહેન્દ્રભાઇના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં.વ.૭૭) તા. ૨૯-૧૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રિતીબેન, જતીન, કેતકીના માતુશ્રી. તથા હેતલ, દિપકકુમાર શેઠ, વિજયકુમાર મોદીના સાસુ. આર્યના દાદી. ચિત્તલવાળા શાંતિલાલ પાનચંદ મહેતાની દીકરી. તે સાવરકુંડલાવાળા ભીખાલાલ હરજીવનદાસ કાણકીયાની ભાણેજ. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૧૨-૨૫ ગુરુવારના ૪થી ૬. ઠે. પાવનધામ, એમસીએ કલબની સામે, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ), સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ અંધેરી સ્વ. વિમળાબેન નગીનદાસ નાગરદાસ શેઠના પુત્ર જયોતિન્દ્ર (ઉં. વ. ૭૩) તા. ૩૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દક્ષાના પતિ. ઉમંગી ભાવિક દેસાઇ તથા પ્રતિકનાં પિતા. તે મહેન્દ્ર, સ્વ. ભૂપેન્દ્ર, સ્વ. પ્રતિમા મોહિત મહેતા, અ. સૌ. વર્ષા બિપીન મહેતા તથા સ્વ. હેમંતના ભાઇ. મોતાળા બ્રાહ્મણ સ્વ. દેવાનંદ ઋષિના જમાઇ. હર્ષદભાઇના બનેવી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# એર ઇન્ડિયાની બેદરકારી! મુદત પૂરી થયેલા પ્રમાણપત્રો સાથે વિમાનને આઠ વખત ઉડાડ્યું

**ડીજીસીએ એ ગંભીર નોંધ લઈ તપાસ શરૂ કરી છે**

મુંબઈ : દેશના ઉડ્ડયન નિયમનકાર નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય ડીજીસીએ એ ગંભીર બેદરકારી બદલ એરલાઇન ઓપરેટર એર ઇન્ડિયાને ફટકાર લગાવી છે. એરલાઇન્સે ઉડ્ડયન પ્રમાણપત્રની મુદત પુરી થયેલા એરબસ ૩૨૦ વિમાન ઉડાવવાનું ચાલુ રાખ્યું હતું. આનાથી ઘણા મુસાફરોના જીવ અનેક વખત જોખમમાં મુકાયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર એરલાઇને ૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ એરવર્ધિનેસ (ઉડ્ડયન યોગ્યતા) સર્ટિફિકેટની મુદત પુરી થઇ ગયેલા ૧૬૪ સીટવાળા અ૩૨૦ વિમાનને આઠ વખત ઉડાડ્યું હતું. એક એન્જિનિયરને ભૂલની જાણ થઇ અને ત્યારબાદ વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય ડીજીસીએ એ તેને ગંભીર સુરક્ષા ઉલ્લંઘન ગણાવીને સંપૂર્ણ તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં સંડોવાયેલા કર્મચારીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એર ઇન્ડિયાના પ્રવક્તાએ સમગ્ર મામલા પર એક નિવેદન જારી કરીને કહ્યું કે અમે કામગીરીમાં સલામતી અને જવાબદારીના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. અમે કોઈપણ ફરજિયાત નિયમો અથવા પ્રક્રિયાઓમાંથી કોઈપણ વિચલનને અત્યંત ગંભીરતાથી લઈએ છીએ અને અમારી સંસ્થામાં તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. અમારા એક વિમાનના એરવર્ધિનેસ (ઉડ્ડયન યોગ્યતા) રિવ્યૂ સર્ટિફિકેટ એઆરસીની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં ઉડાન ભરવાની ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. ■

# દક્ષિણ મુંબઈ સહિત પૂર્વ ઉપનગરમાં પાણીના ધાંધિયા

## નાગરિકોને પીવાનું પાણી નહીં મળ્યું, સાર્વજનિક શૌચાલયોમાં પણ પાણી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ ઘાટકોપર અમલ મહેલ પાસે અંડર ગ્રાઉન્ડ ગ્રાઉન્ડ વોટર ટનલ સાથે પાઈપલાઈનને જોડવાનું કામ હાથમાં લીધું હતું, જે નિયોજિત ૩૦ કલાકથી પણ વધુ સમય ચાલતા મુંબઈના અનેક વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ પાણી પુરવઠો ખોરવાઈ ગયો હતો. પાલિકા પ્રશાસને પાણીપુરવઠો બાબતે મોડે સુધી કોઈ સ્પષ્ટતા નહીં કરતા સોમવાર બાદ મંગળવારે પણ નાગરિકોને પાણી માટે વલખા મારવા પડયા હતા. મંગળવાર મોડી રાત સુધી કામ ચાલ્યું હોવાથી આજે કદાચ પાણીપુરવઠો પૂર્વવત્ થવાની શક્યતા છે.

અમર મહેલ જંકશન પાસે અંડર ગ્રાઉન્ડ વોટર ટનલના

(જુઓ પાનું ૪) ▶▶

### ક્યાં થઈ હાલાકી?

દક્ષિણ મુંબઈમાં કોલાબા, ફોર્ટ, વાડીબંદર, દાણા બંદર, ડોંગરી, બીપીટી વિસ્તારથી લઈને મસ્જિદ બંદર, મુંબઈ સેન્ટ્રલ, ભાયખલા, મહાલક્ષ્મી, ચિંચપોકલી, મઝગાંવ, પરેલ, સાયન, દાદર, વડાલા, નાયગાંવ, શિવડી જેવા અનેક વિસ્તારોમાં પાણીપુરવઠાને ફટકો પડયો હતો. તો પૂર્વ ઉપનગરમાં કુર્લાથી લઈને ચેમ્બુર, માનખુર્દ, ઘાટકોપર, ગોવંડી, માહુલ, વિદ્યાવિહાર, ઘાટકોપરમાં પંતનગર, ગારોડિયા નગર, કામરાજ નગર, ચિરાગ નગર, માણેકલાલ, એલ.બી.એસ. રોડ, ગોદરેજ, વિક્રોલી વિલેજ, ઘાટકોપર પશ્ચિમમાં નારાયણ નગર, સર્વોદય, ગંગાવાડી સહિત વિક્રોલી પૂર્વમાં ટાગોર નગર, કન્નમવાર નગર, કાંજુરમાર્ગ પૂર્વ, ભાંડુપ પૂર્વ અને નાહૂર પૂર્વમાં પાણીને લઈને નાગરિકોને ભારે હાલાકી થઈ હતી. ■

# ઓરેન્જ ગેટ-મરીન ડ્રાઈવ ડબલ ટનલનું કામ બુધવારથી શરૂ

## મુખ્ય પ્રધાનના હસ્તે આજે ઉદ્ઘાટન

મુંબઈ: ઓરેન્જ ગેટ-મરીન ડ્રાઇવ ડબલ ટનલ પ્રોજેક્ટનું કામ આખરે બુધવાર (૩ ડિસેમ્બર) થી શરૂ થશે. ટનલ બનાવવા માટે પ્રથમ ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) ઓરેન્જ ગેટ ખાતે લોન્ચિંગ શાફ્ટથી ઉતારવામાં આવશે.

ચેમ્બુર અને સીએસએમટી વચ્ચે ઝડપી મુસાફરી માટે એમએમઆરડીએ દ્વારા બનાવવામાં આવેલ ૧૬.૮ કિમી લાંબો ઇસ્ટર્ન ફ્રીવે ૨૦૧૩ માં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઇસ્ટર્ન ફ્રીવે ને કારણે ચેમ્બુર અને સીએસએમટી વચ્ચેનું અંતર ૨૦ થી ૨૫ મિનિટમાં કાપી શકાય છે. જોકે ચેમ્બુરથી સીએસએમટી ઝડપથી પહોંચ્યા પછી મરીન ડ્રાઇવ અને ચર્ચગેટ તરફ જતા વાહનોને

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઃ સરેરાશ ૪૭.૫૧% મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૨૬૪ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યા સુધી ૪૭.૫૧ ટકા મતદાન નોંધાયું હતું, જેમાં રાજ્યના કેટલાક ભાગોમાં હિંસા, પથ્થરમારો અને શાસક પક્ષોના કાર્યકરો સંડોવાયેલા હોવાના અહેવાલો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થયેલ મતદાન સાંજે ૫.૩૦ વાગ્યે પૂર્ણ થયું હતું.

રાજ્ય ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે બપોરે ૩.૩૦ વાગ્યા સુધી ૪૭.૫૧ ટકા મતદાન નોંધાયું હતું અને અંતિમ ટકાવારી મોડી રાત્રે ઉપલબ્ધ થશે. ચૂંટણીમાં, સ્થાનિક શાસક

(જુઓ પાનું ૪) ▶▶



**ફરજઃ** મહારાષ્ટ્રમાં યોજાયેલી નગર પરિષદ અને નગરપાલિકાની ચૂંટણીઓ માટેનું મતદાન ચુસ્ત બંદોબસ્ત હેઠળ પાર પડ્યું હતું.

# ચોમાસા પહેલા સાયન ફ્લાયઓવર ખુલ્લો મુકાશે

## પહેલી જૂનના ઉદ્ઘાટન થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાયન ફ્લાયઓવરનું કામ આગામી ચોમાસા પહેલા પૂરું કરીને તેને જૂન,૨૦૨૬થી વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવાની મુંબઈ મહાનગરપાલિકાની યોજના છે. હાલ પૂલ માટેના ગર્ડર નાગપૂર અને અંબાલાની ફેક્ટરીમાં બની રહ્યા છે અને આવતા વર્ષે માર્ચ અને એપ્રિલમાં બંને તરફના ગર્ડર બેસાડવાની યોજના હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

સાયન પૂર્વ અને પશ્ચિમને જોડનારા સાયન ફ્લાયઓવરના પુનઃ બાંધકામને મુદ્દે સોમવારે પાલિકા મુખ્યાલયમાં પાલિકા, ટ્રાફિક પોલીસ અને રેલવે વિભાગના અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ૩૧ મે, ૨૦૨૬ સુધીમાં ફ્લાયઓવરનું કામ પૂરા કરવાના રહેશે અને જૂન મહિનામાં સુધીમાં બ્રિજને કોઈ પણ હિસાબે શરૂ કરવાનું આયોજન છે.

અભિજિત બાંગરે જણાવ્યું હતું કે સાયન બ્રિજનું રેલવે હદમાં આવતું કામ

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેના ગાયમુખથી મીરા-ભાયંદર મેટ્રો-૧૦ ફાસ્ટ ટ્રેક પર

## ૮,૦૦૦ કરોડનો મેટ્રો પ્રોજેક્ટ ૨૦30માં પૂરો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણેના ગાયમુખથી મીરા-ભાયંદરના શિવાજી ચોક વચ્ચે દોડનારી ૯.૭ કિલોમીટર લાંબી મેટ્રો-૧૦ પ્રોજેક્ટ પર બહુ જલદી કામ શરૂ થવાનું છે. લગભગ ૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનનારી મેટ્રો-૧૦ની ડેડલાઈન ૨૦૩૦ની છે. આ પ્રોજેક્ટ માટે ૧૫ ડિસેમ્બર સુધીમાં ટેન્ડર બહાર પાડવામાં આવવાના છે.

થાણેના ગાયમુખથી શરૂ થઈને મીરા-ભાયંદરના શિવાજી ચોક સુધી દોડનારી મેટ્રો-૧૦ સંપૂર્ણ એલિવેટેડ રૂટ રહેશે. આ રૂટ પર પાંચ સ્ટેશન પ્રસ્તાવિત છે, જેમાં ગાયમુખ રેતી બંદર, ચેના ગાંવ, વર્સોવા ગાવ, કાશીમીરા અને મીરાગાવ થઈને તે શિવાજી ચોક સુધી પહોંચશે. રાજ્યના પરિવહન વિભાગના પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે થાણેના ગાયમુખ અને શિવાજી ચોક વચ્ચેની મેટ્રો માટે લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી હતી. આખરે આ પ્રોજેક્ટ પાટે ચઢવાનો છે. આ પ્રોજેક્ટ માટે ૧૫ ડિસેમ્બરના ટેન્ડર બહાર પાડવામાં આવવાના છે. આ રૂટ પર ૨.૩૧ સુધીમાં રોજના ૪.૬૬ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરશે

(જુઓ પાનું ૪) ▶▶

**મધ્ય રેલવેની મૂંઝવણ**

# ૧૫ કલાકના બ્લોક માટે ૧૨૫૦ લોકલ અને ૪૦ એક્સપ્રેસ ટ્રેનો રદ કરવી પડે

**પશ્ચિમ રેલવેમાં ૬૦ દિવસનો બ્લોકને કારણે ટ્રેનો મોડી-રદ્ થવાથી પ્રવાસીઓ હેરાન**

મુંબઈ: એલ્ફિન્સ્ટન બ્રિજને તોડી પાડવા અંગે મધ્ય રેલવે, પશ્ચિમ રેલવે અને મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી બેઠકો ચાલી રહી છે, પરંતુ હજુ સુધી સંપૂર્ણ પ્લાન તૈયાર થઇ શક્યો નથી.

વાસ્તવમાં, મહારેલ એ બ્રિજ તોડી પાડવા માટે ૧૪ કલાકના બ્લોકની માગણી કરી છે અને રેલવેને ઓવરહેડ વાયરના કામ માટે લગભગ ૧ કલાકની જરૂર પડશે.

આ મુજબ દાદર-સીએસએમટી વચ્ચેની સેવા ૧૫ કલાક માટે બંધ કરવી પડશે, જેના કારણે ૪૦ એક્સપ્રેસ અને ૧૨૫૦ લોકલ ટ્રેનો પ્રભાવિત થઈ શકે છે. આ જ કારણ છે કે મધ્ય રેલવે સમક્ષ પ્રશ્ન ઉભો થયો છે કે ૧૫ કલાકનો બ્લોક કેવી રીતે લેવો? આ દરમિયાન પશ્ચિમ રેલવેમાં ૬૦ દિવસનો બ્લોકને કારણે ટ્રેનો મોડી-રદ્ થવાથી પ્રવાસીઓ હેરાન થઈ રહ્યા છે.

મધ્ય રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જો બ્લોક દરમિયાન સીએસએમટી અને દાદર વચ્ચેની ચારેય લેન બંધ રહેશે, તો દેશના વિવિધ ભાગોમાંથી સીએસએમટી પહોંચતી લગભગ ૪૦ મેલ/એક્સપ્રેસ અને

(જુઓ પાનું ૪) ▶▶

# ધનંજય મુંડેની હત્યા થવાની હતી

## વિધાનસભ્યના દાવાથી રાજકારણમાં ખળભળાટ

મુંબઈ: 'ભૂતપૂર્વ પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વિધાનસભ્ય ધનંજય મુંડેની આત્મહત્યા થવાની હતી, પણ તેઓ ઉગરી ગયા એવા રાષ્ટ્રીય સમાજ પાર્ટીના વિધાનસભ્ય રત્નાકર ગુટ્ટેના નિવેદનથી સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. ધનંજય મુંડેની ઇન્દોરમાં હત્યા થવાની હતી, પરંતુ સ્વર્ગસ્થ ભૈયુજી મહારાજને કારણે તે બચી ગયા હોવાનો ઉલ્લેખ ગુટ્ટેના ભાષણમાં કરવામાં આવ્યો છે.

ધનંજય મુંડે બે દિવસ પહેલા એનસીપીના ઉમેદવાર ઉર્મિલા કેન્દ્રે માટે પ્રચાર કરવા ગંગાખેડ આવ્યા હતા. તે સમયે તેમણે વિધાનસભ્ય રત્નાકર ગુટ્ટેની આકરી ટીકા કરી હતી. ગુટ્ટેએ ધનંજય મુંડે

(જુઓ પાનું ૪) ▶▶

**ચૂંટણી-મત ગણતરી મુલતવી**

# મેં તો આવું પહેલીવાર જોયુંઃ ફડણવીસ

મુંબઈ: મેં હજી સુધી આદેશ વાંચ્યો નથી. પરંતુ ખંડપીઠે આપેલા ચુકાદાને બધાએ સ્વીકારવો જ પડશે. છેલ્લા ૨૫-૩૦ વર્ષથી હું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જોઈ રહ્યો છું. પરંતુ પહેલીવાર એવું થઈ રહ્યું છે કે જાહેર થયેલી ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી રહી છે અને પરિણામ પણ મોડા આવી રહ્યા છે. આ પદ્ધતિ બરાબર નથી. નાગપુરની ખંડપીઠ સ્વાયત્ત છે, ચૂંટણી પંચ પણ સ્વાયત્ત છે અને તેમનો નિર્ણય સ્વીકારવો જ પડે. જોકે, થાય છે એવું કે જે ઉમેદવારો સખત મહેનત કરે છે અને પ્રચાર કરે છે તેમને નિરાશા થાય છે. સિસ્ટમની ભૂલોને કારણે આવું થાય તે યોગ્ય નથી. મને લાગે છે કે ચૂંટણી પંચે ઘણી ચૂંટણીઓનું આયોજન કરવાનું છે. ચૂંટણી પંચે આ પ્રક્રિયામાં સુધારો કરી આગામી ચૂંટણીમાં એનું પુનરાવર્તન ન થાય એનું ધ્યાન રાખવું જોઈએ, એમ ફડણવીસે કહ્યું હતું.

કાયદાનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે એવો અભિપ્રાય વ્યક્ત કરી દેવેન્દ્ર ફડણવીસએ વધુમાં જણાવ્યું હતું કે મને ખબર નથી કે ચૂંટણી પંચના વકીલ કોણ છે અને હું તેમનો આદર જાળવી આ કહી રહ્યો છું. મને લાગે છે કે આ ખોટું અર્થઘટન છે. ચૂંટણી પ્રક્રિયા તેમાંથી પસાર થઈ રહી છે. કોઈ અદાલતના દરવાજા ખટખટાવે અને તેને રાહત ન મળી હોય તો પણ ચૂંટણી મુલતવી રાખવામાં આવે એ બર્બર નથી. હવે હું તેના વિશે વધુ કંઈ નથી કહેવા માગતો. હું ચૂંટણી પંચથી નહીં કાયદાકીય પ્રક્રિયાથી નારાજ છું. માત્ર ૨૪ બેઠક માટે મતદાન બાકી હોવાથી મને નથી લાગતું કે તમામ મતગણતરી મુલતવી રાખવી યોગ્ય છે, પરંતુ હું તેનાથી વધુ કંઇ નહીં કહું. ■

# મતગણતરી મુલતવી રાખવી એ મતચોરીનો દાવ? કોંગ્રેસનો આક્ષેપ

નાગપુરઃ નાગપુર ખંડપીઠે આપેલા આદેશ પછી રાજ્યની ચૂંટણી પ્રક્રિયા સામે ફરી એકવાર સવાલ ઊભો થયો છે ત્યારે કોંગ્રેસ નેતા અને વિરોધી પક્ષ નેતા વિજય વડેટ્ટીવારે સરકાર અને ચૂંટણી પંચની ઝાટકણી કાઢી છે. આ આદેશ અનુસાર મત ગણતરીની તારીખ ૨૧ ડિસેમ્બર સુધી મુલતવી રાખવામાં આવી છે, જેને વડેટ્ટીવારે લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે.

નાગપુર ખંડપીઠનો નિર્ણય ચૂંટણી પ્રક્રિયા માટે આઘાતજનક છે અને તેના માટે રાજ્ય સરકાર અને ચૂંટણી પંચ બંને જવાબદાર છે એમ જણાવી વિજય વડેટ્ટીવારે આરોપ મૂક્યો હતો કે ઓબીસીને ૨૭ ટકા અનામત આપવામાં આવી છે એ દર્શાવવા માટે સરકાર સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ખોટું અર્થઘટન કરવાનો પ્રયાસ થયો છે. આ સરકાર કઈ દિશામાં કામ કરે છે?

વડેટ્ટીવારે મતગણતરી મુલતવી રાખવાના નિર્ણય સામે પણ સખત વાંધો ઉઠાવી જણાવ્યું હતું કે ચૂંટણી પંચ સરકારના હાથની કઠપૂતળી બની ગયું છે. તેમના ઈશારે જ કામ થઈ રહ્યું છે એ હવે સ્પષ્ટ થઈ ગયું છે. રાજ્યમાં અનેક ચૂંટણીઓ યોજાઈ છે, પરંતુ આવી ઘટના ક્યારેય નથી બની નથી. ફડણવીસ સરકારને ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરવા માટે તેમણે દોષી ઠેરવી હતી. ■

# મુંબઈને મળશે પોતાનું સ્વતંત્ર ઍર ક્વોલિટી ઈન્ડેક્સ મોનિટરિંગ પ્લેટફોર્મ

## સુધરાઈનો આઈઆઈટી-કાનપુર સાથે સંયુક્ત પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં મોટા પ્રમાણમાં ચાલી રહેલા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટને પગલે ધૂળ અને પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા અનેક ઉપાયયોજના મૂકવામાં આવ્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાએ હવાની ગુણવત્તાનો વાસ્તવિક સમય, ડેટા જાણવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) કાનપુર સાથે મળીને મુંબઈ માટે એક સમર્પિત એર ક્વોલિટી ઈન્ડેક્સ મોનિટરિંગ પ્લેટફોર્મ શરૂ કરવાની યોજના બનાવી છે, જેને મુંબઈ એર નેટવર્ક ફોર એડવાન્સ સાયન્સ(માનસ) નામ આપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ ૨૦૨૬ના મધ્ય ભાગમાં શરૂ થવાની અપેક્ષા છે.

મુંબઈમાં હાલ ૨૬ કન્ટીન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન છે, જે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેશબોર્ડ સાથે જોડાયેલું છે. તેમ જ તે બે કિલોમીટર ત્રિજયામાં આવેલા વિસ્તાર માટે રીઅલ ટાઈમ એક્યુઆઈ ડેટા ઉપલબ્ધ કરે છે, જેની જાળવણીનું કામ પાલિકા દ્વારા કરવામાં આવે છે. માનસમાં ૭૫ એક્યુઆઈ સેન્સર હશે જે હાઈપરલોકલ, રીઅલ ટાઈમ

(જુઓ પાનું ૪) ▶▶

# ૩ દિવસની ઝુંબેશમાં ૬૭૬ રસ્તાની સફાઈ અને ૫૭૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ

વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈમાં ૨૮થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના સમયગાળામાં 'રસ્તા સ્વચ્છતા અને ધૂળ નિયંત્રણ' આ ત્રણ દિવસની ઝુંબેશ હાથ ધરાઈ હતી, જેમાં ૫૭૦ મેટ્રિક ટન કચરો, ૯૫ મેટ્રિક ટન નકામી વસ્તુ અને ૧૮ ટન કાટમાળનો નિકાલ કરવામાં આવ્યો હતો. તો ઘનકચરા વિભાગના સ્વચ્છતા કર્મચારીઓએ ૧,૮૮૮ કિલોમીટર લંબાઈના ૬૭૬ રસ્તાની સફાઈ કરી હતી. પાલિકા દ્વારા જુદી જુદી યોજના અમલમાં મૂકવાને કારણે મુંબઈની હવાની ગુણવત્તામાં સુધારો થયો હોવાનો દાવો પણ પાલિકા પ્રશાસને કર્યો હતો. ■

# થાણે-ભિવંડીમાં ટ્રાફિક જૅમ ઓછો કરવા વળાંકવાળા રસ્તાઓ બંધ કરવાનો પ્રસ્તાવ

થાણેઃ થાણે-ભિવંડી શહેરને જોડતા કશેલી-અંજુરફાટા રોડ પર ટ્રાફિક જામ ઓછો કરવા માટે થાણે ટ્રાફિક પોલીસે અહીંના કેટલાક વળાંકવાળા રસ્તાઓ બંધ કરવાનો પ્રસ્તાવ જાહેર બાંધકામ વિભાગ સમક્ષ મૂક્યો છે. આ વળાંકવાળા રસ્તાઓ બંધ કરવાથી મોટા વાહનોને કારણે વધતો ટ્રાફિકનો બોજ અને વિરુદ્ધ દિશામાં થતો વાહનવ્યવહાર બંધ થવામાં મદદ મળશે. ભિવંડીના કશેલી-કાલ્હેર, પૂર્ણા, દાપોડે અંજુરફાટા વિસ્તારોમાં કેટલીક કંપનીઓના કારખાનાઓ અને ગોડાઉન છે. જાહેર પરિવહનનો કોઈ વિકલ્પ ન હોવાથી, આ

(જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવ ઠાકરેની શિવસેના સંજય રાઉતના કારણે તૂટીઃ ભાજપ

મુંબઈ: શિવસેનાના ભંગાણ માટે સંજય રાઉત જ જવાબદાર છે અને તેમની જીભને કારણે જ બાળ ઠાકરેની શિવસેના તૂટી હતી અને હજી પણ તેઓ સુધરતા નથી, એવા શબ્દોમાં ભાજપના નેતા ગિરિશ મહાજને સંજય રાઉત દ્વારા એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં અમિત શાહ ભંગાણ પાડશે એવા નિવેદનની ઝાટકણી કાઢી હતી. સંજય રાઉત કંઈ પણ કહી શકે છે. તેઓ પોતાની પાર્ટી પણ સંભાળી શક્યા નહીં. તેઓ છોડી ગયેલા ૪૫ વિધાનસભ્યોને પણ સંભાળી શક્યા નહીં. શિવસેનાને વિભાજીત કરવાનું શ્રેય સંજય રાઉતને જાય છે. ઘણા કોર્પોરેટરોએ મને કહ્યું હતું

(જુઓ પાનું ૪) ▶▶

# લગ્ન મુલતવી રાખવાના પરિવારના આગ્રહને કારણે હતાશ થયેલા ટીનેજરે કરી આત્મહત્યા

થાણેઃ લગ્ન મુલતવી રાખવાના પરિવારજનોના આગ્રહને કારણે હતાશ થયેલા ૧૯ વર્ષના યુવકે ગળાફાંસો ખાધો હોવાની ઘટના ડોંબિવલી વિસ્તારમાં બની હતી.

ડોંબિવલીમાં રહેતો મૃતક ઝારખંડનો વતની હતો અને તેના વતનમાંથી યુવતીને પ્રેમ કરતો હતો. તે યુવતી સાથે લગ્ન કરવા માગતો હતો. જોકે પરિવારજનોએ તેને લગ્ન માટે કાયદેસર રીતે માન્ય ૨૧ વર્ષની ઉંમર સુધી રાહ જોવા માટે કહ્યું હતું, જેને કારણે તે હતાશ થઇ ગયો હતો.

માનસિક તાણ અનુભવી રહેલા યુવકે ૩૦ નવેમ્બરે પોતાના ઘરે છત સાથે સ્કાર્ફ બાંધીને ગળાફાંસો ખાધો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં માનપાડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે તપાસ માટે આવી પહોંચ્યો હતો. યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)■

# હાર્દિકની કમર પર હાથ રાખીને સેલ્ફી લીધી! ચાહકની હિંમતને દાદ દેવી પડે!








હાર્દિકની કમર પર હાથ રાખીને તેની સાથે સેલ્ફી પડાવી રહેલો તેનો ફૅન અને આ હરકત કરનાર યુવાન સામે કંઈ જ પગલાં ન ભરવા સલામતી રક્ષકને વિનંતી કરી રહેલો ખુદ હાર્દિક. મૅચ પહેલાં સ્ટેડિયમની બહાર હાર્દિકનો ચાહક અનોખું પોસ્ટર સાથે ઊભો હતો. હાર્દિક અને અભિષેકની ફટકાબાજી જોવા હૈદરાબાદના સ્ટેડિયમમાં હજારોની સંખ્યામાં પ્રેક્ષકો આવ્યા હતા.

હૈદરાબાદના મેદાન પર અમ્પાયરો અને સિક્યૉરિટી ગાર્ડ આ ડ્રામા જોતા રહ્યા: એ પહેલાં, અભિષેક સાથે ચાહકે જબરદસ્તીથી સેલ્ફી લીધી

હૈદરાબાદ: ભારતમાં ક્રિકેટ મૅચ દરમ્યાન યુવાન દોડી આવવાની ઘટના હવે જાણે સાવ સામાન્ય થઈ ગઈ છે, કારણકે અગાઉ દેશના મેદાનો પર આવું ઘણી વાર બન્યું હતું અને એમાં રવિવારે રાંચીના મેદાન પર સેન્ચુરિયન વિરાટ કોહલી પાસે તેનો ચાહક દોડી આવ્યો અને સીધો તેને પગે પડ્યો એ ઘટના હજી લોકોના દિમાગમાંથી નહીં ગઈ હોય ત્યાં હૈદરાબાદમાં મંગળવારે ગજબ થઈ ગયું. બરોડાના ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા સાથે સેલ્ફી લેવા તેનો યુવાન ચાહક તેની પાસે દોડી આવ્યો હતો, તેની કમર પર હાથ રાખીને સેલ્ફી લીધી હતી અને ત્યાર પછી ખુદ હાર્દિકે સલામતી રક્ષકને વિનંતી કરી હતી કે એ યુવાન સામે કંઈ જ પગલાં નહીં ભરતા.

એટલું જ નહીં, આ જ મૅચમાં બરોડાની પહેલાં બૅટિંગ કરનાર પંજાબની ટીમના ઓપનર અભિષેક શર્મા પાસે તેનો એક ચાહક દોડી આવ્યો હતો અને જબરદસ્તીથી તેની સાથે સેલ્ફી લીધી હતી.

બે મહિના પછી પહેલી વાર મેદાન પર રમવા ઊતરેલા હાર્દિક પંડ્યાએ પંજાબ સામે બરોડાને વિજય તો અપાવ્યો, પણ એ પહેલાં ગ્રાઉન્ડ પર તેને એક અનોખો અનુભવ થયો હતો જેમાં તેનો એક ચાહક તેની પાસે દોડી આવ્યો અને તેની સાથે સેલ્ફી પડાવવાનો આગ્રહ કરીને પળવારમાં સેલ્ફી લીધી હતી.

મૅચ પહેલાં સ્ટેડિયમની બહાર કેટલાક ક્રિકેટપ્રેમીઓ બૅનર લઈને ઊભા હતા જેમાંના એક યુવાન તેના બૅનરમાં આવું લખીને આવ્યો હતો, ‘ પંડ્યા કૌન, બરોડા કા ડૉન’.

આ મૅચમાં કૅપ્ટન અભિષેક શર્માના ૫૦ રન અને અનમોલપ્રીત સિંહના ૬૯ રનની મદદથી પંજાબે આઠ વિકેટે ૨૨૨ રન કર્યા બાદ બરોડાએ હાર્દિકના ૭૭ રનની મદદથી ૧૯.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૪ રન કરીને વિજય મેળવી લીધો હતો. ■

# આજે બીજી વન-ડે પણ જીતીને ભારત ટેસ્ટની નામોશી ભુલાવશે

રાયપુર: સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-શ્રેણી ૦-૨થી હાર્યા બાદ ભારતે આ જ દેશ સામેની વન-ડે સિરીઝની પહેલી રોમાંચક વન-ડે રવિવારે રાંચીમાં ૧૭ રનથી જીતી લીધી ત્યાર બાદ હવે આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) બીજી મૅચ છે જે જીતીને ટીમ ઇન્ડિયા ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લેવા કોઈ કસર બાકી નહીં રાખે.

ભારત કદાચ રવિવારની વિનિંગ ટીમ જાળવી રાખશે એવું અનુમાન છે.

### બન્ને દેશની સંભવિત પ્લેઇંગ-ઇલેવન

**ભારત:** યશસ્વી, રોહિત, વિરાટ, રાહુલ (કૅપ્ટન), ઋતુરાજ/પંત, વૉશિંગ્ટન, જાડેજા, હર્ષિત, કુલદીપ, અર્શદીપ અને ક્રિષ્ના.

**સાઉથ આફ્રિકા:** માર્કરમ, ડિકૉક/રિકલ્ટન (વિકેટકીપર), બવુમા (કૅપ્ટન), બ્રીટ્ઝકે, ઝૉર્ઝી, બ્રેવિસ, યેનસેન, કૉર્બિન, મહારાજ, બર્ગર, બાર્ટમૅન. ■

# વિરાટ રમશે વિજય હઝારે ટ્રોફીમાં

નવી દિલ્હી: ૨૪મી ડિસેમ્બરે ૫૦ ઓવરની વિજય હઝારે ટ્રોફી રમાવાની છે અને વિરાટ કોહલી એમાં રમશે એવા અહેવાલને દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશને મંગળવારે સમર્થન આપ્યું હતું. વિરાટ ત્યારે બેંગ્લૂરુ નજીક અલુરમાં આંધ્ર સામેની વન-ડે મૅચમાં રમશે. ત્યારે એ સ્પર્ધાની મૅચો અમદાવાદ, રાજકોટ, જયપુર તથા રાંચીમાં પણ રમાવાની છે. વિજય હઝારે ટ્રોફી સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ સામેની ભારતની શ્રેણીઓની વચ્ચે રમાવાની છે. બીસીસીઆઇએ તમામ વર્તમાન ભારતીય ક્રિકેટરો માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમવા ફરજિયાત બનાવ્યું હોવાથી કોહલીએ વિશેનો નિર્ણય જાહેર કર્યો છે. ■

# અશ્વિને ગંભીર-આગરકરને નિશાન બનાવ્યા

## સ્પિન-લેજન્ડે કહ્યું, ‘હાર્દિકની ગેરહાજરીમાં નીતીશને સ્ક્વૉડમાં લીધો તો કેમ ન રમાડ્યો? ઈશ્વરનને સાવ ભૂલી જ ગયા છો’

ચેન્નઈ: ભારતે રાંચીમાં સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ વન-ડે જીતી જતાં ટીમ ઇન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં ફરી સકારાત્મક વાતાવરણ ફેલાયું છેઅને કરોડો ક્રિકેટ પ્રેમીઓ ફરી આનંદિત મૂડમાં આવ્યા છે, પણ આ જ દેશ સામે ગયા મહિને ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી ભારતની જે નામોશી થઈ હતી એ બદલ હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકરની ખૂબ ટીકાઓ થતાં ભૂતપૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ તેમના પર તીર છોડ્યાં છે.

પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીનું નામ લઈને અશ્વિને પોતાની યુટ્યૂબ ચૅનલ પર કહ્યું, હાર્દિક પંડ્યાને બદલે નીતીશને વન-ડે સિરીઝ માટેની સ્ક્વૉડમાં સમાવ્યો તો પછી તેને રાંચીની પ્રથમ વન-ડેમાં કેમ ન રમાડ્યો? નીતીશ જેવા ઑલરાઉન્ડર માટે ટીમમાં જગ્યા ન થઈ શકતી હોય તો પછી ટીમ સિલેક્શનની બાબતમાં કંઈ ગંભીર ગરબડ હોય એવું મને લાગે છે.’

સાઉથ આફ્રિકા સામેની પહેલી વન ડેમાં નીતીશને બદલે સ્પિન ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને રમાડવામાં આવ્યો હતો જે ૧૩ રન કરી શક્યો હતો અને પછી તેને ૧૮ રનમાં વિકેટ નહોતી મળી.

મૂળ ઉત્તર પ્રદેશના બૅટ્સમૅન અભિમન્યુ ઈશ્વરને બે દિવસ પહેલાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦માં પંજાબ સામે બેંગાલ વતી રમીને ૬૬ બૉલમાં આઠ સિક્સર અને ૧૩ ફોરની મદદથી અણનમ ૧૩૦ રન કર્યા એ જોઈને અશ્વિને ઍશ કી બાત’માં આઈપીએલ પર આધારિત ટીમ સિલેક્શનના ગંભીર અને આગરકરના કથિત અભિગમને નિશાન બનાવતા કહ્યું, અભિમન્યુ ઈશ્વરને હવે ટી-૨૦ના પર્ફોર્મન્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે કે જેથી તેને આવતા વર્ષે ટેસ્ટ મૅચમાં રમવા મળે જ.’

અગાઉ ઈશ્વરનને આગરકરે ઑસ્ટ્રેલિયા તથા ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની ટીમમાં સિલેક્ટ કર્યો હતો, પરંતુ હેડ-કોચ ગૌતમ ગંભીરનો તેમ જ ત્યારના કેપ્ટનો રોહિત, ગિલ તથા બુમરાહના વિશ્વાસ ન જીતી શકતા તેને એ પ્રવાસોમાં નહોતું રમવા મળ્યું. ■

# હાર્દિકનું ધમાકાબંધ કમબૅક, અભિષેકની હાફ સેન્ચુરી નિષ્ફળ બનાવી

## બન્ને દિગ્ગજની ફટકાબાજી જોવા હજારોની સંખ્યામાં પ્રેક્ષકો આવ્યા

હૈદરાબાદ: પેસ બોલિંગ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ બે મહિનાના લાંબા બ્રેક બાદ કેટલાક ધમાકાઓ સાથે કમબૅક કર્યું છે જેમાં તેણે બરોડા વતી અણનમ ૭૭ રન કર્યા હતા અને ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્માની હાફ સેન્ચુરીને ઝાંખી પાડી દીધી હતી. આ મૅચમાં મોટા ભાઈ કૃણાલ પંડ્યા કરતાં હાર્દિક છવાઈ ગયો હતો. હાર્દિક અને અભિષેક, બન્નેની આતશબાજી જોવા માટે હજારોની સંખ્યામાં પ્રેક્ષકો હૈદરાબાદના સ્ટેડિયમમાં ઊમટી પડ્યા હતા.

ટી-૨૦ ફૉર્મેટમાં રમાતી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમવા આવતાં પહેલાં હાર્દિકની તેની નવી ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથેની ઘણી સ્ટોરીઓ સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ હતી. અનફિટ હોવાને કારણે તે બે મહિના સુધી ભારત વતી નહોતો રમી શક્યો, પણ હવે તે સાઉથ આફ્રિકા સામે મંગળવાર, નવમી ડિસેમ્બરે શરૂ થનારી ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝમાં રમવા માટેની તૈયારી તરીકે અસરદાર રમવા લાગ્યો છે.

હૈદરાબાદમાં હાર્દિકને પંજાબ સામેની મૅચમાં બરોડાના કૅપ્ટન અને તેના મોટા ભાઈ કૃણાલ પંડ્યાએ કુલ ચાર ઓવર આપી હતી જેમાં તેની બોલિંગની ધુલાઈ થઈ હતી. એમાં સૌથી વધુ બાવન રન બન્યા હતા, પણ હાર્દિકે પંજાબ વતી સૌથી વધુ રન કરનાર અનમોલપ્રીત સિંહ (૬૯ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, સાત ફોર)ની મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. બરોડાના બીજા પેસ બોલર રાજ લિંબાનીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી જેમાંની એક વિકેટ ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા (૫૦ રન, ૧૯ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)ની હતી. નમન ધીરે પણ પંજાબના ૮/૨૨૨ના સ્કોરમાં યોગદાન આપ્યું હતું. કૃણાલ પંડ્યાની બે ઓવરમાં બાવીસ રન બનતાં તેણે વધુ બોલિંગ નહોતી કરી.

બરોડાને ૨૨૩ રનનો જે લક્ષ્યાંક મળ્યો હતો એ એણે પાંચ બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. બરોડાએ ૧૯.૧ ઓવરમાં ત્રણ વિકેટે જે ૨૨૪ રન કર્યા એમાં હાર્દિક પંડ્યા (અણનમ ૭૭, ૪૨ બૉલ, ચાર સિક્સર, સાત ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. બરોડાના જ ઓપનર વિષ્ણુ સોલંકીએ ૪૩ રન, શિવાલિક શર્માએ રિટાયર આઉટ થતાં પહેલાં ૪૭ રન અને શાશ્વત રાવતે ૩૧ રન કર્યા હતા. પંજાબના છ બોલર બરોડાને વિજયથી રોકી નહોતા શક્યા. હાર્દિકને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

### અર્જુનની ત્રણ વિકેટ, સરફરાઝની આક્રમક સદી

(૧) જાદવપુરમાં અર્જુન તેન્ડુલકરની ત્રણ વિકેટને લીધે મધ્ય પ્રદેશે ૬ વિકેટે ૧૭૦ રન કર્યા બાદ ગોવા (૧૮.૩ ઓવરમાં ૩/૧૭૧)નો સાત વિકેટે વિજય. (૨) લખનઊમાં મુંબઈએ સરફરાઝ ખાન (૧૦૦ અણનમ, ૪૭ બૉલ, સાત સિક્સર, આઠ ફોર)ની સેન્ચુરીની મદદથી ચાર વિકેટે ૨૨૦ રન કર્યા હતા. આસામની ટીમ મુંબઈના કૅપ્ટન શાર્દુલ ઠાકુરની પાંચ વિકેટને લીધે ફક્ત ૧૨૨ રનમાં આઉટ થઈ જતાં મુંબઈનો ૯૮ રનથી વિજય થયો હતો. ■

# મહાન ફાસ્ટ બોલર્સની બોલિંગને ચીંથરેહાલ કરવા માટે જાણીતા રૉબિન સ્મિથનું અવસાન

## ભારત સામે ચાર સદી ફટકારનાર સ્મિથ ગયા અઠવાડિયાની ટેસ્ટ વખતે પર્થના સ્ટેડિયમમાં આવ્યા હતા



પર્થ: ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ બૅટ્સમૅન રૉબિન સ્મિથનું ઑસ્ટ્રેલિયાના પર્થ શહેરમાં તેમના ઘરમાં નિધન થયું છે. તેઓ ૬૨ વર્ષના હતા. તેમને ઘણાં વર્ષોથી પુષ્કળ દારૂ પીવાની આદત હતી અને તેમની માનસિક સ્થિતિ પણ નબળી હતી. જોકે આ તેમના મૃત્યુનાં કારણો નથી એવું મંગળવારે એક નિવેદનમાં જણાવાયું હતું. હજી ગયા અઠવાડિયે પર્થમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાયેલી ઍશિઝ સિરીઝની પ્રથમ ટેસ્ટ વખતે તેઓ પર્થના ઑપ્ટસ સ્ટેડિયમમાં આવ્યા હતા.

આ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન એક સમયે મહાન ફાસ્ટ બોલર્સ માલ્કમ માર્શલ, કોર્ટની વૉલ્શ, કર્ટલી ઍમ્બ્રોઝ તથા પૅટ્રિક પૅટરસન માટે માથાનો દુખાવો થઈ ગયા હતા. ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકા દરમ્યાન ક્રિકેટ જગતના ટોચના બૅટ્સમેનોમાં ગણાતા રૉબિન સ્મિથ સ્ક્વેર કટ તથા અન્ય બૅટિંગ ટેક્નિક માટે જાણીતા હતા. રૉબિન સ્મિથના મોટા ભાઈ ક્રિસ સ્મિથ ૧૯૮૩થી ૧૯૮૬ દરમ્યાન ઇંગ્લૅન્ડ વતી આઠ ટેસ્ટ અને ચાર વન-ડે રમ્યા હતા.

### આફ્રિકામાં જન્મ્યા, ઇંગ્લૅન્ડ વતી રમ્યા, ઑસ્ટ્રેલિયામાં નિધન

રૉબિન સ્મિથનો જન્મ ૧૯૬૩માં સાઉથ આફ્રિકામાં થયો હતો. ઇંગ્લૅન્ડમાં સ્થાયી થયા પછી તેમણે ઇંગ્લૅન્ડ વતી ૧૯૮૮થી ૧૯૯૬ દરમ્યાન ૬૨ ટેસ્ટમાં નવ સેન્ચુરી અને ૨૮ હાફ સેન્ચુરીની મદદથી ૪,૨૩૬ રન કર્યા હતા. ૭૧ વન-ડેમાં તેમણે કુલ ૨,૪૧૯ રન કર્યા હતા જેમાં ચાર સેન્ચુરી અને ૧૫ હાફ સેન્ચુરી સામેલ હતી. તેઓ ભિન્ન હેરસ્ટાઇલ બદલ ‘જજ’ના નામે ઓળખાતા હતા. કરીઅર બાદ ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થયા હતા, પરંતુ ઇંગ્લૅન્ડના ખેલાડીઓ સાથેનો સંપર્ક સતત જાળવી રાખ્યો હતો. સાઉથ આફ્રિકા તેમની જન્મભૂમિ હતી, ઇંગ્લૅન્ડ તેમનું કર્મસ્થાન હતું અને ઑસ્ટ્રેલિયામાં તેમણે છેલ્લા શ્વાસ લીધા.

### સ્પિન બોલિંગ સામે નબળા, પણ વૉર્નના મિત્ર

૧૯૯૩ની સાલની એજબૅસ્ટનની ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં ફટકારેલી અણનમ ૧૬૭ રનની ઇનિંગ્સ સ્મિથની કેટલીક યાદગાર ઇનિંગ્સમાં ગણાય છે. જોકે સ્પિન બોલિંગ સામે રમવામાં તેઓ થોડા નબળા હતા અને એટલે જ તેઓ શેન વૉર્ન સામે પાંચ ટેસ્ટમાં ચાર વખત અને અનિલ કુંબલે સામે ચાર ટેસ્ટમાં ચાર વખત આઉટ થયા હતા. યોગાનુયોગ, શેન વૉર્ન અને રૉબિન સ્મિથ વચ્ચે વર્ષો સુધી ગાઢ મૈત્રી હતી. શેન વૉર્નનું માર્ચ, ૨૦૨૨માં થાઇલૅન્ડમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું.

### ભારત સામે ફટકારી કુલ ચાર સદી

સ્મિથે ભારત સામે છ ટેસ્ટમાં બે સદીની મદદથી ૫૦૭ રન કર્યા હતા. ટેસ્ટમાં તેમના સૌથી વધુ રન ઑસ્ટ્રેલિયા સામે (૧,૦૭૪ રન) હતા. વેસ્ટ ઇન્ડિઝ સામે તેમના ૧,૩૩૩ રન હતા. વન-ડેમાં તેમની સૌથી વધુ બે સેન્ચુરી ભારત વિરુદ્ધ હતી. તેમણે ભારત સામે ૧૦ વન-ડેમાં ૫૦૫ રન કર્યા હતા. વન-ડે ફૉર્મેટમાં તેમના સૌથી વધુ ૫૪૦ રન ન્યૂ ઝીલૅન્ડ સામે હતા.

### પ્રથમ ટેસ્ટના ખેલાડીઓમાં કોણ કોણ હતું

રૉબિન સ્મિથ ૧૯૮૮માં જે પ્રથમ ટેસ્ટ રમ્યા હતા એમાં ઇંગ્લૅન્ડના અન્ય ખેલાડીઓમાં ડેવિડ ગૉવર, ગ્રેહામ ગૂચ, બિલ ઍથે, ઍલન લૅમ્બ, ક્રિસ કાઉડ્રી, ડેરેક પ્રિન્ગલ, નીલ ફૉસ્ટર અને ગ્રેહામ ડિલીનો સમાવેશ હતો. સ્મિથની પ્રથમ ટેસ્ટ વખતે હરીફ વેસ્ટ ઇન્ડિઝના સુકાની વિવ રિચર્ડ્સ હતા અને તેમની ટીમમાં માર્શલ, ઍમ્બ્રોઝ, વૉલ્શ, બેન્જામિન ઉપરાંત હેઇન્સ, દુજોં, હૂપર, લૉગી, હાર્પર વગેરે ખ્યાતનામ પ્લેયર્સ સામેલ હતા. ■

# આઇપીએલના ઑક્શનમાં માત્ર ૭૭ ખાલી જગ્યા માટે ૧,૩૫૫ ખેલાડીએ કરી અરજી

## ડુ પ્લેસી, રસેલ પછી મૅક્સવેલ અને મોઇન અલીએ પણ ઍપ્લાય નથી કર્યું

મુંબઈ: ૨૦૦૮માં શરૂ થયેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની લોકપ્રિયતા (અન્ય ઘણા દેશોએ પોતાની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ શરૂ કરી હોવા છતાં) એટલી બધી વધી ગઈ છે કે વાત ન પૂછો. દર વખતે આંગળીના વેઢે ગણાય એટલા ખેલાડીઓને રીટેન કરવામાં આવતા હોય છે અને નાના-મોટા ઑક્શન માટે હજારોની સંખ્યામાં ખેલાડીઓ અરજી કરતા હોય છે અને એમાં આ વખતે તો હદ જ થઈ ગઈ. આગામી ૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં ખેલાડીઓ માટેની નાના પાયે હરાજી યોજાવાની છે અને એ માટે તોતિંગ સંખ્યામાં ખેલાડીઓની અરજી વિશ્વની આ સર્વશ્રેષ્ઠ લીગ ટૂર્નામેન્ટના આયોજકોને મળી છે.

આઇપીએલના મોવડીઓએ ૧૦ ફ્રેન્ચાઇઝીઓ સાથે શૅર કરેલી ખેલાડીઓની યાદી મુજબ કુલ મળીને વિશ્વભરમાંથી ૧,૩૫૫ ખેલાડીઓએ ૨૦૨૬ની સીઝનમાં રમવા માટે અરજી કરી છે.

૩૦મી નવેમ્બરે રજિસ્ટ્રેશન માટેની ડેડલાઇન પૂરી થઈ ગઈ હતી. દરેક ફ્રેન્ચાઇઝીના સ્ક્વૉડમાં વધુમાં વધુ પચીસ ખેલાડી હોવા જોઈશે. દરેક ટીમના સ્ક્વૉડમાં થોડી-ઘણી જગ્યા ખાલી પડી છે. તમામ ૧૦ ટીમની વાત કરીએ તો કુલ મળીને ૭૭ સ્થાન ભરવાના છે અને એ માટે ૧,૩૫૫ ખેલાડીઓએ અરજી કરી છે. એ ૭૭માંથી ૩૧ વિદેશી ખેલાડીઓની જગ્યા ભરવાની છે. બધા ૧૦ ફ્રેન્ચાઇઝી આઇપીએલને પોતાનું શૉર્ટલિસ્ટ પહોંચાડશે ત્યાર બાદ આ ૧,૩૫૫ ખેલાડીઓના લિસ્ટમાં ધરખમ કાપ મૂકવામાં આવશે.



રવિ બિશ્નોઈ

### કયા જાણીતા ખેલાડીઓ હટી ગયા

આ વખતની આઇપીએલના ઑક્શન પહેલાં જ કેટલાક જાણીતા ખેલાડીઓએ પોતાનાં નામ પાછા ખેંચી લીધા છે. આન્દ્રે રસેલે આઇપીએલમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે અને તે કોલકાતાની જ ટીમનો પાવર-કોચ બનવા તૈયાર થયો છે. સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ખેલાડી ફાફ ડુ પ્લેસીએ પણ ઑક્શનથી દૂર રહેવાનું પસંદ કર્યું છે, કારણકે તેને પાકિસ્તાનની પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવું છે. ઇંગ્લૅન્ડનો સ્પિન-ઑલરાઉન્ડર મોઇન અલી પણ પીએસએલમાં રમવા આઇપીએલથી દૂર રહ્યો છે. નવી ખબર મળી છે કે ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલે પણ ઑક્શનથી દૂર રહેવાનું પસંદ કર્યું છે.

### ગ્રીન બની શકે કેકેઆરમાં રસેલનો અનુગામી

ઑસ્ટ્રેલિયાનો ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીન પીઠની ઈજાને કારણે ૨૦૨૫ની આઇપીએલ માટેના ઑક્શનથી દૂર રહ્યો હતો, પણ આ વખતે તેને કોલકાતાની ટીમમાં આન્દ્રે રસેલના સ્થાને આવવા મળશે એવી સંભાવના છે. રસેલે આઇપીએલમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું છે. ઑક્શન માટેના લિસ્ટમાં રવિ બિશ્નોઈ, વેન્કટેશ ઐયર, પથિરાના વગેરેનો સમાવેશ છે.

### બે કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસમાં કયા ખેલાડીઓની અરજી

રવિ બિશ્નોઈ, વેન્કટેશ ઐયર, કૅમેરન ગ્રીન, માઇકલ બ્રેસવેલ, ડેવૉન કૉન્વે, ડેરિલ મિચલ, રચિન રવીન્દ્ર, ડેવિડ મિલર, શાઇ હોપ, મુજીબ ઉર રહમાન, નવીન ઉલ હક, શૉન અબૉટ, ઍશ્ટન ઍગર, કૂપર કૉનોલી, જેક ફ્રેઝર-મૅકગર્ક, સ્ટીવ સ્મિથ, જૉશ ઇંગ્લિસ, મુસ્તફિઝૂર રહમાન, ગસ ઍટકિન્સન, ટૉમ બૅન્ટન, ટૉમ કરૅન, લિઆમ ડૉસન, બેન ડકેટ, ડૅન લૉરેન્સ, લિઆમ લિવિંગ્સ્ટન, ટાઇમલ મિલ્સ, જેમી સ્મિથ, ફિન ઍલન, જેકબ ડફી, મૅટ હેન્રી, કાઇલ જેમીસન, ઍડમ મિલ્ન, વિલ ઑરુરકે, જેરાલ્ડ કૉએટ્ઝી, લુન્ગી ઍન્ગિડી, ઍન્રિક નોર્કિયા, રાઇલી રોસોઉ, તબ્રેઝ શમ્સી, ડેવિડ વીસ, વનિન્દુ હસરંગા, મથિશા પથિરાના, માહીશ થીકશાના, જેસન હૉલ્ડર, અકીલ હોસૈન અને અલ્ઝારી જોસેફ. ■

# ઘાટકોપર જૉલી જિમખાના આયોજિત મુંબઇ અંડર-૧૫ ગર્લ્સ ટૂર્નામેન્ટની પૂર્ણાહુતિ

મુંબઈ: ઘાટકોપર જૉલી જિમખાનાની ક્રિકેટ સબ કમિટી દ્વારા ૨૫-૧૧-૨૫ના રોજશરૂ કરવામાં આવેલી ચોથી ગર્લ્સ અંડર ૧૫ સિલેક્શન ટ્રાયલ ટૂર્નામેન્ટ સોમવાર, ૧-૧૨-૨૫ના રોજ પૂર્ણ થઈ હતી.

ટૂર્નામેન્ટનું આયોજન સિલેક્ટ થયેલી ૪૮ ગર્લ્સની ત્રણ ટીમ (ટીમ રેડ, ટીમ ગ્રીન, ટીમ બ્લુ)માં વહેંચીને લીગ સિસ્ટમથી ટૂર્નામેન્ટ રાખવામાં આવી હતી જેમાં ફાઇનલમાં ટીમ રેડ અને ટીમ ગ્રીન વચ્ચે મુકાબલો થયો હતો. ફાઇનલમાં ટીમ રેડ (૭/૨૦૫) સામે ટીમ ગ્રીને (૩/૨૦૬) સોનાક્ષી સોલંકીના અણનમ ૧૦૬ રનની મદદથી વિજય મેળવીને ટાઇટલ જીતી લીધું હતું. બેસ્ટ બૅટર ઑફ ધ ટૂર્નામેન્ટ - સોનાક્ષી સોલંકી (૧૬૨ રન ), બેસ્ટ બોલર- અદવૈતા તોરાસ્કાર-(૪ વિકેટ ) તથા પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ-ઉન્નતિ પાટીલ (૮૪ રન અને ૨ વિકેટ)ને તથા વિજેતા અને ઉપવિજેતાને ટ્રોફીઓ આપીને નવાજવામાં આવ્યા હતા. આ ટૂર્નામેન્ટ બાદ પ્લેયર્સના પર્ફોમન્સ જોઈને મુંબઇ તરફથી રમવા માટેની ૧૬ પ્લેયર્સની ટીમનું સિલેક્શન થશે.

કાર્યક્રમના અંતમાં એમસીએના અધ્યક્ષ અજિંક્ય નાઇકે મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને મહિલા ક્રિકેટને વધુને વધુ આગળ લાવવા એમસીએ ખૂબ જ પ્રયત્નશીલ રહેશે એવું જણાવ્યું હતું.

અંતમાં ક્રિકેટ-ઇન્ચાર્જ શ્રી નિશિથ ગોલવાળાએ જણાવ્યું હતું કે જૉલી જિમખાના તરફથી રમતી સાઈમા ઠાકુર ભારત વતી રમી ચૂકી છેઅને હાલમાં મુંબઇ તરફથી રમી રહી છે. ■



ત્રણેય ટીમ સાથે જિમખાનાના ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી, ખજાનચી બળવંત સંઘરાજકા, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પ્રશાંત કારિયા અને ધર્મેશ મેહતા, ક્રિકેટ-ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા, મેનેજીંગ કમિટી મેમ્બર નલિન મેહતા, નીતિન ઠક્કર સાથે એમસીએના અધ્યક્ષ અજિંક્ય નાઇકિ, ખજાનચી અરમાન મલિક, એપેક્ષ કાઉન્સિલ મેમ્બર્સ નીલ સાવન્ત, વિગ્નેશ કદમ તથા ભૂષણ પાટીલ તથા અન્યો.

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# અર્થતંત્ર સાબૂત છે તો રૂપિયો કેમ રોળાઈ રહ્યો છે?

## ચલણના ઝડપી અવમૂલ્યન સંદર્ભે નાણાં મંત્રાલય દ્વારા સબસલામતનો સંકેત



ભારતનું અર્થતંત્ર મજબૂતી દર્શાવી રહ્યું છે તો બીજી તરફ ફોરેક્સ માર્કેટમાં રૂપિયો વિક્રમી નીચા સ્તરે પટકાયો છે. આર્થિક ડેટા અર્થતંત્ર સાબૂત હોવાનો નિર્દેશ કરી રહ્યાં હોવા છતાં, ડોલર સામે રૂપિયો નવા નીચા સ્તરે પટકાતા અર્થનિરીક્ષકો પણ સહેજ ચિંતામાં મૂકાયા હતા. લગભગ બે અઠવાડિયા પહેલા ૮૯.૪૯નું વિક્રમી નીચુ સ્તર બતાવ્યા બાદ આ સપ્તાહની શરૂઆતે સોમવારે ગબડવાનું ચાલુ કરીને મંગળવારે રૂપિયો સત્ર દરમિયાન નેવું સુધીના તળિયે અથડાયા પછી ૪૨ પૈસાના જોરદાર કડાકા સાથે ડોલર સામે ૮૯.૯૫ બોલાયો હતો.

અચરજ પમાડે એવી વાત એ છે કે, ભારતે તમામ અપેક્ષાઓ કરતાં વધુ સકારાત્મક જીડીપી આંકડા જાહેર કર્યા પછી તરત જ ભારતીય ચલણમાં ઘટાડો શરૂ થયો હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં અર્થતંત્ર ૮.૨૦ ટકા વિકાસ પામ્યું છે, જે રોઇટર્સ પોલના અંદાજિત ૭.૩૦ ટકા સામે ઘણો ઊંચો આંકડો છે. બેંકરોએ જણાવ્યું હતું કે યુએસ-ભારત વેપાર સોદામાં પ્રગતિના અભાવ, આયાતકારોની હેજિંગ પ્રવૃત્તિ અને ચુકવણી સંતુલનની નબળી પરિસ્થિતિને કારણે ભારતીય ચલણ દબાણમાં છે, પરંતુ મજબૂત આર્થિક વૃદ્ધિને કારણે રૂપિયાને થોડો ટેકો મળ્યો છે.

અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે, જેટલા લાંબા સમય સુધી કોઈ વેપાર સોદો નહીં થાય, તેટલા સમય સુધી રૂપિયા પર દબાણ રહેશે. ગયા મહિને યુએસ અને ભારતીય અધિકારીઓની ટિપ્પણીઓએ એવી આશા જગાવી હતી કે ભારતીય નિકાસ પરની પચાસ ટકા જેટલી ભારે ટેરિફ ટૂંક સમયમાં ઘટાડવામાં આવશે, પરંતુ કોઈ નક્કર કરારના અભાવે રૂપિયા પર ભારે અસર પડી છે.

ટેરિફના કારણે વેપાર અને પોર્ટફોલિયો પ્રવાહમાં ઘટાડો થયો છે, જેના કારણે ચલણને ટેકો માટે સેન્ટ્રલ બેંકના હસ્તક્ષેપ પર નિર્ભર રહેવું પડ્યું છે. વિદેશી રોકાણકારોએ વર્ષ દરમિયાન અત્યાર સુધી ભારતીય ઇક્વિટીમાંથી ૧૬ બિલિયન ડોલરથી વધુનું ચોખ્ખું રોકાણ પાછું ખેંચી લીધું છે. નોંધવું રહ્યું કે, ભારતની વેપાર ખાધ ઓક્ટોબરમાં સર્વાધિક ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ હતી.

ફોરેક્સ માર્કેટના નિરીક્ષકો માને છે કે જો રૂપિયો ડોલર સામે નેવુંની સપાટીની આસપાસ અથડાતો રહેશે તો કદાચ ૯૧ સુધી પણ ગબડી શકે છે. રૂપિયાના અવમૂલ્યનનાં કારણોમાં અમેરિકા સાથેના વ્યાપાર કરારમાં વિલંબથી માંડીને સટોડિયા વર્ગના જોરદાર શોર્ટકવરિંગ, આયાતકારોની ડોલરમાં જબરી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને ટાંકી શકાય.

જોકે નાણાં મંત્રાલયે એવા સંકેત આપ્યા છે કે આમાં વધુ ચિંતા કરવાની જરૂર નથી. મંત્રાલય કહે છે કે ઇમર્જિંગ વલણો અનુસાર રૂપિયામાં નબળાઈ અને ફુગાવાનો અંદાજ સુસંગત છે. સ્થાનિક ચલણ ધીમે ધીમે નબળું પડ્યું છે અને અન્ય ઊભરતા બજાર અર્થતંત્રો સાથે સુસંગત છે.

ભારતીય રૂપિયો ઓક્ટોબરમાં પ્રતિ યુએસ ડોલર ૮૭.૮-૮૮.૮૦ની સાંકડી રેન્જમાં ટ્રેડ થયો હતો, જે સપ્ટેમ્બરના સ્તરથી મોટાભાગે યથાવત રહ્યો હોવાનું ગણી શકાય. આ મર્યાદિત અસ્થિરતા વૈશ્વિક ચલણ બજારોમાં સંબંધિત સ્થિરતાના સમયગાળાને પ્રતિબિંબિત કરે છે, જે સ્થિર પોર્ટફોલિયો પ્રવાહ અને આરબીઆઇના પ્રવાહિતા અને વિદેશી વિનિમયના સક્રિય સંચાલન દ્વારા સમર્થિત છે, એમ નાણાં મંત્રાલયે ઓક્ટોબરના માસિક આર્થિક સમીક્ષા અહેવાલમાં જણાવ્યું હતું.

લાંબા વલણને જોતાં, માર્ચના અંતથી ઓક્ટોબર ૨૦૨૫ના અંત સુધીમાં યુએસ ડોલર સામે ભારતીય ચલણમાં ૩.૫ ટકાનો ઘટાડો થયો હતો, જે ઊભરતા બજારના ચલણ સાથે સંકળાયેલા વ્યાપક વલણો સાથે સુસંગત છે અને ધીમી ગતિનું અવમૂલ્યન દર્શાવે છે, એમ અહેવાલમાં જણાવાયું છે.

ભારત પર આઇએમએફના વાર્ષિક સ્ટાફ રિપોર્ટમાં ભારતની ચલણ વિનિમય દર પ્રણાલીના તેના વાસ્તવિક મૂલ્યાંકનને સ્ટેબલથી બદલીને 'ક્રોલ જેવી વ્યવસ્થા' જાહેર કરીને કહેવામાં આવ્યું હતું કે વધુ વિનિમય દર સુગમતા બાહ્ય આંચકાઓને શોષવા માટે મદદરૂપ થશે. આઇએમએફે પાછલા ડિસેમ્બરના અંતમાં ભારતના એક્સટેન્જ રેટ રીજીમને ફ્લોટિંગમાંથી ફરી સ્ટેબલમાં વર્ગીકૃત કર્યું હતું, જ્યાં તે ગયા વર્ષના અંત સુધી રહ્યું હતું. એક્સચેન્જ રેટ રિજીમમાં ફેરફાર પાછલા એક વર્ષમાં રૂપિયામાં વધુ અસ્થિરતા અનુભવાયા પછી સ્થિરથી ક્રોલ લાઇકની સ્થિતિ આવી છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ મુજબ, ક્રોલિંગ પેગ, એક એવી વ્યવસ્થા છે જેમાં ચલણના વિનિમય દરને સમયાંતરે નિશ્ચિત દરે નાની માત્રામાં અથવા પસંદગીના જથ્થાત્મક સૂચકાંકોમાં ફેરફારના પ્રતિભાવ અનુસાર ગોઠવવામાં આવે છે. ૨૦૨૪-૨૫માં રૂપિયાને મજબૂત બનાવવા માટે લગભગ ૪૦૦ બિલિયન ડોલરનું વેચાણ કર્યા પછી, સેન્ટ્રલ બેંકના તાજેતરના ડેટા મુજબ, ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિનામાં આરબીઆઇનું વિદેશી ચલણનું કુલ વેચાણ માત્ર ૪૪.૩ બિલિયન રહ્યું છે.

ગ્લોબલ ટ્રેડ ટેન્શન અને યુએસ દ્વારા પચાસ ટકા ટેરિફ લાદવામાં આવી હોવા છતાં, વિદેશી વિનિમય બજારમાં ઘટાડો થયો હોવાથી રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે. આઇએમએફએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે ભારત વિનિમય દરમાં વધુ સ્થિતિસ્થાપકતાને મંજૂરી આપવા માટે સારી સ્થિતિમાં છે. રિપોર્ટમાં એવું પણ નોંધ્યું છે કે તાજેતરના મહિનાઓમાં આરબીઆઇ દ્વારા કરવામાં આવેલા હસ્તક્ષેપોમાં સામાન્ય રીતે ઘટાડો થયો છે અને રૂપિયા સામે ડોલરના વિનિમય દરમાં દ્વીમાર્ગીય ગતિવિધિઓમાં વધારો થયો છે.

આરબીઆઇનું વિનિમય દર અંગે જાહેર વલણ એ છે કે તે કોઈ ચોક્કસ સ્તરને લક્ષ્ય બનાવતું નથી અને ફક્ત અયોગ્ય અસ્થિરતા ઘટાડવાનો પ્રયાસ કરે છે. તેના માસિક અહેવાલમાં, નાણાં મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે સ્થાનિક ફુગાવાનો અંદાજ પ્રોત્સાહજનક છે, વૈશ્વિક કોમોડિટીના ભાવમાં નરમાઈ, સૌમ્ય ઊર્જા બજારો અને લક્ષિત સ્થાનિક પુરવઠા હસ્તક્ષેપો ભાવ વધારાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. જોકે, એ જ સાથે, મંત્રાલયના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી હતી કે જોખમોનું સંતુલન સતત તકેદારી રાખવાની ખાતરી આપે છે.

ભારતનો મુખ્ય રિટેલ ફુગાવો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે, નવેમ્બરની શરૂઆતમાં જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે ઓક્ટોબરમાં તે ઘટીને માત્ર ૦.૨૫ ટકા રહ્યો હતો, કેટલાક અર્થશાસ્ત્રીઓ ૨૦૨૫-૨૬ માટે સરેરાશ બે ટકાથી નીચે રહેવાની અપેક્ષા રાખે છે, જે આરબીઆઇના મધ્યમગાળાના ચાર ટકાના લક્ષ્યાંક કરતાં ઓછો છે. આમ, કેન્દ્રીય બેંકની નાણાકીય નીતિ સમિતિ આગામી નાણાકીય વર્ષમાં પોલિસી રેપો રેટ ઘટાડી શકે છે. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, એમપીસીએ રેપો રેટ ૧૦૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૫.૫ ટકા કર્યો છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# યુક્રેન પાસે સરેન્ડર થવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી



ઝેલેન્સ્કી પુતિન

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ યુદ્ધના શરૂઆતના દિવસોમાં નાના કે નબળા દેશની લાચારીને બરાબર વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે મોટા દેશો નક્કી કરી લે કે તમારા દેશનું ભવિષ્ય શું હોવું જોઈએ ત્યારે નાના દેશ પાસે કોઈ વિકલ્પ નથી રહેતો. નાના દેશને કાં તો લડવું કે મરવું પડે છે...

કાશ, એ જ સમયે આ મૂળ કોમેડિયને આ વાત સમજીને સમાધાન કર્યું હોત તો આજના જેવી લાચારી કે અશક્તિ એમનામાં ન હોત. નોબલ પારિતોષિક જીતવા માટે તલપાપડ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ યુક્રેન કે યુરોપના હિતની કોઈ પડી નથી. આ જ કારણથી 'નાટો' ની યુક્રેન અંગેની બેઠકમાં અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો હાજરી આપવાના નથી. ઝેલેન્સ્કીના ખાસં ખાસ સલાહકાર આન્દ્રી યેર્માકને કરપ્શન કેસમાં રાજીનામું આપવું પડ્યું છે. ઝેલેન્સ્કી અમેરિકા અને યુરોપની સહાય ચાઉ કરી ગયા છે. સૈનિકો યુદ્ધના મેદાન મોટી સંખ્યામાં છોડી રહ્યા છે. આ સૈનિકો ભૂખમરોથી પીડાય છે.

યુક્રેન કોમ્પ્રોમાઈઝ કે સરેન્ડર કરે એની રાહ જનતા જોઈ રહી છે. જનતા દેશની પાયમાલી કરનાર ઝેલેન્સ્કીને મારી નાખે એવો ભય છે. સમૃદ્ધ યુક્રેનની રિકવરીનો માર્ગ બહુ લાંબો છે. યુક્રેને ૨૮ મુદ્દાના પીસ પ્લાનના ૧૯ પોઈન્ટ માની લીધા છે. તેને ન તો 'નાટો'નું સભ્યપદ કે અમેરિકા તરફથી સલામતીની ગેરંટી મળશે. ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ રશિયા જઈને પુતિનને મળ્યા છે.

માર્કો રુબિયો સાથે યુક્રેન વતી નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના વડા રૂસ્તમ ઉમેરોવ વાતચીત કરી રહ્યા છે. આ અધિકરી અમેરિકાની નિકટ છે. યુક્રેનનું ભવિષ્ય ટ્રમ્પ અને આડકતરી રીતે કહીએ તો ટ્રમ્પના મિત્ર પુતિનની દયા પર અવલંબે છે.

રશિયા-યુક્રેન યુદ્ધ તેના ચોથા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. રશિયાના પૂર્ણ-માત્રાના આક્રમણથી શરૂ થયેલું આ યુદ્ધ યુરોપની જમીન પર બીજા વિશ્વ યુદ્ધ પછીનો આ સૌથી ભયાનક સંઘર્ષ છે. તાજેતરમાં ટ્રમ્પની મધ્યસ્થીથી શાંતિ વાતચીતમાં તેજી આવી છે, પરંતુ રશિયાના હુમલાઓ અને યુક્રેનની પ્રતિકાર ક્ષમતા વચ્ચે તણાવ વધી રહ્યો છે. અઠવાડિયાના અંતમાં રશિયાએ યુક્રેન પર સૌથી મોટા હવાઈ હુમલા કર્યા છે.

રશિયાએ ૩૬ મિસાઇલ્સ અને ૬૦૦થી વધુ ડ્રોન્સથી હુમલો કર્યો, જેમાં કિવમાં બે જણ માર્યા ગયા અને અનેક લોકો ઘાયલ થયા. યુક્રેનના વિદેશ મંત્રાલય અનુસાર, આવા હુમલાથી ૬,૦૦,૦૦૦થી વધુ લોકોને વીજળી વિના એટલે અંધારામાં ગરકાવ થયા હતા. પીસ પ્લાનમાં ૨૮ પોઈન્ટ છે.

જીનિવામાં શાંતિ વાતચીતમાં પ્રગતિ થઈ રહી છે. અમેરિકા-યુક્રેન વચ્ચે જીનિવામાં થયેલી બેઠકો પછી, ૧૯-બિંદુઓના કરાર પર સહમતી થઈ છે. યુક્રેનના સંરક્ષણ પ્રધાન રૂસ્તમ ઉમેરોવે કહ્યું કે ટ્રમ્પને મળવા ઝેલેન્સ્કી તૈયાર છે, આ પ્લાન રશિયાનો જ છે એમાં કોઈ બે મત નથી. હકીકતમાં આ આ શાંતિ પ્રસ્તાવ નહીં, પણ યુક્રેનનો સરેન્ડર પ્લાન છે.ટ્રમ્પ હંમેશાની જેમ શાંતિ કરાર માટે દબાણ કરી રહ્યા છે. ટ્રમ્પ કહે છે કે જો યુક્રેન કરાર સ્વીકારે તો 'ગંભીર પરિણામો' ટળશે, પરંતુ નહીં તો અમેરિકાની સહાય બંધ થઈ શકે. મૂળ ૨૮ મુદ્દાના કરારમાં યુક્રેનને ડોનેત્સ્ક વિસ્તાર છોડવો પડે અને તેની સેનાના કદ પર નિયંત્રણ રાખવું પડે.

ઝેલેન્સ્કી પર દબાણ વધી રહ્યું છે. ટ્રમ્પના અધિકારી માને છે કે હવે યુક્રેનને કરાર સ્વીકારવો પડશે, કારણ કે યુરોપિયન સહાય અસ્થિર છે. ઝેલેન્સ્કી હજી એમ કહી રહ્યા છે કે જો ડીલ તેમના હિતોનું રક્ષણ નહીં કરે તો યુદ્ધ ચાલુ રાખશે. વ્હાઈટ હાઉસના વિશ્લેષકો કહે છે કે ઝેલેન્સ્કીને ગરિમા ગુમાવવી કે મુખ્ય સાથી ગુમાવવા વચ્ચે પસંદગી કરવી પડશે. સીઝફાયરની સંભાવના છે, પરંતુ તે ટકાઉ રહેશે કે નહીં તે પુતિનના વર્તન પર આધારિત છે.

યુદ્ધે બંને દેશોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. યુક્રેનમાં ૭૯,૨૧૩ સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે. ૮૧,૭૨૮ જવાન ગુમ થયા છે. રશિયામાં ૧૫૨,૧૪૨ સૈનિકોના મોતની પુષ્ટિ થઈ છે, યુક્રેનની પુનઃનિર્માણ ખર્ચ ૫૨૪ અબજ ડૉલર છે, જે ૧૦ વર્ષમાં પૂર્ણ થઈ શકે.

રશિયા માટે, આર્થિક પુનઃપ્રાપ્તિ ૫-૭ વર્ષમાં શક્ય છે, પરંતુ સંચાલન ખર્ચથી વૃદ્ધિ ધીમી રહેશે. શાંતિ કરારનું ટકાઉપણું શંકાસ્પદ છે, ૧૯ પોઈન્ટમાં સુરક્ષા ગેરંટીઓ અને પુતિનના નો-એગ્રેશન કાયદા છે, પરંતુ રશિયન મિલિટરી બ્લોગર્સ માને છે કે પુતિન ક્રિમિયા અને ડોનેત્સ્ક પર સમજૂતી નહીં કરે. વિશ્લેષક કહે છે કે આ કરાર 'અન્યાયી' છે અને આ યુદ્ધવિરામ ગાઝા પટ્ટીમાં ઈઝરાયલ અને હમાસ જેવો તકલાદી સાબિત થશે. ચાર વષર્ના યુદ્ધ પછી યુક્રેન જમીન ને જમીર બંને ગુમાવશે. યુક્રેનને સમર્થન આપીને શાંતિને મજબૂત કરવી જોઈએ, જેથી આ યુદ્ધની ત્રાસદી ફરી ન બને. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ભ્રષ્ટાચારના ગ્રહણે લાલુના 'ફાનસ'ને ઝાંખું પાડી દીધું



પત્ની રાબડીદેવી સાથે લાલુજી

બિહારના ચાઈબાસા જિલ્લાના પશુપાલન વિભાગ ૧૯૯૬ના જાન્યુઆરીમાં પડેલા દરોડામાં બનાવટી દસ્તાવેજો મળ્યા. રૂા. ૩૭.૭૦ કરોડનો ગોટાળો પશુઓના ચારા, દવા અને અન્ય સામગ્રીને નામે થયાનું પર્દાફાશ થયું. 'એશિયન એજ' અખબારે બૉમ્બ ફોડ્યો કે આ ગોટાળામાં મુખ્ય પ્રધાન લાલુપ્રસાદ યાદવની સંડોવણી છે. એ સમયે હજી આજની જેમ રાજ્યના સર્વેસર્વા મુખ્ય પ્રધાન છાશવારે ગોટાળાના આક્ષેપ થયા નહોતા.

આથી બિહારના રાજકારણમાં પ્રચંડ ભૂકંપ આવી ગયો. પટણા હાઈ કોર્ટે તાત્કાલિક આ ઘટનાની તપાસ હાથ ધરવા સી.બી.આઈ.ને આદેશ આપી દીધો. આ ગોટાળામાં ૧૯૯૭માં સી.એમ. લાલુજી પર પહેલું આરોપનામું દાખલ થયું. આને લીધે રાજકીય દબાણ વધવા માંડ્યું. વધુ સમય મુખ્ય પ્રધાનની ગાદી ગરમ કરવાનું શક્ય ન લાગતા લાલુએ રાજીનામું આપી દીધું. પણ એક માસ્ટરસ્ટ્રોક સાથે મુખ્ય પ્રધાનની ગાદી પત્ની રાબડીદેવીને સોંપી દીધી. સત્તા ગઈ પણ અને રહી પણ.

રસોડાનો ચૂલો અને ઘરનો ઉંબરો છોડીને સત્તાની ગલીમાં સર્વેસર્વા બનનારાં રાબડીદેવી બિહારનાં પહેલાં મહિલા મુખ્ય પ્રધાન બની ગયાં. રાજકારણથી કાયમ દૂર રહેનારી ગૃહિણીએ પતિના જેલવાસ દરમ્યાન પોતાની ખુરશી સંભાળી હોય એવો આ ભારતીય રાજકારણનો પહેલો કિસ્સો હતો. અખબારી અહેવાલો મુજબ રાબડીદેવીનો તો મુખ્ય પ્રધાન બનવા સામે વિરોધ હતો. ઘણાંએ આ નિર્ણયને લાલુની રાજકીય જરૂરિયાતનું નામ આપ્યું. તો કેટલાંકે પાછલા બારણેથી સત્તા ટકાવી રાખવાનો ખેલ ગણાવ્યો.

સ્વાભાવિક છે કે રાબડીદેવીને સત્તાભાર સંભાળવામાં ખાસ્સી તકલીફો નડી. શરૂઆતમાં ટીકાકારો એમને 'રબર સ્ટેમ્પ સી.એમ.' કહીને મજાક ઉડાડવા માંડ્યા પણ સમયાંતરે આ બધા મહદઅંશે ચૂપ થઈ ગયા. જો કે રાબડીદેવીએ ઘણાં વિવાદાસ્પદ નિવેદનો પણ કર્યાં. અણીના સમયે સ્ત્રીની ક્ષમતા અને તાકાતનો તેમણે પુરાવો આપી દીધો એનો ઈનકાર ન થઈ શકે.

શ્રીમતી રાબડીદેવી લાલુપ્રસાદ યાદવની વાત પૂરી કરીને ફરી ફોડ સ્કૅમ કે ઘાસચારા ગોટાળા પર આવીએ. હવે સી.બી.આઈ.એ પોતાની તપાસ અનેકગણી વધારી દીધો. ચોઈબાસા ઉપરાંત ભાગલપુર, ડોરંડા અને દુમકામાં તપાસ થઈ. આમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો. એનો સરવાળો પહોંચ્યો રૂા. ૯૫૦ કરોડ સુધી.

અંતે ૧૯૯૭માં લાલુપ્રસાદ યાદવને પહેલીવાર જેલની સજા થઈ. પરંતુ તેમનું જેલમાં જામીન પર છૂટીને બહાર આવવાનું ચાલતું રહ્યું. આ અવરજવર વચ્ચે ૨૦૧૩માં ચાઈબાસા મામલામાં પાંચ વર્ષની સજા ફરમાવાઈ. સાથોસાથ ૧૧ વર્ષ સુધી કોઈ પણ ચૂંટણી લડવા માટે અયોગ્ય જાહેર કરી દેવાયા પછી તો ૨૦૧૭માં ડોરંડાના ૧૩૯.૩૫ કરોડના ગોટાળામાં ફરી પાંચ વર્ષની સજા અને રૂા. ૬૦ લાખનો દંડ કરાયો.

આ ઘાસચારા ગોટાળો એક કેસ નહોતો. ૫૩-૫૩ મામલાની તપાસ હાથ ધરાઈ હતી. આમાં ૫૦૦થી વધુ સાક્ષી હતા અને ૫૦ હજાર પાનાના દસ્તાવેજો હતા. સ્વાભાવિક છે કે કોઈ એક વ્યક્તિ પોતે કે પોતાના હાથે આવા કારનામાં ન જ કરી શકે. આ મામલામાં સી.બી.આઈ.એ ૨૦૦થી વધીને દોષી ઠેરવ્યા હતા. આમાં લાલુપ્રસાદ યાદવ સાથે ભૂતપૂર્વ કૉંગ્રેસી મુખ્ય પ્રધાન ડૉ. જગન્નાથ મિશ્રા પણ દોષિત સાબિત થયા હતા. પરંતુ મિશ્રાજી જેલની સજાથી બચી ગયા હતા. કેવી રીતે? આ કાનૂની દાવપેચની વિગતો સમજવી- સમજાવવી એ ખૂબ લાંબી પ્રક્રિયા છે.

બધા આરોપી અને દોષિતોમાં સૌથી વધુ ફોક્સમાં લાલુજી જ રહ્યા. એમની ચમક ને રમૂજ ટકી રહ્યા. જેલમાં રહેવા છતાં તેઓ પોતાના પક્ષ રાષ્ટ્રીય જનતા દળ (આર.જે.ડી.)નું સંચાલન બે દીકરા તેજસ્વી અને તેજપ્રતાપ થકી કરતા હતા.

છેવટે ૨૦૨૨માં આરોગ્યના કારણસર લાલુપ્રસાદ જામીન પર છૂટીને જેલની બહાર આવ્યા. પરંતુ એજ શાસક કે નેતાની ચમક ઘટી ગઈ. એમના પક્ષના ચૂંટણી ચિન્હ ફાનસની વાટ સત્તા વગર ઝબૂકઝબૂક થવા માંડી હતી. આ ગોટાળો બિહારના રાજકારણમાં એક કાળા પ્રકરણ તરીકે અંકિત થઈ ગયો. આ પ્રકરણે ભ્રષ્ટાચારના મૂળ કેટલાં વ્યાપક રીતે ફેલયેલાં છે અને ઊંડાં ઊતરેલા છે એ બતાવી દીધું.

અલબત્ત વિરોધીઓએ ઘાસચારા ગોટાળાને 'જંગલ રાજ'નું નામ આપ્યું. તો લાલુ સમર્થકોએ એને રાજકીય ષડ્યંત્ર ગણાવ્યું. આ કૌભાંડ બિહારના ગંદા રાજકારણ, ભ્રષ્ટાચાર અને સત્તાના ખેલની સાપસીડીની લાંબીલચક કથા છે. અન્ય દૂધ ધોયેલા છે એમ ન જ કહી શકાય. પણ છિંડે ચડ્યો એ ચોર જેવા હાલ છે.

આની સાથોસાથ ઘાસચારા ગોટાળાના ગ્રહણમાંથી લાલુપ્રસાદ યાદવ આજ સુધી મુક્ત થઈ શક્યા નથી. ૨૦૨૫ની વિધાનસભાની ચૂંટણીમાં તો દીકરાઓએ આ બદનામીથી પક્ષને બચાવવા બાપને પ્રચારથી સદંતર અળગા રાખ્યા હતા. પરંતુ છતાં આર.જે.ડી.નું ફાનસ ગૃહની ૨૪૩માંથી માંડ ૨૫ બેઠક જીતી શક્યું. આ સાથે યાદવ પરિવારનો કલહ પણ સતત અને વધુને વધુ બહાર આવી રહ્યો છે. સાથે પક્ષ 'કાયમી' મુખ્ય પ્રધાન જેવા નીતીશકુમાર અને ભાજપની યુતિ સામે ફરી ઊભા થવાનું લાલુ એન્ડ પાર્ટી માટે મુશ્કેલ લાગે છે. પણ રાજકારણમાં ક્યારેય કોઈ અંતિમ કે આખરી હોતું નથી. (સંપૂર્ણ) ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# એક લેખિકાને દોઢ વર્ષ પુરુષ તરીકે કેવો અનુભવ થયો?

## એક હાર્ડકોર ફેમિનિસ્ટ લેખિકા નોરાહ વિન્સેન્ટ માનતી હતી કે પુરુષો તો ક્રૂર હોય છે... મહિલાઓ પર અત્યાચાર કરે છે, પણ એણે જાતઅનુભવ કર્યો ત્યારે...


નોરાહ વિન્સેન્ટ નામની એક મહિલા પત્રકારે વિચાર્યું કે ચાલો, પુરુષ તરીકે પુરુષો વચ્ચે રહીને જાણીએ કે પુરુષો કેવું વિચારે છે, કેવું વર્તન કરે છે, કારણ કે ઘણા પુરુષ મહિલાઓનો વિશ્વાસ જીતવા, તેમનો પ્રેમ જીતવા તેમની સમક્ષ તો સ્ત્રીદાક્ષિણ્ય દાખવતા હોય, લટુડાપટુડા કરતા હોય. પરંતુ એ લોકો ખરેખર કેવી રીતે વિચારે છે તે જોવા માટે તેમની વચ્ચે પુરુષ બનીને જ રહેવું પડે. અને આથી તેણે દોઢ વર્ષ પુરુષ બનીને પુરુષો વચ્ચે જીવન વિતાવ્યું ત્યારે તેણે શું શું અનુભવ્યું?

નોરાહને ખુદ અનુભવ થયો કે આ ફેમિનિઝમની વાતો બોદી છે. તેને પુરુષોની તકલીફો સમજાઈ.

મહિલા તરીકે જલસા છે તેવા પુરુષ તરીકે નથી.

થોડી વિગતે વાત કરીએ... નોરાહ વિન્સેન્ટ લેસ્બિયન હતી. તે ટ્રાન્સજેન્ડર (લિંગ પરિવર્તન કરાવીને પુરુષ બનનાર મહિલા) નહોતી. તેણે મહિલાઓના અધિકારો અને ગે-લેસ્બિયનોના અધિકારો વિશે લખ્યું હતું , પરંતુ તે માનતી હતી કે જે પુરુષ લિંગ પરિવર્તન કરાવીને મહિલા બને છે તેને મહિલા ન ગણવી જોઈએ. આના માટે અંગ્રેજીમાં TERF શબ્દ છે અર્થાત Trans Exclusionary Radical Feminist મતલબ કટ્ટર ફેમિનિસ્ટ તો ખરી, પરંતુ તે ટ્રાન્સજેન્ડરને મહિલા ન ગણે.

અમેરિકાના ડિટ્રોઇટમાં જન્મેલી અને લંડનમાં ઉછરેલી નોરાહના પિતા ફોર્ડ મોટર કંપનીમાં અધિવક્તા હતા. ૨૦૦૪માં તેણે પોતાના એક પુસ્તક માટે વિચાર્યું કે જો પુરુષો વિશે લખવું હોય તો શા માટે પુરુષ બનીને તેમની વચ્ચે ન રહીને જોઉં? કારણ કે પુરુષોને સમજ્યા વગર તેમને પિતૃસત્તાક વગેરે (અમેરિકાના ફેમિનિસ્ટોએ સર્જેલી અને ચગાવેલી પરિભાષા) કહી દેવા યોગ્ય નથી.




આના માટે તેને પુરુષ જેવા દેખાવું તો પડે. તે સંપૂર્ણ સ્ત્રી હતી. તે નાજુક હતી. તેનાં સ્તન પણ સુવિકસિત હતાં. દાઢી ઊગે નહીં. જો માત્ર પુરુષ જેવાં કપડાં પહેરીને જાય તો પુરુષોને ખબર પડી જાય. તેને ઊંચાઈમાં કોઈ વાંધો આવે તેમ નહોતો. તે પાંચ ફૂટ દસ ઇંચ ઊંચી તો હતી જ. પુરુષ જેવા દેખાવા માટે તેણે ચરી પાળવાનું શરૂ કર્યું અને ટ્રેનિંગ શરૂ કરી મજબૂત બાવડા બનાવવાનું.... પુરુષ જેવા સ્વરમાં વાતચીત કરવા અને ચાલવા તેણે અવાજ અને અભિનયનું પ્રશિક્ષણ પણ લીધું. સ્તનને છુપાવવાં તેણે ચુસ્ત સ્પોર્ટ્સ બ્રા સાથે તે ઢીલાં કપડાં પહેરવા લાગી. પુરુષ જેવી આછી દાઢી રાખવા માટે તેણે મેકઅપ કલાકારની સહાય લીધી. જોકે તેણે કોઈ અંતઃસ્રાવની દવા ન લીધી. એ રીતે તે ચુસ્ત મહિલા હતી. તેને મહિલા જ બનીને રહેવું હતું.

નવ મહિના જેટલી લાંબી તૈયારી કર્યા પછી નોરાહ 'નેડ' તરીકે પુરુષો વચ્ચે રહેવા માટે પુરુષોની બોલિંગ લીગમાં જોડાઈ. તે પુરુષોને જાણવા સ્ટ્રિપ કલબમાં પણ ગઈ. તે મહિલાઓ સાથે 'હરવા-ફરવા' (ડેટિંગ) કરવા લાગી.'

આ બધા જાત અનુભવ પછી તેણે વર્ષ ૨૦૦૬માં એક પુસ્તક લખ્યું: 'સેલ્ફ મેડ મેન'. તેણે જોયું કે પુરુષોને છોકરા હોય ત્યારે નાની વયે રડવું આવે , પરંતુ પુરુષ બન્યા પછી તે રોવાનું ભૂલી જાય છે એટલે કે વેદના છુપાવી લે છે. તેમને પોતાની લાગણી અભિવ્યક્ત કરતા નથી આવડતી. યુવતી સાથે પ્રેમની વાતમાં સ્વાભાવિક જ પુરુષ તરીકે તેને પહેલ કરવી પડી.

(યુવતીઓની ઇચ્છા હોય તોય પહેલ તો પુરુષે જ કરવી પડે.) નોરાહને એમ હતું કે એક મહિલા તરીકે તે મહિલાઓને સારી રીતે સમજતી હતી, એમાંય તે તો પાછી ફેમિનિસ્ટ હતી, પણ તેની માન્યતા ખોટી પડી. તે મહિલાઓને ક્યાં ઓળખતી જ હતી !

નેડ તરીકે નોરાહે સંપર્ક કરવાની પહેલ કરવી પડી, વાતચીત કરવાની પહેલ કરવી પડી અને યુવતીનું મન જીતવા રમૂજ અને ડહાપણ બંનેની સહાય લેવી પડી. યુવતીઓને સીધાસાદા છોકરાઓ તો ગમે નહીં. (જે પુરુષ સારી રમૂજ જાણે છે તે પુરુષ સ્ત્રીમાં કેમ માનીતા હોય છે તે હવે સમજાયું ને?)

આ દરમિયાન તેને સ્ત્રીઓની 'ના' પણ મળી. આ 'ના'માં નાજુકાઈ અને લાગણીનો અભાવ રહેતો. એ બધી 'નેડ'ને ચોખ્ખેચોખ્ખી 'ના' જ કહી દેતી . યુવતીઓ સામેના યુવકને કેવું લાગશે તેનો વિચાર કર્યા વગર સ્પષ્ટ રીતે, આકરું લાગે તેમ કહી યુવકોનું હૃદય ભાંગી નાખે છે તેવો અનુભવ નેડને પણ થયો. તેને પુરુષો પ્રત્યે સહાનુભૂતિ થવા લાગી.


નોરાહ વિન્સેન્ટ


છેલ્લે તે પુરુષોના 'વીકેન્ડ રીટ્રિટ'માં જોડાઈ. એમાં તેને પુરુષોની માનસિકતાનો વધુ ગાઢ પરિચય થયો. તેને યથાર્થતા જણાઈ અને આ યથાર્થે તેનામાં રહેલી ફેમિનિસ્ટના ફેમિનિઝમને તોડી પાડી. તેણે જોયું કે પુરુષો એકબીજા સાથે ખુલ્લા મને વાત કરવા પ્રયાસ કરે છે. મહિલાઓની જેમ મનની વાત મનમાં નથી રાખતા.

ફેમિનિઝમ સામ્યવાદીઓએ ઉપજાવી કાઢેલો સંઘર્ષ છે. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી જમીનદારો અને ખેડૂતો વચ્ચે વિશ્વભરમાં લોહિયાળ સંઘર્ષ ન થયો તેનાથી નિરાશ થઈને હંગેરીના જ્યોર્જ લ્યુકાસ અને ઇટાલીના એન્ટોનિયો ગ્રામસ્કી વગેરે સામ્યવાદીઓએ નવો સામ્યવાદ વિકસાવ્યો. નવા વર્ગો વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન કરવાનો. તેમણે નવા શોષક અને શોષિત વર્ગ જન્માવ્યા. માતાપિતા-સંતાન, પતિ-પત્ની, પુરુષ-સ્ત્રી, જૈવિક પુરુષ-સ્ત્રીઓ અને ટ્રાન્સજેન્ડર, નૈતિકતાવાદીઓ-અનૈતિકતાવાદીઓ વગેરે. તેમાંથી જ અમેરિકામાં ફેમિનિઝમ આવ્યું અને વિશ્વભરમાં ફેલાયું.

એટલે ફેમિનિસ્ટ હોવાના કારણે નોરાહ વિન્સેન્ટ પણ માનતી હતી કે પુરુષો ક્રૂર હશે, મહિલાઓ પર અત્યાચાર કરતા હશે અને મહિલાઓ તો બિચારીબાપડી હશે , પરંતુ એક પુરુષ તરીકે ૧૮ મહિના જીવવાથી તેની આ માન્યતા ભાંગીને ભુક્કો થઈ ગઈ. જોકે તેની અસર તેના પર એટલી ખરાબ પડી કે તેની ઊંઘ વેરણ થઈ ગઈ. તેને પેનિક એટેક આવવા લાગ્યા. તેમાંથી તે કઈ રીતે બહાર નીકળી એ અનુભવો પણ રસપ્રદ છે એની વાત ફરી ક્યારેક...■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# નિંભર દેશમાં આત્મનિર્ભર હું...



આમ તો અઠવાડિયે કે ૧૫ દિવસે એક વખત આવું બનતું જ હોય છે અને આ અઠવાડિયે પણ એવું જ થયું કે ગામમાં અહીંતહીં કામ કરતા ખેડૂતો અને હુક્કો પીતાં પીતાં મજાનું સુખી સંસારી જીવન જીવતા લોકોને સમાચાર મળ્યા કે શહેરથી એક સજ્જન માણસ પધાર્યા છે, જે બહુ જાણકાર અને અનુભવી છે, ઉદાર અને આદર્શવાદી છે, વળી મહેનતુ છે અને તોયે નેતા પણ છે, બોલો! એ નેતા આજે ગામનાં ચોકમાં ભાષણ આપશે કે ગામના ગરીબ ખેડૂતો એમની આવક કેવી રીતે વધારી શકે?

આ બાબત પર (સરકારી રાબેતા મુજબની બોરિંગ) ચર્ચા થશે. એટલે ગામનાં દરેકને ત્યાં આવીને ભાષણ સાંભળવા વિનંતી છે.

'ગામનાં ખેડૂતો એમની આવક કેવી રીતે વધારે?' આ પ્રશ્ન બધાની સામે હતો જ, જે સદીઓથી ઉકેલાયો નથી કે ઉકેલાશે પણ નહીં એટલે સ્વાભાવિક રીતે કુતૂહલપૂર્વક અને આવક વધારવાની લાલચમાં ખેડૂતભાઈઓ સાંજે ગામના ચોકમાં આવીને ભેગા થયા.

ભાષણ આપવાવાળા સજ્જન અને પાછા નેતા પણ હતા. એમણે કહ્યું, 'પ્રિય ભાઈઓ, જો તમે તમારી આવક વધારવા માંગતા હોવ તો નવા નવા ગૃહ ઉદ્યોગને અપનાવો અને ઘરે બનેલી વસ્તુઓ બજારમાં વેચીને પૈસા કમાવો! કામ વગર ખાલી બેસી ના રહો! જેમ કે તમે મરઘીઓ પાળો તો એમાં શરૂઆતમાં ખર્ચ ઘણો ઓછો આવશે. મરઘી દાણા ખાઈને પોતાનું પોષણ પણ કરી લેશે. અને મરઘી રોજ ઈંડા આપશે, એને વેચીને તમે પૈસા કમાઇ શકો છો.'

આ વાત ભીમાના મગજમાં બરાબર બેસી ગઈ અને એણે નક્કી કર્યું કે આવતા વખતે ગામમાં ગુર્જરી ભરાશે એમાં એ અને મરઘા મરઘીની જોડી ખરીદી લાવીને ધંધો શરૂ કરી દેશે.

ભીમાએ એની પત્નીને કહ્યું, 'આપણે થોડા દિવસ પછી મરઘી અને ઈંડા વેંચીને બકરીઓ ખરીદીશું, પછી બકરીઓ વેંચીને ગાયો ખરીદીશું, પછી ગાયો વેંચીને ઘોડા ખરીદીશું, પછી ઘોડા વેંચીને હાથી ખરીદીશું અને પછી એયને હાથી પર બેસીને ઠાઠથી જાત્રાએ જશું.'

ભીમાની પત્નીએ ટોણો મારતા કહ્યું,

'જાઓને હવે.. તમારાથી કંઈ નહીં થાય!'

'ભીમાએ પત્નીને ઠપકો આપ્યો,' ઓયે, શેખચલ્લી ના સમાજ મને! તું જોતી રહે, આગળ શું શું થાય છે!

પછીને રવિવારે ભીમો બજારમાં મરઘી-મરઘો ખરીદવા ગયો અને ચાર સમજદાર અને એક મૂર્ખની પણ સલાહ લઈને એક સરસ મરઘો અને ઈંડા આપતી મરઘી ખરીદીને ઘર તરફ વિચારતા વિચારતા પાછો ફર્યો કે- 'આ કામ બીજાઓની મદદથી ચલાવવું જોઈએ કે જાતે જ? પેલાં ઈંડા રોજ શહેર સુધી કેવી રીતે પહોંચાડીશું હું? વળી મરઘીઓ રાખવાથી ક્યાંક મારો ધરમ તો નહીં અભડાયને?' વગેરે..વગેરે..

સવારેનાં અગિયાર વાગી રહ્યા હતા. ગામના તલાટી સાહેબ ઓફિસ જવા માટે ઘરનાં દરવાજા પર પટાવાળાની રાહ જોતા ઊભા હતા, જે પાછો એમના માટે પાન લેવા ગયો હતો.

ભીમાના હાથમાં મરઘી જોઈને તલાટીએ કહ્યું, 'અરે વાહ ભાઈ, શું લઈને આવ્યો છે? જરા મને પણ તો દેખાડ!'

ભીમાએ તલાટી સાહેબને મરઘી બતાવી અને મરઘીનાં ખૂબ ગુણગાન ગાયા. તલાટી સાહેબે કહ્યું, 'વાહ, સરસ છે! આને તો હું રાખીશ, તારી યાદગીરી રૂપે. તું જા..ચાલ નીકળ..'

હવે બિચારો ભીમો તલાટી સાહેબને કેવી રીતે ના પાડી શકે? ઉપરથી હસતો અને મનથી ઉદાસ એ ઘર ભણી ચાલવા માંડ્યો. હાથમાં એકલો મરઘો લઈને!

એવામાં ગામમાં જિલ્લાના પોલીસ અધિકારી એક લૂંટની તપાસ કરવા અને સાબિત કરવા કે ગામવાળાઓ પણ ડાકુઓ સાથે મળેલા છે એ ગામમાં અડીંગો જમાવીને બેઠા હતા અને એક પછી એક ગામવાળાં ધીબેડી ધીબેડીને પરાણે કબૂલાત કરાવી રહ્યા હતા. ત્યાં તો ભીમાના હાથમાં મરઘો જોઈને પોલીસવાળા સાહેબ બોલ્યા.

'એય...મરઘાને અહીંયા લાવ! શું નામ છે તારું?'

ભીમો હાથ જોડીને પોલીસ ઑફિસર પાસે ગયો. પોલીસ ઓફિસરે કહ્યું,

'અરે, મરઘો તો બહુ સરસ છે! લાગે છે, તું તો નક્કી આ લૂંટ વિશે જાણતો હશે. હેંને...બોલ સાલા, ક્યાંથી આવ્યા મરઘાના પૈસા?'

ભીમાએ કરગરીને કહ્યું, 'ના ના સાહેબ, હું કંઈ નથી જાણતો?'

'તો ચાલ ભાગ અહીંયાથી!', પોલીસ અધિકારીએ બૂમ પાડી અને મરઘો લઈને એને રાંધવા માટે હવાલદારને આપી દીધો.

બિચારો ભીમો, ચૂપચાપ ખાલી હાથે, ઘર તરફ ચાલવા માંડ્યો. 'અને આત્મનિર્ભર મરઘા-મરઘીનું સપનું તો ઈંડા મૂક્યા વિના જ રહી ગયું!' ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પ્રણયથી પ્રેમ સુધીની યાત્રા...એક નવતર બાયોગ્રાફી

આપણે પ્રેમને ઘણી વાર ફૂલો, ચાંદની અને ગીતોમાં શોધીએ છીએ, પણ કેટલીક ફિલ્મ એવી હોય છે, જે પ્રેમની એવી તો વિરોધાભાસી વ્યાખ્યા આપે કે મન થંભી જાય.

લુઈ માલની ફ્રેન્ચ ફિલ્મ 'લાકોમ્બ લુસિયન'માં નાયક એક ક્રૂર, નિર્દય યુવાન છે. નાઝીઓની ફ્રેન્ચ પોલીસમાં કામ કરે છે ને યહૂદીઓને પકડાવે છે. એ પ્રાણીઓની કતલ જોઈને મજા લે છે.


એક દિવસ એક છુપાયેલા યહૂદી પરિવારની યુવાન પૌત્રીના પ્રેમમાં પડે છે. જે લોકોને તે ધિક્કારતો હતો, એ જ પ્રેમિકા માટે પોલીસની હત્યા કરીને ભાગે છે, પકડાય છે, મરે છે, પણ તેને બચાવે છે. પ્રેમ ક્રૂરતાને એક પળમાં ઉથલાવી શકે છે.


રોબર્ટો બેનીન્ચીની 'લાઇફ ઇઝ બ્યુટીફુલ'માં ગીદો એક હળવો-ફૂલવો યહૂદી યુવાન છે. ધનિક શિક્ષિકા દોરા સાથે ભાગીને લગ્ન કરે છે, દીકરો જન્મે છે. બીજા વિશ્વયુદ્ધમાં ત્રણેય નાઝી કેમ્પમાં પહોંચે છે. બાળકો અને વૃદ્ધોને તરત જ ગેસ ચેમ્બરમાં લઈ જવાય છે. ગીદો પુત્રને કહે છે: 'આ બધું એક મોટી ગેમ છે. જે બોલ્યા વગર રહેશે અને છુપાઈને રહેશે એને ૧૦૦૦ પોઇન્ટ મળશે અને પ્રાઈઝ એક મોટી ટેન્ક છે.'



દરરોજ ગીદો કાર્ટૂન જેવા ગતકડા કરે છે, હસે છે, રમે છે જેથી બાળકને ખબર જ ન પડે કે મોત ચારે બાજુ નાચે છે. અંતે અમેરિકન સૈનિકો આવે છે, ગીદો મરી જાય છે, પણ પુત્ર ટેન્કમાં બેસીને માને મળે છે અને ખુશીથી બોલે છે: અમે જીતી ગયા!

પ્રેમ યાતના-ઓમાં પણ હસવાની હિંમત આપે છે.




ત્રીજું ઉદાહરણ લઈએ 'શિન્ડલર્સ લિસ્ટ'. ઓસ્કાર શિન્ડલર શરૂઆતમાં એક લોભી, વ્યભિચારી, નાઝી પાર્ટીનો સભ્ય વેપારી છે. યહૂદીઓને મફત મજૂર તરીકે વાપરીને પૈસા કમાવા માંગે છે, પણ ધીમે ધીમે એ જ લોકોને બચાવવા પોતાની આખી સંપત્તિ ખર્ચી નાખે છે અને અંતે રડે છે: 'હું એક કાર કેમ ન વેચી? એનાથી દસ જણાને બચાવી શક્યો હોત.'

આમ પ્રેમ લોભીને પણ ઉદાર બનાવી શકે છે. આ ત્રણેય ઉદાહરણોમાં પ્રેમનું સ્વરૂપ અલગ છે, પણ એક વાત સમાન છે: પ્રેમ એકાએક જાગે છે અને વ્યક્તિને પોતાનાથી મોટું બનાવી દે છે.

આપણી પરંપરાએ પ્રેમની એક સુંદર મિથિક બાયોગ્રાફી રચી છે. આપણી પરંપરામાં 'ની' આદિપુરુષ કે મૂળ ધાતુ શબ્દ છે, ની એટલે લઇ જવું... સરળ ભાષામાં ની ને પુરુષ માનવામાં આવ્યો. આપણા 'ની' ભાઇ માણસોની જિંદગી જોઇને બહુ દુઃખી હતાં, તે માનતા કે આ માણસોને જીવતા જ આવડતું નથી. આખી જિંદગી વિવાદ, અસંતોષ અને કકળાટ સાથે પૂરી કરે છે. આધુનિક સમયમાં માણસજાતને જોઈ હોત તો કદાચ વધુ દુઃખી થયા હોત કેમ કે માણસને સ્ક્રીનમાંથી બહાર જોવાનો સમય જ નથી. 'ની' ભાઇને 'અચ' તથા 'પ્ર' નામના બે સાથી મળ્યા. ત્રણેવે માનવીની જિંદગી સુધારવા એક પ્રકાશ સ્તંભ પેદા કર્યો. આ પ્રકાશ સ્તંભ એટલે પ્રણય. સ્ત્રીની મદદ વિના ત્રણ ત્રણ શક્તિશાળી પુરુષે એ પેદા કરેલા પ્રણયને જોઇને જ્યોતિષીઓએ કહ્યું કે આ દુનિયાનો સૌથી શક્તિશાળી રાજા બનશે.

પાણિની અને યાસ્કના સમયે પ્રણયને 'ની' માંથી બનેલા શબ્દ નેતા કહેવામાં આવ્યો. નેતા એ જમાનામાં ભગવાન હતાં. આજે પણ આગેવાની લેનારા ભગવાન જેવા જ હોય છે. ચાહે પ્રેમમાં હોય, કોર્પોરેટ જગતમાં હોય કે જાહેર જીવનમાં, નેતૃત્વમાં ગંભીર પ્રકારની જવાબદારીઓ સમાયેલી હોય છે. નેતા વિશ્વસનીય બનવો જોઈએ અને સમાનુભૂતિ તેના સ્વભાવમાં હોવી જોઈએ. ધનિક મોહનદાસ એક ગરીબ મહિલાની લાચારી જોઈને આજીવન ધોતી પહેરીને ફરે તો જ લોકો ભરોસો મૂકે.

નેતા એ પ્રણયનું સ્વરૂપ હતું, પણ પ્રણય માટે એકલી નેતાગીરી ના ચાલે, પ્રણય ટકાવવા નીતિ હોવી પણ જરૂરી છે. ઘરના મોભી પક્ષપાત કરે તો પરિણામ ઘાતક આવે, પ્રણય જાળવવા નીતિવાન બનવું પડે.

મહાભારતમાં નીતિ માટે પ્રણય શબ્દ સંબોધાયેલો છે. મિન્સ પ્રણય માટે લીડરશિપ અને વેલ્યુઝ પાયામાં હોવા જોઈએ. ગાંધીના નામે આમ જ આખી દુનિયામાં માર્ગો નથી બન્યા. આમ છતાં પ્રણયે જોયું કે હજી પ્રજા સુખી નથી. પ્રણય વૃદ્ધ થવા લાગ્યો હતો, તેને થયું કે મારા નવા સ્વરૂપની જરૂર છે. પ્રણયે એક પગ પર ઊભા રહીને પ્રજાના સુખ માટે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી.

પ્રજા કંઈ ભોળી હોતી નથી. તરત જ ટીકાઓ કરવાની શરૂ કરી કે પ્રણય તો દંભી છે, ઢોંગી છે. બગભગત છે. લગભગ દરેક યુગના સાહિત્યમાં પ્રણયને ઢોંગી કહેવામાં આવ્યો છે.

પ્રણયના પાયામાં નીતિ હતી. ધીમે ધીમે લોકોને ભૂલ સમજાવા લાગી અને પ્રણય માટે નજરીયો બદલાવા લાગ્યો. લોકોની દ્રષ્ટિમાં પ્રણય માટે આદર થવા લાગ્યો. પ્રણય માટે ત્રણ લાયકાત જોઈએ, જે 'ની' માંથી પેદા થઈ છે... નેતૃત્વ, નીતિ અને નેત્ર. નેત્ર એટલે વિઝન. ઓબઝર્વેશનની કળાથી માંડીને વિઝનરી બનવાની ક્ષમતા હોય તો જ પ્રજા ચાહે છે. જ્યાં રિસ્પોન્સિબલ લીડરશિપ, વેલ્યુઝ અને વિઝન હશે ત્યાં પ્રણય કહો કે પ્રેમ, લોકોને આપોઆપ પેદા થશે.

કાલિદાસ જેવા સાહિત્યકારે પ્રણયને પ્રકૃતિનો વૈભવ કહ્યો. પ્રણય જગતનો પહેલો રાજા બન્યો , જેણે શામ- દામ-દંડ - ભેદ સિવાય લોકોના દિલમાં રાજ્ય સ્થાપ્યું. જ્યોતિષની આગાહી સાચી પાડી. એક કથા અનુસાર, પ્રણય રાજા બન્યો, એટલે પ્રેમ નામનું સિંહાસન બન્યું. પ્રણય અત્યંત ઉદાર વ્યક્તિ હોવાથી પ્રેમને આગળ વધાર્યો અને પોતે શાંતિથી સિંહાસન પર બેઠો. પ્રણવ માટે પ્રેમ શબ્દ વધુ પ્રચલિત થયો.

પશ્ચિમના તમામ વિચારકો એક જ વાત કહે છે જે આપણો પ્રણય કહે છે. પ્રેમ શરૂઆતમાં એક અંધ ઊર્જા હોય છે, પણ જ્યારે તેમાં જવાબદારી, મૂલ્યો અને બીજા માટેનું દૂરદર્શી વિઝન આવે ત્યારે તે સાચો પ્રેમ બને. જે વ્યક્તિને પોતાનાથી મોટું બનાવી દે અને યાતનાઓમાં પણ હસાવી દે. આપણે તેને પ્રણય કહીએ કે પશ્ચિમ તેને બીજું કહેશે. નામ અલગ છે, પણ પ્રેમની સફર એક જ છે. ■

**ધ એન્ડઃ**

*પ્રેમ એ કળા છે, ભાવના નહીં*
*(એરિખ ફ્રોમ)*

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પાનેલીનું પપૈયું ખાય જો... મીઠો મધુર સ્વાદ માણી જો!

પપૈયું નામ પડતા જ મીઠો સ્વાદની અનુભૂતિ માનસપટ્ટ પર અંકિત થાય પણ પપૈયા સામાન્ય રીતે માંદા માણસો ખાય છે એવી લઘુતાગ્રંથિ બંધાય ગઈ છે,!. અરે પપૈયું તો દરેક વ્યક્તિ માટે ગુણકારી છે,!. તેમાંય કબજિયાત જેને રહેતી હોય તેમના માટે રામબાણ ઈલાજ છે, પપૈયું રેચક છે જેથી મળ પાતળો આવે છે, જેમાં અસંખ્ય ગુણકારિતા હોવાથી ખાવામાં મોજ આવે છે, અને તેની કિંમત પણ નજીવી હોવાથી સામાન્ય માણસને પણ પરવડે છે,પણ પપૈયું ખાતા પહેલા તાસીરને અનુરૂપ સેવન કરવું હિતાવહ છે, આમ તો આ ફળ સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્રમાં મળે છે,

પણ આજે પપૈયા વિશે પૂરક માહિતી આપતાં પહેલા તે ક્યાંના વખણાય તે જાણીએ.

મોરબી જિલ્લાનું પાનેલી ગામ રળિયામણું છે પણ પાનેલીનાં પપૈયા વિશ્વ વિખ્યાત છે, આથી હું પાનેલી ગયો, ત્યાંના માયાળુ માનવી ખેડૂત રાઘવજીભાઈ પોપટભાઈ ચાવડા લગભગ ૨૦ વર્ષથી પપૈયાની ખેતી કરે છે, તેની માવજતનો પૂરો અનુભવ ધરાવે છે, આથી ગ્રીન લીલા છમ ઝાડમાં લૂંબોઝુંબો પપૈયા જોઈ મનમોહિત થઈ જાય એક ઝાડમાં ૧૫થી ૨૦ કિલો પપૈયા ઊતરે છે,




ગયા વર્ષે એક ચાર કિલો બસો ગ્રામનું પપૈયું ઊતરેલ તેઓ બી લેતા નથી પપૈયાનાં જે બી નીકળે તેને રાખમાં ભેળવી સુકાઈ જાય પછી તેજ બી અમો વાવીએ છીએ, લીલાછમ પપૈયા થાય પછી તેને દાબો કરે જેમાં કાગળને કોથળા વીંટી રાખતા બે દિવસમાં પીળાસ જેવા થઈ પાક્કી જાય પછી ખાવ તો મીઠાં સાકર જેવા લાગે છે. પપૈયા જીયાં વાવે તેને ઘેરો કહે છે.

પપૈયાં વૃક્ષ જેવો દેખાતો એક છોડ છે જેમાં શાખાઓ હોતી નથી. આની લંબાઈ કે ઊંચાઈ ૫ થી ૧૦ મીટર જેટલી હોય છે. આના પાંદડાં માત્ર ટોચ પર ચક્રાકારે ગોઠવાયેલા હોય છે. તેના થડનો નીચેનો ભાગ રાતા રંગનો હોય છે જ્યાં ફળો અને પાંદડાં ઊગે છે. આના પાંદડાં મોટાં હોય છે, તેમનો વ્યાસ ૫૦ થી ૭૦ સેમી જેટલો હોય છે. આના વૃક્ષને મોટાભાગે ડાળીઓ હોતી નથી. આના ફૂલો પ્લુમેરિયાના ફૂલો જેવાં હોય છે પાન આકારમાં ખૂબ નાના હોય છે. અને મીણ જેવા લાગે છે. તેઓ પાંદડાની કાખમાં ઊગે છે. જેમાંથી ૧૫થી ૪૫ સેમી લાંબા અને ૧૦ થી ૩૦ સેમી વ્યાસ ધરાવતાં ફળો પાકે છે. આ ફળો નરમ થાય અને તેમની છાલ પીળા-કેસરીયા રંગની થાય ત્યારે પાકે છે. પપૈયાની ખેતીમાંથી ઉત્તર ગુજરાતના અનેક ખેડૂતો લાખોની કમાણી કરી પગભર બન્યા છે ઉત્તર ગુજરાતમાં અનેક ખેડૂતો પપૈયાની ખેતી કરી આર્થિક રીતે પગભર બન્યા છે. જે ખેડૂતોની સંખ્યામાં આ વર્ષે વધારો થવાની બાગાયત વિભાગ શક્યતાઓ વ્યક્ત કરી રહ્યું છે. જેમાં પપૈયાની ખેતી જે ખેડૂતો કરતા હતા અને તેમને થયેલા આર્થિક મોટા ફાયદાથી પ્રેરાઇને અન્ય ખેડૂતો પણ આ વર્ષે પપૈયાની ખેતીમાં ઝંપલાવી રહ્યા છે. ત્યારે પપૈયાનું વાવેતર કરનારા ખેડૂતો માટે કેટલીક બાબતો પણ ધ્યાને રાખવી જરૂરી છે. જે અંગે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા માહિતી અને સલાહ અપાઇ છે.પપૈયા ઉષ્ણકટિબંધનો પાક છે, ફળપાકોમાં પપૈયા પાંચમા નંબરનો અગત્યનો ટુંકાગાળાનો રોકડિયો પાક છે. તેની વ્યાપારિક ખેતી ખૂબજ પ્રચલિત છે. અને એકમ દીઠ વધુ આર્થિક વળતર આપતો મહત્ત્વનો પાક છે. પોષક આહારની દ્રષ્ટિએ પાકા પપૈયા પાચક, રેચક, પિત્તનાશક અને પોષક ગણાય છે. તેમાં વિટામિન-એ, વિટામિન-સી અને વિટામિન-બી-૧ અને બી-૨ તથા ક્ષારોનું પ્રમાણ પણ સારું છે. પપૈયાના કાચા ફળોમાંથી મળતું પપેન મુખ્યત્વે ઔષધો તેમજ ઔદ્યોગિક બનાવટોમાં વપરાય છે. આ પપેનની આડપેદાશને લીધે સમગ્ર વિશ્વમાં તે અગત્યનું ફળ ગણાય છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ડબલા સર્વિસના ડબ્બા ગૂલ



લેન્ડલાઈન તો આધુનિક જમનાનો શબ્દ છે. ૫૦ - ૬૦ વર્ષ પહેલાં ઘરે ટેલિફોનનું કનેક્શન આવતું ત્યારે 'ઘરે ડબલું બેસાડી ગયો છે' એમ સંદેશો ફરી વળતો. ઘણા લોકો મજાકમાં મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (એમટીએનએલ)ને - લેન્ડલાઈન ટેલિફોન સર્વિસને 'ડબલા સર્વિસ' તરીકે પણ ઓળખતા. જોકે, આ સર્વિસ વારંવાર બગડી જવાથી ફોન ડેડ (કામ કરતો બંધ) થઈ જવાથી MTNL ના પ્રથમ અક્ષર લઈમારો ટેલિફોન નથી લાગતો એવી હાંસી પણ ઉડાડવામાં આવતી હતી. જોકે, મોબાઈલ સર્વિસ સાવ સસ્તી થઈ ગઈ હોવાથી આપણા દેશમાં તો લેન્ડલાઈનનું અનેક જગ્યાએ ઊઠમણું થઈ ગયું છે. ફાઈબર અને ડિજિટલ વોઈસના વધી રહેલા વ્યાપને કારણે યુકેમાં ૪૬૦૦ ટેલિફોન એક્સચેન્જનેતાળું લાગી જશે એવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ પૈકી સૌથી જૂનું ડેડીન્ગટન ટેલિફોન એક્સચેન્જ પહેલી ડિસેમ્બરથી બંધ કરવામાં આવ્યું છે. નવી સર્વિસમાં કોપર વાયરને બદલે ફાઈબરનો ઉપયોગ કરવામાં આવશે. આ ફેરફારથી વાયરિંગ અને અન્ય સાધનો રાખવાની જગ્યામાં ખાસ્સી બચત થશે અને લેન્ડલાઈનના ૪૬૦૦ એક્સચેન્જની સામે ફક્ત ૧૦૦૦ સુપર ડિજિટલ એક્સચેન્જની જરૂર પડશે. આ બદલવાથી નેટવર્કનું ભવિષ્ય વધુ કાર્યક્ષમ બનશે એ હૈયાધારણ આપવામાં આવી છે.

## યુદ્ધથી ભાગ્યો, પણ મલ્લ યુદ્ધમાં દેશનું નામ કર્યું રોશન...




૧૪૦ કિલોગ્રામ વજનના પાંચ ફૂટ સાડા અગિયાર ઈંચની ઊંચાઈ ધરાવતા યુક્રેનના ૨૧ વર્ષના પહેલવાન આઓનિશ્ચિએ જાપાનીઝ કુસ્તી તરીકે ઓળખ આપી શકાય એવા 'સુમો'ના મુકાબલામાં પ્રતિસ્પર્ધીને ધૂળ ચાટતો કરી ૨૫ કિલો વજનની ટ્રોફી ઊંચકી ત્યારે પહેલીવાર અંતરમાંથી ગ્લાનિ દૂર થઈ હોવાનું તેણે મહેસૂસ કર્યું હશે.

યુક્રેનમાં જન્મેલા આઓનિશ્ચિએ સાત વર્ષની ઉંમરથી જ સુમોની તાલીમ લેવાનું શરૂ કરી ૧૫ વર્ષની ઉંમરે જાપાનમાં આયોજિત જુનિયર વર્લ્ડ સુમો ચેમ્પિયનશિપમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. સુમો જગતમાં છવાઈ જવાના એના અરમાન હતા. જોકે, ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર કરેલા આક્રમણમાં આઓનિશ્ચિ ટ્રેઈનિંગ લેતો હતો એ રેસલિંગ સેન્ટર જમીનદોસ્ત થઈ ગયું. અનેક એથ્લિટના પરિવાર દેશ છોડી નાસી ગયા અને કુસ્તીના કરિયર પર પૂર્ણવિરામ ન મુકાઈ જાય એ માટે જુનિયર સુમો પહેલવાનનો પરિવાર જર્મની પહોંચ્યો. સુમો માટેની લગનને કારણે થોડા જ સમયમાં આઓનિશ્ચિએ જાપાન પહોંચી સુમોની સઘન તાલીમ લીધી. વિવિધ સ્પર્ધા જીતી સફળતાની સીડી ચડી ઉચ્ચ સ્તરની સ્પર્ધામાં વિજેતાપદ મેળવ્યું છે. સુમોના સર્વોચ્ચ ટાઈટલ જીતવાના અરમાન સાથે મલ્લએ એક ઈન્ટરવ્યૂમાં પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું છે કે 'હું આશા રાખું છે કે સુમોમાં મારી પ્રગતિ જોઈ યુક્રેનવાસીઓને પ્રેરણા મળશે.'

## સર્વકાલીન 'સત્યના પ્રયોગો'ની સદી

મહાત્મા ગાંધી આજે અપ્રસ્તુત છે એવો દાવો ભલે કરવામાં આવતો હોય, ગાંધીજી એક વ્યક્તિ નથી, એક વિચાર છે એ સર્વ સ્વીકાર્ય બાબત છે. ગાંધીજીના બાળપણથી ૫૧ વર્ષના થયા ત્યાં સુધીના તેમના જીવનકાળ સુધીની લખેલી જીવનકથા એટલે 'મારા સત્યના પ્રયોગો.' અલબત્ત, આ પુસ્તકમાં તેમનાજીવનમાં અત્યંત મહત્ત્વ ધરાવતાં છેલ્લાં ૨૭ વર્ષ આવરી નથી લેવાયાં તેમ છતાં એ એટલી સત્ત્વશીલ છે કે વિશ્વભરમાં પ્રગટ થયેલી આત્મકથામાં આગલી હરોળમાં સ્થાન ધરાવે છે.


આત્મકથા
નવજીવન
તંત્રી: મોહનદાસ કરમચંદ ગાંધી
સત્યના પ્રયોગો અથવા આત્મકથા
પ્રસ્તાવના
મોહનદાસ કરમચંદ ગાંધી

૨૯ નવેમ્બર ૧૯૨૫માં 'સત્યના પ્રયોગો'નો પ્રથમ હપ્તો પ્રગટ થયો હતો એ નિમિત્તે 'નવજીવન ટ્રસ્ટ' દ્વારા એની તસવીર અને એક નાનકડું લખાણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે . જે એમનાજ શબ્દોમાં જાળવી રાખ્યું છે...

મહાત્મા ગાંધીજી લિખિત 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' પહેલી વખત ભાવકો સમક્ષ પહોંચી એ વાતને આજે ૧૦૦ વર્ષ થયા ! ૨૯ નવેમ્બર ૧૯૨૫ના રોજ 'નવજીવન' સામયિક કે જેના તંત્રી ગાંધીજી હતા એ મેગેઝિનમાં હપ્તાવાર બાપુની આત્મકથા પ્રગટ થઈ હતી. વિશ્વની અનેક ભાષામાં અને ૨૨ જેટલી ભારતીય ભાષામાં ઉપલબ્ધ આ પુસ્તક અનેક યુનિવર્સિટી અને કોલેજોમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. ૧૦૦ વર્ષ પછી પણ ગાંધીજીનો શબ્દ અખંડ જ્યોત સરીખું અજવાળું પાથરે છે. ગાંધીમૂલ્ય અને ગાંધીવિચાર શાશ્વત છે.

## ધૂળ ખંખેરતા લોટરી લાગી



નસીબ આડેનું પાંદડું કેમ અને ક્યારે ખસી જાય એની કોઈ વ્યાખ્યા કે ગણિત નથી હોતાં. ગલી ગોતવા નીકળ્યા હોઈએ અને હાઈ- વે પર પહોંચી જવાય એવું પણ બને .

યુકેનો આ કિસ્સો આ સંભાવનાનું સમર્થન કરે છે. ઓક્સફર્ડશાયરમાં કેટલાંક વર્ષથી એક ઘરમાં રહેતા શખ્સને ગેરેજમાં ધૂળ ઝાપટતાં એક પેઈન્ટિંગ હાથ લાગ્યું અને નસીબ આડેનું પાંદડું જ નહીં આખેઆખું જાણે જંગલ જ ખસી ગયું. ઓક્સફર્ડ યુનિવર્સિટી માટે પ્રખ્યાત આ કાઉન્ટીના રહેવાસીએ કેટલાક વર્ષ પહેલા પેન્ટિંગ ખરીદી ગેરેજમાં મૂકી દીધું હતું. પેન્ટિંગ્સની નિલામીની જાણ થતા ભાઈસાહેબને કલાકૃતિની રોકડી કરી લેવાનો વિચાર આવ્યો. એ કોઈ સાધારણ પેઈન્ટિંગ નહોતું, ઈટલીના લિયોનાર્દો દ વિન્ચીજેવી નામના મેળવનારા પીએટોવેનુચીની કલાકૃતિ હતી. વેચાઈ ગયું હોવાનો હથોડો વાગ્યો ત્યારે ખરીદનારે ઓફર કરેલી કિંમત જોઈને અનેક મોઢાં આશ્ચર્યથી પહોળા થઈ ગયા. ૫૦૦ વર્ષ જૂનું આ પેન્ટિંગ એક કલાપ્રેમીએ ૬ લાખ ૮૫ હજાર પાઉન્ડ (આશરે ૮ કરોડ રૂપિયા) માં પોતાનું કરી લીધું. વેટિકન સિટીના ધર્મસ્થાનની દીવાલો પર પેઈન્ટિંગ કરવાની જવાબદારી નિભાવનારા પેન્ટરની કલાકૃતિએ ઈતિહાસ રચી એક વ્યક્તિને આર્થિક સમૃદ્ધિના શિખર પર બેસાડી દીધી !

## લ્યો કરો વાત!

*પુરુષાર્થ વિના પ્રારબ્ધ સાથ ન આપે. ઊંઘણશીનું ભાગ્ય પણ બગાસા ખાતું હોય એવું કહેવાય છે. આ માન્યતાને સાચી ઠેરવતાઅનેક ઉદાહરણ છે. જોકે, તાજેતરમાં ચીનમાં ઊલટી ગંગા વહેતી જોવા મળી હતી. મેટ્રેસ બનાવતી એક કંપનીએ પ્રમોશન માટે એક આડા પડી રહેવાની એક કોમ્પિટિશનનું આયોજન કર્યું હતું. નિયમો કડક હતા જેમકે ઊઠવા - બેસવાની મનાઈ, ટોયલેટ જવા પર પ્રતિબંધ, પડખું ફરવાની છૂટ, ખાવાનું પણ સૂતા સૂતા. પુસ્તક વાંચવાની, મોબાઈલ ચલાવવાની પરવાનગી હતી. ૨૪૦ જણ સ્પર્ધામાં ઉતર્યા હતા અને છેલ્લે છેલ્લે સ્પર્ધા મુશ્કેલ બનાવી બચેલા ત્રણ સ્પર્ધકને હાથ - પગ ઊંચા રાખી સુવા કહ્યું. અંતે ગર્લફ્રેન્ડના આગ્રહથી સ્પર્ધામાં ઉતરેલા ૨૩ વર્ષના યુવકે ૩૩ કલાક અને ૩૫ મિનિટ આડેપડખે રહી સ્પર્ધા જીતી લીધી. એને ઈનામ પેટે ૩૦૦૦ યુઆન (આશરે ૩૮ હજાર રૂપિયા) મળ્યા.*

*જોકે ૩૩ કલાક સુધી આડેપડખે પડી રહેવાની સરખામણીએ મળેલી ઈનામની આ રકમ ઘણી ઓછી ગણાય !* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**રહેમ નજર કેવી હોય?**
* વહેમ ના પડે એવી.
**નજરના જામ છલકાવનાર ક્યાં જતાં હશે?**
* જયાં પોતાનો જામ છલકાતો કોઈ જોઈ શકે ત્યા !
**ઉતાવળે આંબા નહીં તો શું પાકે?**
* બાવળ .. !
**ખોટા સરનામા પર કંકોતરી મોકલી દેવાય તો?**
* ચાંદલાની ખોટ જાય.
**કયા કયા બાજ ઊડી ના શકે?**
* ચાલબાજ અને ફાંદેબાજ...
**આગાહી ખોટી પડે તો શું થાય?**
* નિરાંત... .
**હનીમૂન માટે ક્યાં જવું સારું?**
* જ્યાં ડિવોર્સના બીજ ન વવાય ત્યાં....
**વિદેશમાં અમુક યુગલ છૂટાછેડા કેમ ઉજવતા હશે?**
* પોતાની ભૂલ જાહેરમાં કબૂલી લેવા માટે !
**છૂટાછેડાના ગીત કેમ સંભળાતા નથી?**
* ધીમા સ્વરે છૂટા છૂટા ગવાતા હોય છે એથી !
**ફોઈને નામ પાડવાનો ચાન્સ ના મળે તો?**
* ફુઆને રિસાઈ જવાનું બહાનું મળી જાય...
**ચેકઆઉટ અને ગેટઆઉટ માં ફરક શું?**
* ચેકઆઉટ ચાર્જ ચૂકવીને થાય ...ગેટઆઉટ સાવ મફતમાં ! .
**ઝાઝા હાથ રળિયામણાં.. અને એકલે હાથ?**
* સાવ અકળામણા...
**મંદિરમાં ઘંટના બદલે ડોર બેલ મુકાય તો?**
* 'ડોન્ટ ડિસ્ટર્બ મી' નું બોર્ડ પણ લાગી જાય.
**મેકઅપ - વસ્ત્ર પરિધાન કરતી સ્ત્રીને પહેલાં કોણ જુએ?**
* અરીસો...
**વરરાજા પગપાળા પરણવા જાય તો?**
* તો જાનના બદલે પગપાળા સંઘ બની જાય.
**મહિલાને માઠું ક્યારે લાગે?**
* કોઈ આન્ટી કહીને બોલાવે ત્યારે માઠું જ નહીં-વસમું પણ લાગી જાય !

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## જીવતો નર ભદ્રા પામે!

જુગાર રમવું એ દુષ્કર્મ છે, સામાજિક અને વળી પારિવારિક દૂષણ છે. એટલે રમનારામાં હારવાવાળા પણ સજ્જન ન ગણાય અને જીતવાવાળા તો નહીં જ નહીં કારણ કે જીતનાર જુગારીએ કોઈનું કંઈક એવાં દુષ્કર્મથી હડપી લીધું હોય છે. જીતનાર જુગારીને કોઈ અભિનંદન આપતું હોય તેવું તો ભાગ્યે જ જોવા મળે અને હારનાર વ્યક્તિ તરફ કોઈ દિલસોજી વ્યક્ત નથી કરતું! ખરું ને? કચ્છી ચોવક તો ચાબખાં મારતાં કહે છે કે, **'હારે તેંજો અધ મોં કારો, ખટે તેંજો સજો'**. શબ્દાર્થ છેઃ જે જુગારમાં હારે તેનું અડધું મોઢું કાળું અને જે જીતે તેનું તો આખું જ મોઢું કાળું! જુગારીઓની હાલત દર્શાવતી આ ચોવકમાં બે શબ્દો છે તેમાં 'હારે' એટલે હારનાર, અને 'તેંજો'નો અર્થ થાય છે તેનું. 'અધ મોં' એટલે અડધું મોઢું અને 'ખટે'નો અર્થ થાય છેઃ જીતનાર. 'સજો' એટલે આખું (મોઢું).

એક ચોવક કહે છેઃ **'હાઉ કે કેર ચે ખા'** મતલબ કોઈ આફત સામે, સામેથી ચાલીને જવું. 'હાઉ' એટલે - ઉપાધી, ભય કે આફત. 'કે' અહીં 'ને'ના બદલે મૂકવામાં આવ્યો છે. 'કેર'નો અર્થ થાય છેઃ કોણ અને 'ચે' એટલે કહે. 'ખા' સામાન્ય રીતે ખાવાના અર્થમાં હોય છે, પણ અહીં 'આવ ગળે લાગીજા'ના અર્થમાં એ એકાક્ષરી શબ્દ વાપરવામાં આવ્યો છે. ભાવાર્થ એજ છે કે, ઉપાધીને સામેથી કોણ કહે કે આવ!

સામાન્ય રીતે જ, આપણને કોઈ ઘણા સમય પછી મળે તો આપણે પૂછીએ કે કેમ છો? એ વ્યક્તિ સામાન્ય રીતે જવાબ આપતો હોય એજ જવાબ આપે કેઃ મજામાં! પણ એ શબ્દ તેના મોઢેથી નીકળે પછી અંતર ચીસ પાડીને ઘણીવાર ડંખ મારે કે, શું ધૂળ મજામાં! કેમ જીવીએ છીએ તેની અમને જ ખબર છે. આવો સંવાદ ચોવકના સાત શબ્દોમાં સમાઈ જાય તેવી એક ચોવક છેઃ **'હલોં કીં તા સે અસાંકે ખબર આય'** જીવન સ્વસ્થ ન હોવાની આમાં ચીસ સંભળાય છે. 'હલોં કીં તા' આ શબ્દ સમૂહનો અર્થ છેઃ કેમ જીવીએ છીએં...'સે' એટલે તેની. 'અસાંકે'નો અર્થ થાય છેઃ અમને. 'ખબર આય' એટલે ખબર છે.


વળી, આવી દશામાં આશ્વાસન આપતી પણ એક ચોવક પ્રચલિત છે કે, **'હૈયાતી આય ત મિડે આય'**. આપણે ગુજરાતીમાં બોલતા હોઈએ છીએં કે, 'જીવતો નર ભદ્રા પામે' બસ. તેના જેવું જ! એ પ્રમાણે ચોવકનો અર્થ એવો થાય છે કે, હયાતી છે, તો બધું જ છે! 'હૈયાતી' એટલે હયાતી. 'આય'નો અર્થ થાય છેઃ છે. 'મિડે' એટલે બધું.

ઘણા લોકોને વાતે વાતે સોગંદ ખાવાની આદત હોય છે. ખોટે ખોટા સોગંદ ખાય અને પોતે દરેક વાતે સાચા જ છે તેવું પુરવાર કરવાના પ્રયાસ કરે! પરંતુ ચોવક કહે છેઃ **'સોં ખણે સે સચો ન થીયાજે'** 'સોં' એટલે સોગંદ. 'ખણે સે' ખાવાથી (સોગંદ ખાવાથી), 'સચો'નો અર્થ થાય છે, 'સાચો'. 'ન થીયાજે' એટલે ન થવાય. પણ ભાવાર્થ એવો થાય છે કે, જેમ થતું હોય તેમ જ થાય!

જીવનમાં વિશ્વાસ એ મહત્ત્વનું પરિબળ છે. જોકે, આજકાલ તો કોઈનામાં વિશ્વાસ મૂકતાં પહેલાં કોઈ બીજાને પૂછવું પડતું હોય છે. વાત વિશ્વાસ મૂકવાની છે અને તેના માટે એક પવિત્રતા ધરાવતી ચોવકનો ઉપયોગ થતો હોય છે. ચોવક છેઃ **'સૂરજ જી સાંખ નેં ભ્રામણ જો વચન'** સૂરજ દેવતાનો સાક્ષીભાવ જેટલો પૂજનીય છે, તેટલો જ વિશ્વસનીય છે. ચોવકના જણાવ્યા મુજબ 'ભ્રામણ' એટલે કે 'બ્રાહ્મણ'નું વચન પણ વિશ્વસનીય હોય છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દામ્પત્ય એટલે પુરુષનાં કર્તૃત્વ ને સ્ત્રીનું સમર્પણ...



**દામ્પત્ય** જીવન માનવીના જીવનનું અત્યંત મહત્ત્વનું અને સમજદારીભર્યું સંભારણું છે. લગ્ન માત્ર બે વ્યક્તિનું નહીં, પરંતુ બે હૃદય - બે વિચાર - બે સંસ્કૃતિ અને વિશેષતઃ બે પરંપરાનું પણ મિલન છે. તેમાં 'સમર્પણ' અને 'પ્રેમ' એ બે આધારસ્તંભ છે, જેના આધાર પર સમગ્ર દામ્પત્ય રૂપી મહેલ મજબૂત અને સંતુલિત રીતે ઊભો રહે છે.

આજના યાંત્રિક યુગમાં, જ્યાં સંબંધ ઘણીવાર પળવારમાં જોડાય છે અને તૂટે છે એવા સમયે જીવનસાથી પ્રત્યેનો સંનિષ્ઠ પ્રેમ, સહકાર અને સમર્પણ વધુ અગત્યના બની રહે છે.

દામ્પત્ય જીવનમાં પ્રેમનો અર્થ માત્ર રોમેન્ટિક લાગણીઓ પૂરતો કરવાનો નથી. પ્રેમ એ સમજણ, સહાનુભૂતિ, વિશ્વાસ તથા એકમેકની ભૂલોને સ્વીકારી લેવાની સમજણ છે. પ્રેમ એટલે એકબીજાની ખુશી માટે પોતાના સ્વભાવ અને સ્વાર્થને પણ ક્યારેક બાજુ પર રાખી દેવાની ભાવના. જ્યારે દામ્પત્ય જીવનમાં પ્રેમ હોય ત્યારે ઝઘડા, મતભેદો અથવા મુશ્કેલીઓ આવવા છતાં સંબંધો તૂટતા નથી, પરંતુ વધુ મજબૂત બને છે. ફક્ત આનંદ અને સુખની પળોમાં જ નહીં, બલકે દુઃખ અને સંઘર્ષના સમયમાં પણ જીવનસાથી હિંમત અને સાથ આપે છે.

દામ્પત્ય જીવનનું બીજું અગત્યનું અંગ છે : સમર્પણ. દામ્પત્ય એટલે પુરુષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન. અહીં પુરુષ એ ગદ્ય છે તો સ્ત્રી એ પદ્ય છે. આ ગદ્ય-પદ્ય સંગ્રહનું નામ જ છે, જીવન. દામ્પત્ય જીવનમાં માત્ર 'હું' ને સ્થાન ન હોય બલકે 'અમે' જરૂરી છે. જીવનસાથીની લાગણીઓ સમજવાની, એને માન આપવાની અને જીવનના નિર્ણયો સાથે મળી લેવા એ સમર્પણની જ નિશાની છે. સમર્પણનો અર્થ ગુલામી નથી, પરંતુ ભરપૂર સહઅસ્તિત્વ છે. તેમાં વ્યક્તિ પોતાની ઓળખ ગુમાવતી નથી, પરંતુ સંબંધને પ્રાથમિકતા આપે છે.

દામ્પત્ય જીવનમાં વિશ્વાસનું મહત્ત્વ પણ અગત્યનું છે. વિશ્વાસ વગરનું દામ્પત્ય જીવન રેતીના મહેલ જેવું છે. બહારથી સુંદર દેખાય પણ અંદરથી ખોખલું અને નબળું હોય. એકબીજા પર વિશ્વાસ રાખવાથી મનમાં શંકા, અસુરક્ષા અને તણાવ ઊભો થતો નથી. વિશ્વાસ જીવનસાથીને સ્વતંત્રતા આપે છે અને આત્મવિશ્વાસ પણ આપે છે કે, મારો સાથી મારી સાથે છે. આ ભાવના દામ્પત્ય જીવનને મજબૂત બનાવે છે.

સમજણ શક્તિ પણ દામ્પત્ય જીવનમાં અત્યંત જરૂરી છે. દરેક માણસનો સ્વભાવ, પરિસ્થિતિઓ અને વિચારો અલગ હોય છે. તેથી મતભેદ સ્વાભાવિક છે, પરંતુ મતભેદ થતાં સંબંધ તોડવો કે કટુતા સર્જવી એ નબળાઈ છે. મતભેદને સમજણથી હલ કરવા અને ચર્ચા દ્વારા સુમેળ શોધવો એ દામ્પત્ય જીવનની પરિપક્વતા છે. જો બંને જીવનસાથી પોતાની ભાવનાઓ સ્પષ્ટપણે રજૂ કરે અને એકબીજાને સમજવાની કોશિશ કરે, તો સંબંધો વધારે ગાઢ બને છે.

દામ્પત્ય જીવનમાં સમય આપવાનું મહત્ત્વ પણ વિશેષ છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં ઘણીવાર માનસિક અંતર વધી જાય છે, પરંતુ અનુકૂળતા મુજબ ચા પીવા માટે કે જમવા માટે સાથે બેસવું, સાથે ચાલવા જવું, અથવા સાથે બેસી દિવસના અનુભવોની વાતો વાગોળવી. સંબંધમાં તાજગી રાખવા આ બધું જરૂરી છે.

કુટુંબમાં મોટાઓની ઉપસ્થિતિ અને બાળકોની જવાબદારી વચ્ચે ઘણીવાર દંપતી પોતાનો સંબંધ પાછળ મૂકતા હોય છે. જોકે યાદ રાખવું જોઈએ કે મજબૂત દામ્પત્ય સંબંધ જ મજબૂત પરિવારનું મૂળ છે. જો પતિ-પત્ની વચ્ચે પ્રેમ, સન્માન અને સમર્પણ હોય તો પરિવારના તમામ સભ્યોમાં સુમેળ, શાંતિ અને ખુશીનો માહોલ છવાય છે. બાળકો પણ આવા માહોલમાં માનસિક રીતે મજબૂત, સંવેદનશીલ અને પ્રેમાળ બને છે.

દામ્પત્ય જીવનમાં ક્ષમાની ભાવના અનિવાર્ય છે. ભૂલ કોઈથી પણ થઈ શકે. નાના મુદ્દાઓને વધારવાને બદલે ક્ષમા કરવાની અને ભૂલો ભૂલી આગળ વધવાની ભાવના સંબંધને લાંબા સમય સુધી ટકાવી રાખે છે. જ્યાં ક્ષમા નથી, ત્યાં રોષ, દ્વેષ અને અંતર ઊભું થાય છે. જ્યાં ક્ષમા છે ત્યાં પ્રેમની નદી સતત વહેતી રહે છે.

આખરે, દામ્પત્ય જીવન એક યાત્રા છે - જેમાં સફર દરમિયાન ક્યારેક ખુશીની ક્ષણો મળે છે, ક્યારેક પડકારો મળે છે, તો વળી ક્યારેક પરીક્ષાની ઘડી આવે છે, પરંતુ જે દંપતી પરસ્પર વિશ્વાસ, પ્રેમ, સમર્પણ અને સમજણ સાથે આ યાત્રા કરે છે, તેમને જીવનમાં સાચું સુખ પ્રાપ્ત થાય છે. દામ્પત્ય જીવનમાં 'હું કેવી રીતે વધારે લઈ શકું?' ને બદલે 'હું કેટલું વધારે આપી શકું?' એવી ભાવના જરૂરી છે.

**નિષ્કર્ષ:**

*દામ્પત્ય જીવનને સફળ બનાવવા માટે પ્રેમ, સમર્પણ, વિશ્વાસ, ક્ષમા અને સંવાદ સૌથી અગત્યનાં ઘટકો છે. જ્યારે પતિ-પત્ની એકબીજાનો હાથ ફક્ત જીવનની ખુશીમાં નહીં, પરંતુ મુશ્કેલ ક્ષણોમાં પણ છોડતા નથી, ત્યારે દામ્પત્ય સંબંધ અનંત બનતો જાય છે. પ્રેમને શબ્દો કરતાં વર્તનમાં વધુ જીવાય, એ જ સાચું દામ્પત્ય છે. જીવનસાથી પ્રત્યેનું સમર્પણ અને પ્રેમ એ માત્ર દામ્પત્યનું આભૂષણ નહીં, પરંતુ એની જીવનરેખા છે.* ■

# નહેરુ સરકારી ખર્ચે બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા, સરદાર પટેલે તેમની યોજના નિષ્ફળ બનાવી: રાજનાથ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે 'યુનિટી માર્ચ'ના ભાગ રૂપે વડોદરા નજીક શિનોરનાં સાધલી ગામમાં એક સભાને સંબોધતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પટેલને એક સાચા ઉદાર અને બિનસાંપ્રદાયિક વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા, જે ક્યારેય તુષ્ટિકરણમાં માનતા ન હતા. રાજનાથસિંહે મંગળવારે જણાવ્યું હતું કે, દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ સરકારના ખજાનામાંથી બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા, પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલે તેમની યોજના નિષ્ફળ બનાવી હતી.

સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે, પંડિત જવાહરલાલ નહેરુ જાહેર ભંડોળથી (અયોધ્યામાં) બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા. જો કોઈએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હોય, તો તે સરદાર વલ્લભભાઈ પટેલ હતા, જે એક ગુજરાતી માતાના પુત્ર હતા. તેમણે બાબરી મસ્જિદ જાહેર ભંડોળથી બનવા દીધી ન હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, જ્યારે નહેરુએ ગુજરાતમાં સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે પટેલે સ્પષ્ટતા કરી હતી કે, મંદિર એક અલગ બાબત છે કારણ કે તેના જીર્ણોદ્ધાર માટે જરૂરી ૩૦ લાખ રૂપિયા સામાન્ય લોકો દ્વારા દાન કરવામાં આવ્યા હતા.

ભાજપના અગ્રણી નેતાએ કહ્યું હતું કે, સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે એક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું હતું અને આ કાર્ય માટે સરકારનો એક પણ પૈસો ખર્ચવામાં આવ્યો ન હતો. તેવી જ રીતે, સરકારે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે એક પણ રૂપિયો ફાળો આપ્યો ન હતો. સમગ્ર ખર્ચ દેશના લોકોએ ઉઠાવ્યો હતો. આને સાચી ધર્મનિરપેક્ષતા કહેવાય.

સિંહે કહ્યું હતું કે, સરદાર પટેલ વડા પ્રધાન બની શક્યા હોત, પરંતુ તેમણે ક્યારેય તેમના કારકિર્દીમાં કોઈ પદની લાલસા રાખી ન હતી. સંરક્ષણ પ્રધાને વધુમાં કહ્યું હતું કે નહેરુ સાથે વૈચારિક મતભેદો હોવા છતાં, તેમણે તેમની સાથે મળીને કામ કર્યું કારણ કે તેમણે મહાત્મા ગાંધીને વચન આપ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે નહેરુ ૧૯૪૬ માં કૉંગ્રેસ પ્રમુખ બન્યા કારણ કે સરદાર પટેલે ગાંધીની સલાહ પર તેમનું નામાંકન પાછું ખેંચી લીધું હતું. સિંહે કહ્યું, ૧૯૪૬માં કૉંગ્રેસ પ્રમુખ માટે ચૂંટણી થવાની હતી. કૉંગ્રેસ સમિતિના મોટાભાગના સભ્યોએ વલ્લભભાઈ પટેલના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જ્યારે ગાંધીજીએ સરદાર પટેલને નહેરુને કૉંગ્રેસ પ્રમુખ બનવા દેવા અને તેમનું નામાંકન પાછું ખેંચવા કહ્યું હતું, ત્યારે તેમણે તરત જ તેમનું નામાંકન પાછું ખેંચી લીધું હતું. નહેરુ પરિવારનું નામ લીધા વિના, સિંહે કહ્યું હતું કે, કેટલીક રાજકીય શક્તિઓ પટેલના વારસાને ભૂંસી નાખવા માંગતી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ સરદાર પટેલને ઇતિહાસના પાનામાં એક ચમકતા તારા તરીકે ફરીથી સ્થાપિત કર્યા છે. સિંહે દાવો કર્યો હતો કે કેટલાક લોકોએ પટેલના વારસાને છુપાવવાનો અને ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યાં સુધી ભાજપ સત્તામાં છે, ત્યાં સુધી તેઓ સફળ થશે નહીં. સરદાર પટેલના મૃત્યુ પછી, સામાન્ય લોકોએ તેમના માટે સ્મારક બનાવવા માટે પૈસા એકઠા કર્યા હતા, પરંતુ જ્યારે આ માહિતી નહેરુજી સુધી પહોંચી, ત્યારે તેમણે કહ્યું હતું કે સરદાર પટેલ ખેડૂતોના નેતા હતા, તેથી આ પૈસા ગામડાઓમાં કુવાઓ અને રસ્તાઓ બનાવવા માટે ખર્ચવા જોઈએ. આ તે કેવી મજાક! કૂવાઓ અને રસ્તાઓ બનાવવાની જવાબદારી સરકારની છે. આ માટે સ્મારક ભંડોળનો ઉપયોગ કરવાનો સૂચન વાહિયાત હતું. તેમણે વધુમાં કહ્યું કે આ દર્શાવે છે કે તે સમયની સરકાર પટેલના મહાન વારસાને કોઈપણ કિંમતે છુપાવવા અને દબાવવા માગતી હતી.

રાજનાથ સિંહે સવાલ કર્યો હતો કે, નેહરુએ પોતાને ભારત રત્નથી સન્માનિત કર્યા, પરંતુ તે સમયે સરદાર વલ્લભભાઈ પટેલને ભારત રત્ન કેમ ન આપવામાં આવ્યો? વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કરીને સરદાર પટેલને યોગ્ય સન્માન આપવાનું નક્કી કર્યું. આ ખરેખર આપણા વડા પ્રધાન દ્વારા એક પ્રશંસનીય કાર્ય છે. સંરક્ષણ પ્રધાને એ દાવાને પણ ફગાવી દીધો કે પટેલ વડા પ્રધાન બનવા માટે ખૂબ વૃદ્ધ હતા. આ સંપૂર્ણપણે ખોટું છે. મોરારજી દેસાઈ ૮૦ વર્ષથી વધુ ઉંમરના હતા. સિંહે સવાલ કર્યો હતો કે જો મોરારજી દેસાઈ ભારતના વડા પ્રધાન બની શકતા હોત, તો ૮૦ વર્ષથી ઓછી ઉંમરના સરદાર પટેલ વડા પ્રધાન કેમ ન બની શક્યા? કાશ્મીર મુદ્દાનો ઉલ્લેખ કરતા સિંહે કહ્યું હતું કે જો કાશ્મીરના જોડાણ સમયે પટેલની માગણીઓ પર ધ્યાન આપવામાં આવ્યું હોત, તો ભારતને આટલા લાંબા સમય સુધી કાશ્મીર સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હોત. તેમણે કહ્યું કે વલ્લભભાઈ પટેલ હંમેશા વાતચીત દ્વારા સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં માનતા હતા. જોકે, જ્યારે બધા રસ્તા બંધ હતા, ત્યારે તેમણે કડક વલણ અપનાવવામાં અચકાયા નહીં. જ્યારે હૈદરાબાદના વિલીનીકરણની જરૂર ઊભી થઈ, ત્યારે પટેલે તે વલણ અપનાવ્યું હતું. રાજનાથે ભારતના પ્રથમ ગૃહપ્રધાન તરીકે પટેલના કાર્યકાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, જો તેમણે મક્કમ વલણ ન અપનાવ્યું હોત, તો હૈદરાબાદ કદાચ ભારતનો ભાગ ન હોત. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં, સરદાર પટેલના 'એક ભારત, મહાન ભારત'ના વિઝનને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે કલમ ૩૭૦ નાબૂદ કરવી કોઈ નાની વાત નહોતી, અને તે વડા પ્રધાન મોદી હતા જેમણે ૩૭૦ નાબૂદ કરીને (જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત કરીને) કાશ્મીરને ભારત સાથે એકીકૃત કર્યું છે. ■





**હનુમાન જયંતી:** બેંગલૂરુમાં મંગળવારે (કન્નડ કેલેન્ડર મુજબની) હનુમાન જયંતીના તહેવારની ઉજવણી નિમિત્તે પૂજા-પ્રાર્થના કરી રહેલા શ્રદ્ધાળુઓ અને ભગવાન હનુમાનની વેશભૂષામાં કલાકારો. (એજન્સી)

# બૅન્કોમાં એફડીઆઈની મર્યાદા નહીં વધારાય

નવી દિલ્હી : સરકાર પબ્લિક સેક્ટર બૅન્ક (જાહેર ક્ષેત્રની બૅન્ક, પીએસબી)ની ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) મર્યાદા હાલની ૨૦ ટકાથી ૪૯ ટકા કરવાની કોઈ દરખાસ્ત નથી, એવી માહિતી કેન્દ્રના નાણાં ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન પંકજ ચૌધરીએ મંગળવારે આપી હતી. પીએસબીની એફડીઆઈની લિમિટ ૨૦ ટકા છે અને ખાનગી બૅન્કમાં ૭૪ ટકા છે. પ્રાઈવેટ સેક્ટર બૅન્કમાં ૪૯ ટકા એફડીઆઈ ઓટોમેટિક રૂટથી હોય છે અને ૪૯ ટકાથી વધારેથી માંડીને ૭૪ ટકા સરકારી રૂટથી હોય છે. રાજ્યસભામાં સરકારને સવાલ પૂછવામાં આવ્યો હતો કે શું સરકાર પીએસબીમાં એફડીઆઈની લિમિટ ૪૯ ટકાથી વધારવાનું વિચારી રહી છે કે નહીં. લેખિત જવાબમાં સરકારે આનો નકારાત્મક જવાબ આપ્યો હતો. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની બૅન્કિંગ કંપનીના વોટિંગ રાઈટ કે શૅરના પ્રાપ્તિ અને હોલ્ડિંગના માસ્ટર ડાયરેકશન પ્રમાણે જો કોઈ વ્યક્તિની શૅર પ્રાપ્તિ પાંચ ટકા પેડ અપ કેપિટલની માલિકી કે નિયંત્રણની થતી હોય તો તેને આરબીઆઈની મંજૂરી લેવી જોઈએ. બીજા એક સવાલના જવાબમાં ચૌધરીએ કહ્યું હતું કે ૨૦૨૦ પછી કેન્દ્ર સરકારનું શેર હોલ્ડિંગ ઓછું થયું નથી. (એજન્સી)■

# રુબિયા સઈદ અપહરણ કેસના આરોપીને કોર્ટે છોડી દીધો

જમ્મુ : સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને મોટા ફટકામાં ખાસ અદાલતે ૧૯૮૯ના ગૃહપ્રધાન મુફતી મોહમ્મદ સઈદની પુત્રી રુબિયા સઈદના અપહરણ કેસમાં સોમવારે એજન્સીએ પકડેલા શફત અહમદ શાંગલુને મુક્ત કર્યો હતો. અદાલતે આઠ ડિસેમ્બર ૧૯૮૯ના અપહરણના સંબંધમાં પૂછપરછ કરવા માટે સીબીઆઈને કસ્ટડી આપવાની ના પાડી હતી. જમ્મુ ઍન્ડ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (જેકેએલએફ)ના પાંચ ખૂનખાર આતંકવાદીઓને મુક્ત કર્યા બાદ રુબિયાને છોડવામાં આવી હતી.

ખાસ અદાલતે સીબીઆની કસ્ટડીની અરજી ફગાવી દેતા એવી નોંધ લીધી હતી કે એજન્સીએ નોંધાવેલા તહોમતનામામાં એનો ઉલ્લેખ નથી. સીબીઆઈએ ૩૫ વર્ષ જૂના કેસમાં સીબીઆઈ ટાડા કોર્ટે શાંગલુના રીમાન્ડની માગણી કરી હતી.

આટલાં વર્ષો શાંગલુ લાપતા હતો. સીબીઆઈએ સોમવારે તેની ધરપકડ કરી હતી અને તેના માથા પર દસ લાખનું ઈનામ હતું. (એજન્સી)■

# ભારતને સૌરઊર્જા માટે ૬૫ કરોડ ડૉલરની લૉન

## ▸ સૂર્ય ઘર મુફ્ત બીજલી યોજના માટે આ રકમની ફાળવણી

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૭ સુધીમાં એક કરોડ જેટલા ઘર માટે રૂફટોપ સૌરઊર્જા અપનાવવા અને સ્વચ્છ તેમ જ પરવડી શકે તેવી ઊર્જાના વપરાશનો વ્યાપ વધારવા અને વેગ આપવા મલ્ટીલેટરલ ડેવલપમેન્ટ બૅન્ક એડીબીએ ૬૫ કરોડ ડૉલર (અંદાજે રૂ. ૫,૭૮૦ કરોડ)ની લૉનને મંજૂરી આપી છે.

ઍક્સલેરેટિંગ અફૉર્ડેબલ ઍન્ડ ઈન્ક્લૂઝિવ રૂફટોપ સોલાર સિસ્ટમને વિકસાવવા સરકાર પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મુફ્ત બીજલી યોજના (પીએમએસજીએમબીવાય) માટે આ રકમની ફાળવણી કરવામાં આવી છે.

આ યોજનાનો મુખ્ય આશય દેશભરમાં રૂફટોપ સોલાર સિસ્ટમ સરળતાપૂર્વક અને વ્યાપક રીતે ઉપલબ્ધ કરવાનો છે, એમ એડીબી દ્વારા મંગળવારે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ યોજનાના અમલને કારણે દેશના એક કરોડ જેટલા ઘર માટે રૂફટોપ સૌરઊર્જા સરળતાપૂર્વક ઉપલબ્ધ બનશે.

આ યોજનાને કારણે નવી નોકરી અને રોજગાર ઊભા થશે જેને કારણે મહિલાઓનું સશક્તીકરણ થશે તેમ જ ઊર્જાક્ષેત્રની આર્થિક પરિસ્થિતિ સુધરશે, એમ ભારતસ્થિત એડીબી કન્ટ્રીના ડિરેક્ટર મિઓ ઑકાએ કહ્યું હતું.

આ યોજના અંતર્ગત નિવાસી વપરાશકર્તાઓને ત્રણ કિલોવૉટ સુધીની રૂફટોપ સોલાર સિસ્ટમ બેસાડવા આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે.

બે કિલોવૉટ સુધીની ક્ષમતા ધરાવતી સિસ્ટમ માટે ૬૦ ટકા અને બેથી ત્રણ કિલોવૉટ સુધીની ક્ષમતા ધરાવતી સિસ્ટમ માટે ૪૦ ટકા સબસિડી આપવામાં આવશે. (એજન્સી)■

# વારાણસીમાં સાંસ્કૃતિક એકતા 'કાશી તમિળ સંગમ-૪.૦' ના મહાકુંભનો ભવ્ય પ્રારંભ

વારાણસીઃ કાશી-તમિળ સંગમની ચોથી આવૃત્તિનો મંગળવારથી ઉત્તર પ્રદેશના વારાણસીમાં શુભારંભ થયો.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સંયુક્ત રીતે આ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું.

તમિળનાડુના રાજ્યપાલે પણ ઉદઘાટન સમારોહમાં હાજરી આપી હતી.

આ સંગમ ૨ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે.

કાશી-તમિળ સંગમનો ઉદ્દેશ્ય ઉત્તર અને દક્ષિણ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો છે.

''કાશી તમિલ સંગમમ''ની ચોથી આવૃત્તિ, જે વિશ્વના સૌથી જૂના શહેર કાશી અને સૌથી જૂની ભાષાઓમાંની એક તમિળ સંસ્કૃતિ વચ્ચેના સદીઓ જૂના સંબંધને વધુ મજબૂત બનાવે છે, તે મંગળવારથી વારાણસીના નમો ઘાટ ખાતે શરૂ થઈ.

આ પંદર દિવસીય કાર્યક્રમમાં તમિળનાડુના ૧૦,૦૦૦ થી વધુ પ્રતિનિધિ હાજરી આપે તેવી અપેક્ષા છે, જેમાંથી ૧૪૦૦ વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક જૂથોમાંથી હશે.

આ સંગમનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચેના સાંસ્કૃતિક અને સભ્યતાના સંબંધોને મજબૂત બનાવવાનો છે, જેના મૂળ કાશી વિશ્વનાથ અને રામેશ્વરમના પવિત્ર શિવ મંદિરોમાં છે.

તમિળનાડુના વિદ્યાર્થીઓનું પહેલું જૂથ સોમવારે મોડી રાત્રે વારાણસી સ્ટેશન પર પહોંચ્યું ત્યારે ઢોલ અને શરણાઈવાદન સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ જૂથ હનુમાન ઘાટ પર ગંગામાં સ્નાન કરશે, દક્ષિણ ભારતીય મંદિરોની મુલાકાત લેશે અને શ્રી કાશી વિશ્વનાથ ધામમાં બાબા વિશ્વનાથના દર્શન કર્યા પછી મા અન્નપૂર્ણા રસોડામાં પ્રસાદ ગ્રહણ કરશે.

તેમને હિન્દી સંસ્કૃતિ, સાહિત્ય અને કાશીના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવવામાં આવશે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| LEACH | ગળવું |
| LEAD | સંગઠન |
| LEAF | માર્ગદર્શન |
| LEAGUE | ગાળી શુદ્ધ કરવું |
| LEAK | પાંદડું |

### ઓળખાણ પડી?



લાંબા પગ ને લાંબી ડોક ધરાવતા ધોળા દૂધ જેવા પક્ષીની ઓળખાણ પડી? એની પીળા રંગની ચાંચ છરા જેવી ધારદાર હોય છે.

અ) FLEMINGO બ) FLORIDA ક) BUBULCUS ડ) EGRET

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે' પંક્તિમાં 'સમરાંગણ' શબ્દનો અર્થ જણાવો.

અ) ઉનાળો બ) પાદર ક) યુદ્ધભૂમિ ડ) સ્મશાન

### ગુજરાત મોરી મોરી રે

સુખ પછી દુઃખના દિવસો આવે જ છે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

રાત ચાંદની અંધેરી દિવસની ફિર ચાર

### માતૃભાષાની મહેક

કક્કો બારાખડીમાં હ છેવટે આવે છે, પણ અકળ કારણસર એ અશુભ ગણાતો આવ્યો છે. લહીઆઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી કારણ કે તેઓ માને છે કે હ હીણો છે.

### ઈર્શાદ

*કડવાં કારેલાંના ગુણ ન હોય કડવા હો,*
*કડવાં વચન ન હોય કડવાં હો રે*

---- સુન્દરમ્

### માઈન્ડ ગેમ

સફરજન ખાવામાં સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્ય માટે ગુણકારી છે. આ ફળ કયા દેશનું રાષ્ટ્રીય ફળ છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ચેક રિપબ્લિક બ) કોસ્ટા રિકા ક) યુકે ડ) જાપાન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ વૈ | ૨ ત | ૩ રું | | ૪ શા | ન | ૫ દા | ૬ ર | |
| | ૭ ક | ર | ડ | ૮ ક | ણું | | ૯ ન | ક્ષ | ત્ર |
| ૧૦ ક | લ્પિ | ત | | હ્યા | | ૧૧ જા | ત | ક | |
| | ક | | | ૧૨ ગ | ર | જ | | | ૧૩ શ |
| ૧૪ આ | | ૧૫ ધી | | રું | | ૧૬ મ | ૧૭ જ | બૂ | ર |
| ૧૮ ખ | ટ | રા | ૧૯ ગ | | ૨૦ હ | | રા | | મ |
| રી | | | ૨૧ લ | કી | ર | | | ૨૨ સુ | |
| | ૨૩ અ | ૨૪ ખા | ત | | દ | | ૨૫ ઉ | ધા | ર |
| ૨૬ જ | મા | ત | | ૨૭ અ | મ | ૨૮ લ | દા | ર | |
| | ૨૯ સ | રી | યા | મ | | ૩૦ તા | ર | ક | |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | ૮ | |
| | | ૯ | | | | | ૧૦ | | |
| ૧૧ | | | | ૧૨ | | ૧૩ | | | |
| | | | ૧૪ | | | ૧૫ | | | |
| | ૧૬ | | | | ૧૭ | | | | ૧૮ |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | | | | | ૨૫ | | | |
| ૨૬ | | | ૨૭ | | | | | | |
| ૨૮ | | | | | | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. --- હોવું = પાછળથી બીજા લોકોની મદદ હોવી (૪)
૩. સાવ ખાલી સ્થાન (૫)
૭. વિનાશ (૩)
૮. હોઠ (૨)
૯. વાણી, બોલી (૨)
૧૦. ઘર, ઈમારત (૩)
૧૧. કામદેવ (૩)
૧૨. રુખસદ, બરતરફી (૩)
૧૪. ચાનક, ચીવટ (૨)
૧૫. એક જાતનું પાથરણું (૩)
૧૬. સુકુમાર, કોમળ (૩)
૧૭. એક કઠોળ (૨)
૨૦. રીત, રિવાજ (૩)
૨૨. મુશ્કેલ નહીં એવું (૩)
૨૩. સ્નાન (૩)
૨૫. બળતરા (૨)
૨૬. ફળની અંદરનો માવો (૨)
૨૭. ઢોર ચરાવનારો (૩)
૨૮. વેઠ, વૈતરું, નકામી મહેનત-મજૂરી (૫)
૨૯. તદ્દન, પલળી ગયેલું (૫)

**ઊભી ચાવી**

૧. દુઃખ દરદ શાંત કરનારું (૫)
૨. સબળ, શક્તિમાન, જોરાવર (૪)
૩. શંકર (૪)
૪. ઈનસાફ (૨)
૫. કાલી માતા (૩)
૬. ઝાકળ (૪)
૧૨. ઉપકાર, આભાર (૨)
૧૩. સકંજો, પંજાની સખત પકડ (૩)
૧૪. નોકર, સેવક (૩)
૧૭. ઊલટું, પ્રતિકૂળ (૨)
૧૮. છોકરાં છૈયાં (૫)
૧૯. ગુજરાતનું એક ગામ (૪)
૨૧. સંખ્યાઓને ભેગી કરવાથી થતી કુલ રકમ (૪)
૨૨. સાથે મળીને કામ કરવું તે (૪)
૨૪. બાર મહિના (૩)
૨૭. ધાતુની વસ્તુ પર (પછાડવાથી) પડેલો ખાડો (૨)

### સુડોકુ-૯૧૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | | ૭ | | ૪ | | | |
| ૫ | | ૭ | ૬ | | | | | |
| ૯ | ૩ | | | | | | | |
| | ૫ | ૯ | ૮ | ૭ | | | | ૪ |
| ૬ | | | ૩ | | ૨ | | | ૧ |
| ૨ | | | | ૬ | ૯ | ૫ | ૩ | |
| | | | | | | | ૬ | ૫ |
| | | | | | ૬ | ૪ | | ૨ |
| | | | ૫ | | ૭ | | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૮ | ૧ | ૯ | ૨ | ૫ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૯ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૪ | ૩ | ૬ | ૭ |
| ૧ | ૫ | ૬ | ૩ | ૮ | ૭ | ૪ | ૨ | ૯ |
| ૫ | ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૮ | ૩ | ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૪ | ૫ |

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| LAC | લાખ |
| LACE | દોરી |
| LACK | ઊણપ |
| LACTOSE | દુગ્ધશર્કરા |
| LACUNA | ગાબડું |

ઓળખાણ પડી? SECRETARY BIRD

માઈન્ડ ગેમ: ઈન્ડોનેશિયા

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: ચર્ચા વિચારણા

ગુજરાત મોરી મોરી રે: વાઘની બોડમાં હાથ ઘાલવો રમત નથી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોર કુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) ભરત કજરિયા (૧૭) કિરીટ છેડા (૧૮) મનીષા શેઠ (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમલ માતલિયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતિન બજરિયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભાવિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) વેદાશી ખત્રી (૫૦) પ્રીતિ હિતેશભાઈ (૫૧) તાહેર ઔરંગાબાદવાલા (૫૨) શીરીન ઔરંગાબાદવાલા

# આઈસીઆઈસીઆઈની આગેવાનીએ બૅંક શૅરોમાં વેચવાલીથી સેન્સેક્સમાં લગભગ ૫૦૪ પોઈન્ટનો ઘટાડો, નિફ્ટી ફરી ૨૬,૦૫૦ની નીચે સરક્યો

મુંબઈ: આઇસીઆઇસીઆઇ બેન્ક સહિતના બેન્ક શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધી જતાં મંગળવારે પણ શેરબજારમાં ઘટાડાનો દોર આગળ વધ્યો હતો. સતત ત્રીજા સત્રના ઘટાડામાં સેન્સેક્સ ૫૦૩.૬૩ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા ઘટીને ૮૫,૧૩૮.૨૭ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૫૮૮.૯ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૮૫,૦૫૩ની નીચી સપાટીને અથડાયો હતો.

નોંધવું રહ્યું કે, પાછલા સત્રમાં સેન્સેક્સ પ્રારંભિક તબક્કે ઇન્ટ્રા-ડે ટ્રેડમાં ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ સત્રના પાછલા ભાગમાં પ્રોફિટ બુકિંગને કારણે નીચા સ્તરે બંધ થયો હતો. એ જ રીતે, નિફ્ટી ૧૪૩.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઘટીને ૨૬,૦૩૨.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. બ્લુ ચિપ બેંક શેરો અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં વેચવાલી સાથે વિદેશી ભંડોળના એકધારા બાહ્યપ્રવાહને કારણે મંગળવારે શેરબજારમાં ઘટાડો થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, એક્સિસ બેંક, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેંક, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને લાર્સન એન્ડ ટુબ્રો સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે, એશિયન પેઇન્ટ્સ, મારુતિ, ભારતી એરટેલ અને બજાજ ફાઇનાન્સ ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં હતા.

હોમ અને ફર્નિશિંગ ક્ષેત્રની અગ્રણી કંપની વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડના આઇપીઓ સાથે આઠમી ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. કંપની આ ભંડોળનો ઉપયોગ વિસ્તરણ સહિતના કાર્યો માટે કરશે અને ભરણું દસમી ડિસેમ્બરે બંધ થશે. બેંગ્લોર સ્થિત આ કંપનીએ રૂ. ૧૮૫થી રૂ. ૧૯૫ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. ઓફર ફોર સેલનો હિસ્સો રૂ. ૯૧૨ કરોડનો છે.

બજાજ ઓટોને ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી રૂ. ૩૪.૭૪ કરોડની ટેક્સ ડિમાન્ડ નોટીસ મળી હોવાનું કંપનીએ રેગ્યુલેટરી ફાઇલિંગમાં જણાવ્યું છે. વિપ્રોએ નિયમનકારી પરવાનગી પ્રાપ્ત થયા બાદ ૩૭૫ મિલિયન ડોલરના સોદા હેઠલ હર્મન્સ ડીજીટલ ટ્રાન્સફોર્મેશન સોલ્યુશન્સનું એક્વિઝિશન પૂર્ણ કર્યું છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે તેની સબ્સિડરી સ્ટાર ટેલિવિઝન પ્રોડક્શન લિમિટેડનું જીઓસ્ટાર સાથેનું મર્જર પૂર્ણ કર્યુ છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એશિયન પેઈન્ટ ૩.૧૧ ટકા, મારુતિ ૦.૮૩ ટકા, ભારતી એરટેલ ૦.૫૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૫૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૫૪ ટકા, એનટીપીસી ૦.૩૪ ટકા, ટેક મહિન્દ્ર ૦.૨૯ ટકા, ટ્રેન્ટ ૦.૨૦ ટકા અને ટાઈટન ૦.૧૦ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એક્સિસ બેન્ક ૧.૨૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૨૫ ટકા, રિલાયન્સ ૧.૨૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૪ ટકા, બીઈએલ ૧.૦૧ ટકા, લાર્સન ૦.૯૯ ટકા, અદાણી પોટ્ર્સ ૦.૯૫ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૧ ટકા, આઈટીસી ૦.૮૩ ટકા, પાવર ગ્રીડડ ૦.૮૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૬૩ ટકા, ટાટા મોટર્સ પેસેન્જર ૦.૫૯ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

યુનિયન મ્યુચ્યુઅલ ફંડે કન્ઝમ્પ્શન થીમ પર આધારિત ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ અંતર્ગત યુનિયન કન્ઝમ્પ્શન ફંડ લોંચ કર્યું છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) પહેલી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખુલશે અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બંધ થશે. આ ફંડ લોંચ એવા સમયે થઈ રહ્યું છે કે જ્યારે ભારતનું અર્થતંત્ર એક મહત્વના વળાંક પર છે. છેલ્લા એક વર્ષમાં સરકારે પાંચ મહત્વના પગલાં ભર્યાં છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં ટેક્સ રેટમાં ઘટાડો જીએસટી ૨.૦ની સમીક્ષા, ૮મું પગાર પંચ, ફુગાવાનું નીચું સ્તર જાળવી રાખવા સહિતના પરિબળો સામેલ છે. ઉપરાંત આરબીઆઈની સતત દરમિયાનગીરી તથા સારા ચોમાસાને લીધે પરાશયુક્ત એટલે કે કન્ઝમ્પ્શનમાં મોટું પરિવર્તન આવી શકે છે.




એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧,૧૭૧.૩૧ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૫૫૮.૯૩ કરોડના શેર ખરીદ્યા હતા.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં સરક્યો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. યુરોપમાં બજારો ઊંચા મથાળે ટ્રેડિંગમાં હતા. સોમવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૩૩ ટકા ઘટીને ૬૨.૯૬ ડોલર પર બંધ થયો હતો.

શેરબજારે સપ્તાહના પહેલા દિવસ, સોમવારે આશાસ્પદ શરૂઆત બાદ રોકાણકારોને નિરાશ કર્યા હતા. બેન્ચમાર્ક સ્ટોક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી તેમના નવા સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગ અને વિદેશી ભંડોળના બાહ્ય પ્રવાહને કારણે નજીવા ઘટાડા સાથે બંધ થયા હતા.

સોમવારે, સેન્સેક્સ શરૂઆતના સુધારાને ગુમાવીને ૬૪.૭૭ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૮૫,૬૪૧.૯૦ પોઇન્ટ પર બંધ થયો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૪૫૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૮૬,૧૫૯.૦૨ની રેકોર્ડ ઇન્ટ્રા-ડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

એ જ રીતે, નિફ્ટી ૨૭.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા ઘટીને ૨૬,૧૭૫.૭૫ પોઈન્ટ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૧૨૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા વધીને ૨૬,૩૨૫.૮૦ પોઈન્ટના જીવનકાળના ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો.

એક નિષ્ણાતે જણાવ્યું હતું કે, બીજા ત્રિમાસિક સમયગાળાની અપેક્ષા કરતાં વધુ સારા જીડીપી વૃદ્ધિ પછી આ અઠવાડિયે આરબીઆઇ દ્વારા વ્યાજદરના ઘટાડાની અપેક્ષાઓ ઓછી થઈ ગઈ હોવાથી બજારે ઊંચા સ્તરે કરેકશનનો સામનો કરવો પડ્યો હતો. નવેમ્બરમાં વિદેશી રોકાણકારોએ વૈશ્વિક જોખમથી દૂર રહેવાની ભાવના અને ટેક્નિકલ અસ્થિરતા વચ્ચે ભારતીય ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે.ડિપોઝિટરી ડેટા અનુસાર, ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે. એફઆઇઆઇએ સતત ત્રણ મહિનામાં ભારતીય બજારમાં ધૂમ વેચવાલી કરી હતી, જેમાં વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. નવેમ્બર સુધીનો પ્રવાહ વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના સંયોજન દ્વારા આકાર પામ્યો હતો. ઓક્ટોબરમાં ટૂંકા ગાળાના વિરામ પછી, વિદેશી રોકાણકારોએ વેચાણ ફરી શરૂ કર્યું, અને નવેમ્બરમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ગ્લોબલ રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ, વૈશ્વિક સ્તરે ટેકનોલોજી શેરોમાં અસ્થિરતા અને સેકન્ડરી માર્કેટ કરતાં પ્રાથમિક બજારો માટે પસંદગીયુક્ત પસંદગીને કારણે આમ બન્યું છે.

વૈશ્વિક મોરચે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરમાં ઘટાડાના માર્ગની આસપાસની અનિશ્ચિતતા, મજબૂત યુએસ ડોલર અને ઉભરતા બજારોમાં નબળી જોખમની ભૂખને કારણે વિદેશી રોકાણકારો સાવધ રહ્યા હતા. સ્થાનિક સ્તરે આ સાવચેતીપૂર્ણ અભિગમ, ખૂબ જ વધુ પડતા ઊંચા વેલ્યુએશન અને ઔદ્યોગિક સૂચકાંકોમાં ઘટાડાને કારણે વધુ મજબૂત બન્યો હતો, જેના કારણે ભારતના પ્રમાણમાં સ્થિર મેક્રોઇકોનોમિક બેકડ્રોપ હોવા છતાં રોકાણકારોના વિશ્વાસમાં ઓટ આવ્યો હોવાનું બજારના પીઢ નિરીક્ષકોએ જણાવ્યું હતું.

૨૦૨૫માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

### ડૉલરમાં સટ્ટાકીય લેવાલી અને આયાતકારોની પ્રબળ માગ

## રૂપિયો ૯૦ના તળિયે સ્પર્શીને પાછો ફર્યો: ૪૩ પૈસાનો કડાકો

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી ઉપરાંત સટ્ટોડિયાઓ દ્વારા વેચાણ કપાયા હોવાથી ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૪૭ પૈસાના કડાકા સાથે ૯૦ના નવાં તળિયે પહોંચ્યા બાદ ધીમો સુધારો આવતા સત્રના અંતે ગઈકાલના બંધ સામે ૪૩ પૈસાના કડાકા સાથે ૮૯.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહ્યાના નિર્દેશો અને અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાને કારણે પણ રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૫૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૭૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી ૯૦ની સપાટીને સ્પર્શ્યા બાદ ઉપરમાં ખૂલતી જ ૮૯.૭૦ની સપાટી દાખવીને અંતે ગઈકાલના બંધ સામે ૪૩ પૈસા ખાબકીને ૮૯.૯૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો આઠ પૈસા તૂટ્યો હતો. હાલના તબક્કે ડૉલર સામે રૂપિયામાં ૯૦ની સપાટી મનોવૈજ્ઞાનિક સપાટી મહત્ત્વની છે અને ખરીદદારોએ ખરીદી અટકાવીને ૯૦ની સપાટી જાળવી રાખી છે. રિઝર્વ બૅન્કે ૯૦ની સપાટીની અંદર સક્રિય રહેવું જોઈએ જો ૯૦ની સપાટી જળવાઈ રહે તો રૂપિયો ૯૧ની દિશામાં આગળ ધપે તેવી શક્યતા નકારી ન શકાય, એમ કોટક સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગના હેડ આનિન્દય બેનરજીએ જણાવતા ઉમેર્યું હતું કે અત્યારે રૂપિયાને એકતરફી ગબડતો અટકાવવા માટે રિઝર્વ બૅન્કે ચંચળતા અટકાવવા સટ્ટોડિયાઓને દૂર રાખવા પ્રયાસ કરવા જોઈએ. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૯૯.૪૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૫ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૨૦૭નો અને ચાંદીમાં ₹ ૫૩૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ખાસ કરીને અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડમાં વધારો આવતાં લંડન ખાતે બન્ને કિંમતી ધાતુઓમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સોનાના ભાવ છ સપ્તાહની ટોચેથી અને ચાંદીના ભાવ વિક્રમ સપાટીએથી પાછા ફર્યા હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ઊંચા મથાળેથી ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦૨થી ૧૨૦૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૫૩૦ ઘટી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦૨ ઘટીને રૂ. ૧,૨૭,૦૮૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૦૭ ઘટીને રૂ. ૧,૨૭,૫૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઘટાડાતરફી વલણ છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૩૦ના ઘટાડા સાથે રૂ. ૧,૭૪,૬૫૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૦૩.૫૫ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૯ ટકા ઘટીને ૪૨૩૪.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૬ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૫૭.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


છેલ્લાં બે સપ્તાહમાં વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટીએથી બાઉન્બૅક થઈને ઊંચામાં ૪૨૫૦ ડૉલર સુધી પહોંચ્યા હોવાથી આજે નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું બૅન્કિંગ ગ્રૂપ સ્વિસક્વૉટના વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતા ઉમેર્યું હતું કે વધુમાં આજે અમેરિકાના ૧૦ વષીય બૉન્ડની યિલ્ડ બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછી ફરતાં સોનાના ભાવઘટાડાને ટેકો મળ્યો હતો.

વધુમાં ગઈકાલે અમેરિકાના નવેમ્બર મહિનાના ઉત્પાદનમાં સતત નવમાં મહિને ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા, જ્યારે હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા રોજગારીની અને શુક્રવારે જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે.

જોકે, ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટીમાં કરેલા સંબોધનમાં નાણાનીતિ અંગે કોઈ સંકેત નહોતો આપ્યો. તેમ છતાં હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૮૭ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

આ સિવાય રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના અનુગામી તરીકે વ્હાઈટ હાઉસના આર્થિક સલાહકાર અને હળવી નાણાનીતિની તરફદારી કરનાર કેવિન હેઝેટની અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા સત્તાવાર ક્યારે જાહેરાત કરવામાં આવે તેના પર પણ મંડાયેલી છે.

## ટીન સહિતની ચોક્કસ ધાતુઓમાં ધીમો સુધારો



મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ડૉલરમાં સુધારાતરફી વલણ રહેતાં કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે સ્ટોકિસ્ટોની લે-વેચ તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૭નો ઉછાળો આવ્યો હતો. આ સિવાય કોપર વાયરબાર, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની માગ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેથી પાંચ વધી આવ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર આર્મિચરમાં નિરસ માગે કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૩૬૧૩ અને રૂ. પાંચ વધીને રૂ. ૬૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૦૮૩ અને રૂ. ૩૨૧, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૧૦ અને રૂ. ૨૮૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૮૫ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર આર્મિચરમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૯૮૯ અને રૂ. ૯૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે ટીન, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩૪૭, રૂ. ૯૭૫, રૂ. ૨૧૨ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાંડમાં મથકો પાછળ નાકા ડિલિવરીમાં ₹ ૧૦થી ૫૦નો ઘટાડો


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેચવાલીના દબાણ સામે દેશાવરોની તેમ જ સ્થાનિક માગ ખપપૂરતી રહેતાં મથકો પર ટેન્ડરોમાં વેચાણ ક્વિન્ટલે રૂ. ૬૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૫૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે હાજરમાં માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડમાં માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૮૯૬થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૬૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૩૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા.



## પાંખાં કામજો વચ્ચે મલયેશિયા પાછળ પામતેલમાં ધીમો સુધારો



મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૩ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૦ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા અને માત્ર રવાનગીના છૂટાછવાયા કામકાજો થયા હતા. તેમ છતાં મલયેશિયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં આરબીડડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

ગઈકાલે જેએનપીટી બંદર પર આરબીડી પામોલિનનો ૪૮૪૧.૧૩૧ ટન, ક્રૂડ ડિગમ સોયાબીન તેલનો ૨૨,૯૯૪.૬૭૩ ટન, ક્રૂડ પામતેલનો ૨૭,૮૬૩.૦૫૦ ટન, ક્રૂડ પામ કર્નેલ તેલનો ૧૭.૦૯૯ ટન અને ક્રૂડ સનફ્લાવર તેલનો ૪૫૦.૮૦૦ ટન મળી કુલ ૫૬,૧૬૬.૭૫૩ ટનનો સ્ટોક રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૯ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૩, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, પતંજલીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૭થી ૧૨૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૫૦ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૨ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. દરમિયાન હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.

# રાજકોટમાં ‘લાલો’ ફિલ્મના પ્રમોશનમાં અફરાતફરી, ક્રિસ્ટલ મોલમાં ભીડ બેકાબુ બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં ઇતિહાસ સર્જનારી અને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવતી ફિલ્મ ‘લાલોઃ શ્રી કૃષ્ણ સદા સહાયતે’ના કલાકારો ફિલ્મના પ્રમોશન માટે રાજકોટ પહોંચ્યા હતા.

રાજકોટના કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ ખાતે ફિલ્મની સ્ટાર કાસ્ટ પ્રમોશન માટે આવી પહોંચતા જ ચાહકોનીની ભીડ બેકાબૂ બનતા નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. મોલમાં સુરક્ષા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

મોલની ઇલેક્ટ્રિક સીડીના પગથિયે એક બાળકી પટકાઈ હતી. જો કે, બે વ્યક્તિએ બાળકીનો જીવ બચાવ્યો હતો. સમગ્ર ઘટનાના વીડિયો પણ બહાર આવ્યો હતો. આયોજકો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેતા મોલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વધુ કોઇ અઘટિત ઘટના ન બને તે ધ્યાને લઈ કલાકારોએ ચાલતી પકડી હતી.

આ અંગે મળતી વિગતો પ્રમાણે, ‘લાલો’ ફિલ્મના લોકપ્રિય કલાકારો રાજકોટના મહેમાન બન્યા હતા. પોતાના મનપસંદ કલાકારોની એક ઝલક મેળવવા માટે કાલાવડ રોડ સ્થિત ક્રિસ્ટલ મોલમાં હજારોની સંખ્યામાં ફેન્સ ઉમટી પડ્યા હતા. આ દરમિયાન ભીડ બેકાબૂ બનતા ધક્કામુક્કી અને નાસભાગ મચી જવા પામી હતી.

આખરે પરિસ્થિતિની ગંભીરતાને પારખીને ફિલ્મના કલાકારોને તાત્કાલિક સ્થળ પરથી સુરક્ષિત રવાના કરવાની ફરજ પડી હતી.

બીજી તરફ આ બાબતની જાણ થતાં પોલીસ કાફલો પણ તાત્કાલિક ક્રિસ્ટલ મોલ ખાતે દોડી આવ્યો હતો. જ્યાં સ્થાનિક પોલીસ અને પ્રાઈવેટ બાઉન્સરોએ ભારે જહેમતે ભીડને કાબૂમાં લઈને મામલો થાળે પાડ્યો હતો.

આ ભારે અફરાતફરીમાં સદનસીબે કોઈ જાનહાનિ કે મોટી ઈજાના થઈ ન હતી. જોકે, સુપરહિટ ફિલ્મના ક્રેઝને કારણે સર્જાયેલી આ ઘટના સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બની હતી. ■



રાજકોટ મહિલા કૉંગ્રેસ દ્વારા શહેરની જે. જે. કુંડલિયા કોલેજ ખાતે નશાના દૂષણને અટકાવવા કાર્યક્રમ યોજાયો હતો... (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છ રણોત્સવમાં આવતા પ્રવાસીઓ માટે ભુજથી ધોરડો એસ.ટી. બસ સેવા શરૂ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ દર વર્ષની જેમ આ વર્ષે પણ કચ્છના ભાતીગળ ધોરડો ખાતેના સફેદ રણમાં ગુજરાત પ્રવાસન નિગમ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવેલા ‘કચ્છ રણોત્સવ’માં દેશ-દેશાવરથી મહેમાન બનતા પ્રવાસીઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા ભુજથી ધોરડો ડાયરેક્ટ બસ સેવા ૩ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ધોરડો ખાતેના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધી જવા માટે પ્રવાસીઓને મુશ્કેલી ઉભી ન થાય તે હેતુથી સ્પેશિયલ ૧૦ જેટલી મીની બસ સેવા પણ શરૂ કરવામાં આવશે.

ભુજથી ધોરડો જવા માટે વધારાની ત્રણ ટ્રીપો ચાલશે. જેમાં ભુજથી ધોરડો સવારે ૮ કલાકે, બપોરે ૧૫:૪૦ કલાકે, સાંજે ૧૭ કલાકે (દર પૂનમે) ભુજથી ધોરડો (નિયમિત) સવારે ૯.૧૫ કલાકે, બપોરે ૧૫:૪૦ કલાકે, સાંજે ૧૯ કલાકે અને ધોરડોથી ભુજ સવારે ૧૦:૩૫ કલાકે, સાંજે ૧૮:૩૫ કલાકે, રાત્રે ૨૩ કલાકે (દર પૂનમે) ધોરડોથી ભુજ (નિયમિત) સવારે ૭ કલાકે, સવારે ૧૧:૩૦ કલાકે, સાંજે ૧૬:૫૦ કલાકે દરમિયાન દોડાવવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવનાર વધારાની ૩ ટ્રીપો બસ સેવા ભુજથી ઉપડી વાયા ભીરંડીયારા, લોરીયાથી ધોરડો રૂટ પર ચાલશે જેનો કચ્છના સ્થાનિક નાગરિકો તેમજ પ્રવાસીઓને મહત્તમ લાભ મળી રહેશે. આ સેવાની ટિકિટનું એસ.ટી. દ્વારા નિમવામાં આવેલા બુકીંગ એજન્ટ, મોબાઈલ એપ તથા નિગમની વેબસાઈટ પરથી પણ કરી શકાશે તેવું વિભાગીય નિયામક દ્વારા જણાવવામાં આવ્યું છે. ■

# ભાવનગર જિલ્લાના તળાજાના ભેસવડી ગામે માલિકીની જગ્યામાં ખનન કર્તા પર રેડઃ ૧.૨૫ કરોડના વાહન, રેતી જપ્ત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં અનેક સ્થળો પરથી ગેરકાયદેસર રીતે ખનન થઈ રહ્યું છે. શેત્રુંજી નદીને ખોદી, કુદરતી સૌંદર્ય આપતો તળાજા પંથકનો દરિયા કિનારો ખોદીને વર્ષોથી રેતી ઉલેચાતી રહી છે ત્યારે આજે જિલ્લાના ભૂસ્તર વિભાગે અલંગ પોલીસ ને સાથે રાખી ને તળાજા તાલુકાના ભેસવડી ગામે માલિકીની જગ્યા માંથી અલગ અલગ ત્રણ સ્થળો પર ખનન થઈ રહ્યું હોવાની બાતમીના આધારે રેડ કરી માટી મળી ખનન માટેના સાધનો, જેસીબી અને ટ્રક મળી તંત્રએ કુલ સવા કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભાવનગર જિલ્લાના ભૂસ્તર શાસ્ત્રી બી.એમ.જાલોનધરા પાસેથી મળતી વિગતો મુજબ ભેસવડી ગામના વિજયસિંહ ગોહિલની માલિકીની જગ્યા અલગ અલગ ત્રણ સ્થળો પરથી રેતી ખનન થતી હોવાનું ધ્યાને આવેલ હતું.જેને લઇ અલંગ પોલીસને સાથે રાખીરેડ કરી હતી. રેડ દરમિયાન તંત્રને અહીંથી રેતી ચાળવાના ચારણા ૪, નવા ગામના યોગરાજસિંહ વખતસિંહ ગોહિલ અને વિજયસિંહ પરબતસિંહ ગોહિલના જેસીબી, ડમ્પર ટ્રક, અન્ય સાધનો મળી સવા કરોડ રૂપિયાના સાધનો સહિત કબ્જે લઈ અલંગ પોલીસ મથકે સોંપી દીધી હતા.

તેઓએ જણાવ્યું હતુ કે ખનન અટકાવવા ની જવાબદારી નક્કી કરતો પરિપત્ર કરવામાં આવ્યો છે.જેમાં ગૌચર હોય તો તલાટી ની જવાબદારી છે. સરકારી પડતર અને રેવન્યુ વિભાગની જમીનમાંથી ખનન થતું હોય તો સર્કલ અને રેવન્યુ મંત્રીની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આ લોકો રેડ કરી ન શકે, પરંતુ ખનીજ વિભાગ નું ધ્યાન દોરવું આવશ્યક છે.આ વિસ્તારના સર્કલ અને રેવન્યુ વિભાગ દ્વારા ભૂસ્તર વિભાગને આ બાબતે જાણ કરવામાં આવી ન હતી. આથી સવાલ એ ઉદ્ભવી રહ્યા છે કે કયા કારણોસર રેવન્યુ વિભાગ ચૂપ રહ્યું હતું. ■

# રાજકોટનો લાયન સફારી પાર્ક ઉનાળામાં જ ખુલ્લો મુકાય તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વભરના લોકો એશિયાટિક લાયન જોવા માટે સૌરાષ્ટ્રના સાસણના જંગલોમાં આવે છે. સાસણમાં લાયન સફારી પાર્ક પણ છે ત્યારે તેના જેવો જ સફાર પાર્ક રાજકોટ મનપા પણ બનાવી રહી છે. મળતી માહિતી અનુસાર તેનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે અને અગામી એપ્રિલ-મેમાં આ પાર્ક લોકો માટે ખુલ્લો મૂકવામાં આવે, તેમ સૂત્રો જણાવી રહ્યા છે. હાલમાં સફારી પાર્કનું કામ ૮૦ ટકા જેટલું થઈ ગયું છે.

રાજકોટના શહેરીજનો અને રાજકોટ આવતા લોકો માટે ફરવાનું એક વધુ સ્થળ મળે તે માટે મનપા દ્વારા પ્રદ્યુમન પાર્ક ઝૂની બાજુમાં આવેલી જગ્યા પર એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. લગભગ રૂ. ૪૪ કરોડના ખર્ચે ૨૯ હેકટર જગ્યા પર પાર્ક બની રહ્યો છે.

આ કામ સાત તબક્કામા શરૂ કરવામાં આવ્યું હતું જેના ચાર તબક્કા પૂરા થઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કામની મર્યાદા જૂન ૨૦૨૬ છે, પરંતુ મર્ચ મહિનામાં પૂરું થશે, તેવી આશા મનપાના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે. ■

# સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા રાજકોટમાં રિહર્સલ યોજાયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા સાતમી ડિસેમ્બરે શો થવાનો છે ત્યારે મંગળવારે અહીં રિહર્સલ કરવામાં આવ્યું હતું. સૂર્યકિરણના છ વિમાન દ્વારા અટલ સરોવર ખાતે મિની રિહર્સલ કરવામાં આવ્યું હતું. રિહર્સલ દરમિયાન આ વિમાનોએ રાજકોટના આકાશમાં દિલધડક કરતબો કર્યા હતા, જેથી મેઈન શોનો ઉત્સાહ ઔર વધી ગયો હોવાનું લોકો જણાવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ શોના રિહર્સલમાં છ હોક વિમાને એકસાથે ઉડાન ભરી હતી અને અલગ અલગ આકૃતિઓ બનાવવાની પ્રેક્ટિસ કરી હતી. આકાશમાં કરતબ બતાવવાના છે ત્યારે વાતાવરણનો અંદાજ મેળવવો જરૂરી હોય છે. રિહર્સલ દરમિયાન જ અટલ સરોવર ધમધમી ઉઠ્યું હતું.

મુખ્ય કાર્યક્રમ સાતમી ડિસેમ્બરે રવિવારના દિવસે યોજાવાનો છે. સવારે ૧૦ વાગ્યે અટલ સરોવર ખાતે ૧૦ મિનિટ માટે ભારતીય વાયુસેનાના કરતબો લોકો નિહાળી શકશે. આ પહેલા ડિસેમ્બરના રોજ એક ફાયનલ રિહર્સલ યોજવામાં આવશે. ■

# ભુજના સ્મૃતિવનની પાછળથી સંદેહજનક પરિસ્થિતમાં આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના ભુજ શહેરની ઓળખ સમા ભુજિયા ડુંગરની તળેટીમાંથી સંભવિત બોથડ હથિયાર વડે હત્યા કરી દેવામાં આવેલા આધેડનો મૃતદેહ મળી આવતાં શહેરભરમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

બી-ડિવિઝન પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજ-માધાપર ધોરીમાર્ગ પર સ્થિત ભુજિયા ડુંગરની તળેટીમાં આવેલાં પ્રસિદ્ધ સ્મૃતિ વનની પાછળના ફેન્સિંગ કરેલા વિસ્તારમાંથી દિનેશ સથવારા નામના આધેડનો સંદેહજનક પરિસ્થિતિમાં મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતકના કપાળ પર ઇજાના નિશાન જોવા મળતાં હત્યાની પ્રબળ આશંકાના પગલે મૃતદેહને ફોરેન્સિક તપાસ માટે જામનગર મોકલવામાં આવ્યો હતો.

ચારે તરફથી ફેન્સિંગ કરી દેવાયેલા ભુજિયા ડુંગરની તળેટીની અંદર હત્યાનો બનાવ બન્યો કે અન્ય જગ્યાએ આધેડનું ઢીમ ઢાળી દીધા બાદ તેના દેહને આ હાઈ સિક્યોરિટી વિસ્તારમાં ફેકી દેવામાં આવ્યો તે જાણવા ભુજ બી-ડિવિઝન પોલીસે સઘન તપાસ આદરી છે. ■

# ૧૦ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે નલિયા ઠંડુંગાર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છમાં શિયાળો આખરે ધાક જમાવી રહ્યો છે અને ગુજરાતનું સિમલા ગણાતું, અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયાએ ૧૦ ડિગ્રી સે.ન્યૂનતમ તાપમાન સાથે રાજ્યના ઠંડાં મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. નલિયા ખાતે મહત્તમ તાપમાન પણ ૨૬ ડિગ્રી રહેવા પામ્યું હતું જેને કારણે લોકોને દિવસે પણ ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

બીજી તરફ, જિલ્લા મથક ભુજમાં આજે ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી સે.જયારે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી નોંધાતા લોકોને વાયબ્રન્ટ શિયાળાની અનુભૂતિ થઇ રહી છે. ભુજ ઉપરાંત સીમાવર્તી રાપર, આદિપુર, અંજાર તેમજ બંદરીય શહેરો કંડલા, માંડવી અને મુંદરામાં પણ ટાઢોડાએ પોતાની હાજરી પૂરાવતાં લોકો ઠંડીની ઝપટમાં આવી ગયા છે. સામાન્ય રીતે કચ્છમાં નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી શિયાળો બેસી જાય છે પરંતુ આ વર્ષે ખરેખરો શિયાળો શરૂ થવાનો સમય વોલ્કેનિક ઈરપશન તેમજ પશ્ચિમી વિક્ષોભનાં કારણે લંબાઈ જવા પામ્યો છે. અધૂરામાં પૂરું હવામાં ભેજનું પ્રમાણ ૨૩ ટકા હોતાં ઉપરાંત પ્રતિ કલાકે ૧૨ કિલોમીટરની ઝડપે ફૂંકાતા ઉત્તર-પશ્ચિમ પવનોએ પણ ઠંડીની તીવ્રતા વધારી દીધી છે. ■

# નખત્રાણાના નાની બન્ની વિસ્તારના ઢંઢ સરોવર આસપાસના જંગલોમાં દુર્લભ હિંસક પ્રાણી ‘ભગાડ’ જોવા મળ્યું



(તસવીરઃ- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ ખડીરથી ખાવડા અને અબડાસાથી આડેસર સુધી આગવી વન્યજીવ સંપદા ધરાવતા ભાતીગળ કચ્છ પ્રદેશમાં ભગાડ એટલે કે, હિંસક પ્રાણી વરુ એક દાયકા બાદ વિચરતું જોવા મળતાં પર્યાવરણ પ્રેમીઓ રોમાંચિત થાય છે. નખત્રાણા તાલુકાના નાની બન્ની વિસ્તારના ઢંઢ સરોવર આસપાસના જંગલોમાં એક વિચિત્ર રૂપમાં ભગાડ નામક હિંસક પ્રાણી વિચરતું હોવા અંગે ગામ લોકોએ જાણકારી આપી હતી. ત્યારબાદ આ નિર્જન સીમાડામાં જઈને ભારે જહેમત બાદ ફુલાય ગામના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર મુકિમ મુતવાએ તેમના કેમેરામાં આ હિંસક પશુ ભગાડને કેદ કર્યું હતું.

સામાન્ય રીતે શિયાળ-વરુ કે આફ્રિકન શ્વાન જેવા દેખાતા આ હિંસક પ્રાણીના કાન મોટા, લાંબા હોય અને પાછળના પગ પણ લાંબા હોય છે. તે અત્યંત ઝડપથી ભોજન આરોગે છે. લગભગ દોઢ દાયકા અગાઉ ફુલાયના સીમ વિસ્તારમાં ભગાડ વિચરતું જોવા મળ્યા બાદ હવે નખત્રાણાના નાની બન્ની વિસ્તારમાં તે જોવા મળ્યું છે જે સંભવત ચામડીને લગતી બીમારીથી પીડિત હોવાની શકયતા જાણીતા વાઇલ્ડલાઇફ નિરીક્ષક લિયાકતઅલી નોતિયારે વ્યક્ત કરી હતી.

સૂકા રણપ્રદેશમાં નોંધાયેલા આ દુર્લભ પશુ ભગાડની ઓળખ માટે તેના રંગ, આંખ, પગ અને ગ્રંથિ જેવા વિવિધ શારીરિક પરિબળોને આધારે ઓળખ પ્રસ્થાપિત થતી હોય છે. ગુજરાતીમાં ‘ભૂખ્યો ભગાડ’ કહેવત આ પશુ ઉપરથી બની છે તેમ જાણીતા સંશોધક સુભાષ પરમારે જણાવ્યું હતું. ■

# મોરબીના મણિમંદિરની બાજુમાં આવેલી ગેરકાયદેસર દરગાહ તોડી પડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઐતિહાસિક મણિમંદિરની બાજુમાં બનેલી અને લાંબા સમયથી કાનૂની વિવાદના કેન્દ્રમાં રહેલી એક ગેરકાયદેસર દરગાહને સ્થાનિક તંત્ર દ્વારા તોડી પાડવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સ્થાનિક લોકો લાંબા સમયથી કથિત ગેરકાયદેસર માળખાને દૂર કરવાની માગ કરી રહ્યા હતા. આ મામલો કોર્ટમાં પણ ગયો હતો અને કોર્ટે અગાઉ સ્ટે આપ્યો હતો, પરંતુ તાજેતરમાં જ સ્ટે હટાવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ, વહીવટીતંત્રે થોડા દિવસો પહેલા એક નોટિસ જારી કરીને આ માળખાને સ્વેચ્છાએ દૂર કરવા જણાવ્યું હતું. કોઈ કાર્યવાહી ન થતાં, અધિકારીઓએ મંગળવારે ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ડિમોલિશન ઝુંબેશ વહેલી સવારે શરૂ થઈ હતી. સ્થળની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, મોરબી પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વરિષ્ઠ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓને તૈનાત કર્યા હતા. જોકે આ ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ બન્યો ન હતો.

જોકે આ કાર્યવાહીથી શહેરનો મુસ્લિમ સમુદાય નારાજ થયો હતો અને અમુક મુસ્લિમો એ ડિવિઝન પોલીસ પાસે એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કર્યો હતો, પરંતુ પોલીસે સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં હોવાનું જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર ઓક્ટોબર ૨૦૨૨માં પોલીસે મોરબીમાં પ્રતિષ્ઠિત મણિમંદિરની બાજુમાં ગેરકાયદેસર રીતે દરગાહ બનાવવા બદલ જમીન કબજે કરવાના કેસમાં આરોપી મુજાવર હાશમશા જાફરશા ફકીરને અમદાવાદ એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. હેરિટેજ બચાવો સમિતિએ ગેરકાયદેસર દરગાહ ઊભી કરવા સામે અપીલ કર્યા બાદ માર્ગ અને મકાન વિભાગના અધિકારીએ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ મોરબી શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જમીન કબજે કરવા બદલ મુજાવર સામે ફરિયાદ નોંધાવી હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરની મહિલા પોલીસ કોન્સ્ટેબલ નયના બારૈયાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ શહેરની સસ્પેન્ડેડ મહિલા પોલીસ કોન્સ્ટેબલ નયના બારૈયાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ભાવનગરમાં આરોપીને પોતાના ઘરમાં રાખનાર મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાને ભાવનગરની પોલીસે મુંબઈમાંથી ધરપકડ કરી ભાવનગર લાવી હતી અને છેલ્લા નવ દિવસથી તે જેલમાં હતી.

ભાવનગર શહેરના ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી કોન્સ્ટેબલ નયના બારૈયા ના મકાનમાંથી એટ્રોસિટીના આરોપી ઝડપાયો હતા. અને દારૂની બોટલ મળી હતી.

ભાવનગરની પોલીસે આરોપીને મદદ કરવા અંગે કોન્સ્ટેબલ નયના બારૈયા ને બે નોટિસ ફટકારી હતી, પરંતુ નયના બારૈયા પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી નાખી ફરાર થઇ ગઈ હતી.

દરમિયાન ભાવનગર પોલીસને બાતમી મળી હતી કે, કોન્સ્ટેબલ નયના મુંબઈમાં છે. આથી ભાવનગરની પોલીસની ટીમ મુંબઈ રવાના થઈ હતી અને ત્યાંથી તેની ધરપકડ કરી ભાવનગર લાવી હતી.

પોલીસે કોન્સ્ટેબલ નયનાને કોર્ટમાં રજૂ કરતા કોટે તેને જેલ હવાલે કરવા હુકમ કરતા તેને જેલ ખાતે મોકલી દેવામાં આવી હતી.

દરમિયાન મહિલા પોલીસ કોન્સ્ટેબલ નયના બારૈયાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી હતી. ■

# જામનગરમાં ડબલ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું કામ પૂર્ણ થવાને આરેઃ કેન્દ્ર સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયે આપેલી માહિતી અનુસાર જામનગરમાં વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) દ્વારા સ્થાપિત ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર ખાતે માળખાકીય કામકાજ ૭૯% જેટલું પૂર્ણ થયું છે. આ માટે મંજૂર થયેલી રકમમાંથી ૪૦% ભંડોળનો ઉપયોગ ઓક્ટોબર સુધીમાં કરવામાં આવ્યો છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા સવાલના જવાબમાં આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે બાંધકામ અને વિકાસ કાર્ય સ્થિર ગતિએ ચાલી રહ્યું છે.

બદલાતા વૈશ્વિક સંદર્ભો અને ટ્રેડિશનલ મેડિસિનની વધતી માગ માટે, ડબલ્યુએચઓ ૨૦૨૨ માં ભારત સરકારના સહયોગથી ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરની સ્થાપના કરી હતી. ડબલ્યુએચઓ (હૂ)ની એકંદર ટ્રેડિશનલ મેડિસિન સ્ટ્રેટેજીના ભાગરૂપે આ સેન્ટર વૈશ્વિક સ્વાસ્થ્ય અને વિકાસમાં પરંપરાગત સ્વાસ્થ્ય પ્રણાલીઓ ના યોગદાનને શ્રેષ્ઠ બનાવવા માટે સંશોધન અને પુરાવા, જૈવવિવિધતા અને સમાનતા, અને નવીનતા અને ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેમ જવાબમાં જણાવાવમાં આવ્યું હતું. ■